રાજકોટ મહાનગરપાલિકા

અંદાજપત્ર

વર્ષ : ૨૦૧૮-૧૯

રાજકોટ મહાનગરપાલિકા

બજેટ સ્પીચ

વર્ષ : ૨૦૧૮-૧૯

રાજકોટ મહાનગરપાલિકા

અંદાજપત્ર ૨૦૧૮–૨૦૧૯

અનુક્રમણિકા

નં.	વિગત	ભાગ	પાના નં.
૧.	મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની નોંધ		૦૧ થી ૪૭
૨.	મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની દરખાસ્ત		૪૮ થી ૫૮
૩.	સ્થાયી સમિતિના ચેરમેનશ્રીની નોંધ		૫૯ થી ૬૯
૪.	સ્થાયી સમિતિનાં ઠરાવ		૭૦ થી ૮૧
૩.	કોર્પોરેશન ફંડ એકત્રીત અંદાજપત્ર		૦૧ થી ૦૨
૪.	**મહેસુલી અંદાજપત્ર**	ભાગ–૧	
	–મહેસુલી આવક અંદાજપત્ર	૧–અ	૦૩ થી ૦૮
	–મહેસુલી ખર્ચ અંદાજપત્ર	૧–બ	૦૯ થી ૩૦
૫.	**મુડી અંદાજપત્ર**	ભાગ–૨	
	–મુડી આવક અંદાજપત્ર	૧–અ	૩૧ થી ૩૩
	–મુડી ખર્ચ અંદાજપત્ર	૧–બ	૩૪ થી ૪૧
૬.	**અનામત અંદાજપત્ર**	ભાગ–૩	
	–એસ્ટાબ્લીશમેન્ટ શેડયુલ		૪૨ થી ૪૪
	–અસાધારણ દેવું અંદાજપત્ર		૪૫ થી ૪૬

રાજકોટ મહાનગરપાલિકા

અંદાજ પત્ર : ૨૦૧૮-'૧૯

પ્રાસ્તાવિક

રાજકોટ મહાનગરપાલિકાએ ગત સાલ "ઉદયમાન શહેર" એટલે કે RESURGENT CITY ની કલ્પનાને મૂર્તિમંત કરવાની અભિલાષા સાથે શહેરમાં વિકાસલક્ષી પરિવર્તન થાય એ દિશામાં ફૂચનો પ્રારંભ કર્યો હતો. હવે આ ફૂચ નિર્ણાયક વળાંક ભણી આગળ ધપી રહી છે. આ વખતનાં બજેટની થીમ **"સ્માર્ટ, લીવેબલ અને સસ્ટેનેબલ"** રહેશે. કેન્દ્ર સરકારશ્રીના "સ્માર્ટ સિટી મિશન"માં રાજકોટની ત્રીજા તબક્કામાં પસંદગી થતા મહાનગરપાલિકાને નવા બળ અને ઉત્સાહ પ્રાપ્ત થયા છે. સ્વાભાવિકરીતે જ સ્માર્ટ સિટી મિશન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાને કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી પાસેથી પણ વધારાનો આર્થિક સહયોગ પ્રાપ્ત થતો હોઈ રાજકોટની પ્રગતિને હવે પૂરક ગતિ પ્રદાન થશે. "સ્માર્ટ સિટી મિશન"માં રાજકોટનો સમાવેશ થતા જ કેન્દ્ર તરફથી તાત્કાલિક ધોરણે રૂ. ૧૯૪ કરોડની ગ્રાન્ટ ફાળવવાની મંજુરી આપી હતી. **સ્માર્ટ સિટી મિશન હેઠળના પ્રોજેક્ટના અમલીકરણ માટે મહાનગરપાલિકાએ રચેલી "રાજકોટ સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લિમિટેડ"ને પણ કેન્દ્રના કોર્પોરેટ અફેર્સ મંત્રાલયે તા.૨૧-૮-૨૦૧૭ ના રોજ રજિસ્ટર્ડ કરી** આપેલ છે. હવે આ કંપનીના નેતૃત્વ હેઠળ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનો સિલસિલો ક્રમશઃ આગળ ધપતો રહેશે.

"BE THE CHANGE YOU WANT TO SEE IN THE WORLD" રાષ્ટ્ર પિતા પૂ. મહાત્મા ગાંધી બાપુના આ શબ્દો ઈન્ફોર્મેશન ટેકનોલોજીના વર્તમાન મોડર્ન યુગમાં પણ અસરકારક અને પ્રસ્તુત પૂરવાર થઇ રહ્યા છે. એકલા હાથે ક્યારેય તાળી પડતી નથી. કોઇપણ નવા પરિવર્તન માટે સરકારશ્રીના સહયોગની સાથોસાથ શહેરના નાગરિકોની સક્રિય ભાગીદારી પણ એટલી જ આવશ્યક છે. માત્ર એટલું જ નહી દરેક નાગરિકે પોતાનાથી જ નવા પરિવર્તનનો પ્રારંભ કરવો પડશે. રાજકોટ શહેર વિકાસની નવી નવી ઉંચાઈઓ ત્યારે જ સર કરી શકશે જ્યારે સરકારશ્રી અને વહીવટી તંત્રને "સૌનો સાથ" પ્રાપ્ત થાય.

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૮-'૧૯ ના અંદાજ પત્રમાં દરેક શહેરીજનને પ્રગતિની પ્રતીતિ અને અનુભૂતિ થાય તેવું વિકાસલક્ષી આયોજન કરવા રાજકોટ મહાનગરપાલિકાનું નાણાંકીય વર્ષ ૨૦૧૮-'૧૯નું રૂ.૧૭૨૭.૫૭ કરોડનું બજેટ પ્રસ્તુત કરવાનું મને જે સદભાગ્ય પ્રાપ્ત થયું છે તેનો ખુબ આનંદ છે.

હું એવું માનું છું કે, સૌરાષ્ટ્રના પાટનગર જેવી ભૂમિકા ભજવી રહેલ રાજકોટ આજે આ વર્તુળના સીમાડા વટાવી ક્યાંય દુર પહોંચી ગયું છે. આપ સૌ વાકેફ છો કે, રાજકોટ મહાનગરપાલિકાએ શહેરને પ્રગતિશીલ

બનાવવા જે પ્રકારે પ્રયાસો કર્યા છે તેના પરિણામે રાજકોટ માત્ર સૌરાષ્ટ્ર, ગુજરાત કે ભારતમાં જ નહી પરંતુ આંતરરાષ્ટ્રીય નકશા ઉપર પણ પોતાની એક નવી ઓળખ અને પ્રતિષ્ઠા ઉભી કરી શક્યું છે. રાજકોટની ભૂમિકાનું ફલક વિસ્તર્યું છે, અને તેની જવાબદારીઓ પણ વધી છે તો બીજી તરફ લોકોની અપેક્ષાઓમાં પણ ઉતરોત્તર વધારો થઇ રહયો છે. રાજકોટ શહેરે સેવેલી RESURGENT CITY (ઉદયમાન શહેર) તરીકેની કલ્પના ક્રમશ: સાકાર થતી જોઈ શકીએ છીએ.

રાજકોટ મહાનગરપાલિકા SMART CITY પ્રોજેક્ટના માધ્યમથી રાજકોટને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સાથોસાથ શહેરની આધુનિક સુવિધાઓનું માળખું પણ વધુ ને વધુ મજબુત બનાવી શકાશે. મૂળભૂત સેવાઓ-સુવિધાઓનું માળખું મજબુત ના હોય તો અન્ય આધુનિક સેવાઓ-સુવિધાઓ આલોચનાત્મક સમીક્ષાનો વિષય બની જાય છે. આ બંને વચ્ચે યોગ્ય સંતુલન જાળવવો એક પડકાર છે. જોકે માત્ર આ કારણસર જ મોડર્ન ટેકનોલોજીથી સુસજ્જ નવી સેવાઓ-સુવિધાઓ માટે ઇન્તજાર કરતા રહેવું એ પણ ઉચિત નથી જણાતું.

રાજકોટ શહેરને RESURGENT, SUSTAINABLE અને INCLUSIVE બનાવવા માટે સમયોચિત પરિવર્તન અપનાવવાની તૈયારી સાથે મહાનગરપાલિકા આગળ ધપી રહી છે. "રંગીલું રાજકોટ" પોતાની સાંસ્કૃતિક અને સામાજિક ઓળખ બરકરાર રાખવાની સાથે એક એવું આધુનિક શહેર બને કે જ્યાં સૌની અપેક્ષા અને આકાંક્ષા ઓછા વધતા અંશે પણ સંતોષાતી હોય તેવી રાજકોટ મહાનગરપાલિકાની મહેચ્છા છે. રાજકોટના લોકોના જીવનમાં ઉત્કર્ષની નવી આશાનો સંચાર થાય અને પ્રગતિનાં નવા નવા દ્વાર ખુલે તેવો અભિગમ અપનાવવા તંત્ર ઇચ્છુક છે.

રાજકોટ શહેરના નાગરિકો પાસેથી એકત્ર થયેલ કરની આવક અને સરકારશ્રી પાસેથી પ્રાપ્ત થતી આર્થિક સહાયનો શહેરના સર્વાંગી અને સર્વસમાવેશક વિકાસમાં સદ્‌ઉપયોગ કરવામાં મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર વિશ્વાસ ધરાવે છે.

તો ચાલો બજેટની વિવિધ જોગવાઈઓ પર એક નજર ફેરવીએ.....

૧. કર પ્રસ્તાવ

૨૦૧૭-૧૮ નું વર્ષ વેરા વસુલાત શાખા માટે ખૂબજ મહત્વ નુ રહેયુ આ વર્ષે વ્યાજ માફીની યોજના ન હોવા છંતા અત્યાર સુધી માં રૂા.૧૮૦ કરોડ ની વસૂલાત કરવામાં આવી.આ વર્ષ શહેર માં ખાસ કરી ને રીયલ એસ્ટેટ માં ખુબજ મંદી હોવાના કારણે વસૂલાતમાં મૂશ્કેલી પડે છે. આમ છતાં ચાલુ વર્ષે રૂા.૨૫૦ કરોડ ની આવક થવાની આશા છે. આગામી વર્ષ માટે રૂા.૨૭૭ કરોડ નો અંદાજ રાખવામા આવેછે. ચાલુ વર્ષે દરમ્યાન અર્લી બર્ડ સ્કીમ હેઠળ એડવાન્સમાં વેરો. ૧૮૦૧૦૭ આસામીઓ એ કુલ રૂા.૧૩૧.૩૧ કરોડ ભરેલ છે. જે સાથે વળતર પેટે રૂા.૯.૦૮ કરોડ ચૂકવેલ છે.

નિયમીત કરદાતાઓને પ્રોત્સાહન મળી રહે તે માટે ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પન અર્લી બર્ડ સ્કીમ સુચવવામા આવેછે. અને મહિલા કરદાતાઓને વિષેશ ૫ % વળતર આપવાની દરખાસ્ત છે.

કોર્પોરેશન ની મિલ્કત વેરાની આવક ૧૯૯૧ માં ૭ કરોડ હતી તે છેલ્લા પચીસ વર્ષમાં ૨૦૦ કરોડ એટલે કે ૨૮ ગણી વસૂલ કરવામાં સફળ રહ્યા છીએ. જો કે રાજકોટ ની વસ્તી ૧૯૯૧ થી ૨૦૧૭ સુધી માં માત્ર ૩ ગણો જ વધારો થયેલ છે.
ગત વર્ષ દરમ્યાન કોઇપણ વેરા મા વધારો કરવામા આવેલ ન હતો છતા આયોજન મુજબ વસુલાત કરવામા આપણે સફળ રહ્યા છીએ.

૧. <u>કારપેટ એરિયા આધારીત વેરા પધ્ધતિ અંગે : -</u>

આગામી વર્ષથી કારપેટ એરિયા આધારિત પધ્ધતિ મુજબ વેરો વસૂલવામાં આવશે. અત્યાર સુધીમા ૪.૪૮ લાખ જેટલી મિલકતોના સર્વે અને માપણી ની કામગીરી પુર્ણ કરવામાં આવી છે જે પૈકી ૪.૦૦ લાખ જેટલી મિલકતોની માપણી સંબંધે રેન્ડમ ચકાસણી ની કામગીરી આપણા સ્ટાફ દ્વારા કરવાની કામગીરી પુર્ણ કરેલ છે. ૩૧ માર્ચ પહેલા આ કામગીરી પુર્ણ થવાની ધારણા છે. આ ઉપરાંત કારપેટ એરિયા આધારિત પધ્ધતિ માટેના નિયમો પણ બનાવવાની દરખાસ્ત આ સાથે અલગથી રજુ કરવામા આવી છે. કારપેટ એરિયા આધારિત પધ્ધતિ નો અમલ થતા લોકોને ન્યાય સંગત અને પારદર્શક ગણતરીનો લાભ મળશે. કોઇને અન્યાય ન થાય તે રીતે અલગ અલગ પરિબળોની કિંમત નક્કી કરવામાં આવી છે.

૨. <u>વાહન વેરા અંગે : -</u>

વર્ષ ૨૦૧૭-૧૮ મા આપણે આજીવન વાહન વેરો એડવોલેરમ પધ્ધતિ મુજબ વાહનની કિંમતના ૧% મુજબ આપણી અંદાજિત આવક નો લક્ષ્યાંક રૂા.૮.૧૫ કરોડ છે. આજ સુધીમાં રૂા.૭.૮૦ કરોડ જેટલી વસુલાત થઇ ગઇ છે અને આ વર્ષના અંતે રૂા.૧૦ કરોડ થવાનો અંદાજ છે. આ કામમા આપણને શહેરના ઓટો ડીલરો અને RTO ઓફિસનો સારો સહકાર મળેલ છે તેની પણ નોંધ લઇએ . .

આ વર્ષે શહેરમા ૫૦૦૦૦ થી વધુ વાહનોનો ઉમેરો થયો છે. વધતા વાહનોની સંખ્યા ના કારણે થતી ટ્રાફીક સમસ્યા ગંભીર થતી જાય છે. આ માટે શહેરમા નવા ૧૦ પે એન્ડ પાર્કની સગવડતા ઉભી કરવાનુ નક્કિ કરેલ છે. આ સમસ્યાના નિવારણ માટે વાહન વેરો હાલના ૧% ની જગ્યાએ ૨.૫% કરવાની દરખાસ્ત છે. જેના કારણે અંદાજે રૂા.૧૩ કરોડ ની વધારાની આવક ઉભી થશે. આ ઉપરાંત દિવ્યાંગ લોકો માટેના વાહનોને ૧૦૦% મુક્તિ આપવાનુ પણ સુચન કરેલ છે. ઇલેક્ટ્રીક વાહનો ને પણ ૧૦૦% મુક્તિ આપી આવા પ્રદુષણ મુક્ત વાહનોને પ્રોત્સાહન આપવાનુ સુચવવામાં આવેલ છે.

૩. <u>પાણી ચાર્જ અંગે :-</u>

હાલમાં પાણી ચાર્જના દર ૨૦૦૮-૦૯ ના બજેટ માંથી મંજુર થયા પ્રમાણે વસુલ કરવામાં આવે છે. શહેરને પાણી પુરુ પાડવા માટે અલગ અલગ સ્ત્રોતોથી તથા નર્મદા યોજનાનુ પાણી જંગી ખર્ચથી મેળવવામાં આવે છે. ઘણી વખત અપુરતા વરસાદના સંજોગોમાં નિયમિત પાણી વિતરણ કરવુ પડકારરૂપ હોવા છતાં ગયા વર્ષે દૈનિક ૨૦ મિનીટ પાણી વિતરણ કરેલ છે. આ માટે અલગ અલગ જળાશયોથી પંપીગ કરવા માટે ઘણો

ખર્ચ કરવો પડે છે. સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષમાં આ સંબંધે કુલ ખર્ચ રૂા.૧૧૮ કરોડ જેટલો થવાનો અંદાજ છે. હાલના પાણીના દર મુજબ ગણતરી કરીએ તો માત્ર ૨૭% જેટલી જ વસુલાત થાયછે. સ્માર્ટ સીટી યોજના હેઠળ અલગ અલગ યોજનાઓની સહાય મેળવવાની પાત્રતા પ્રાપ્ત કરવા પાણી સંબંધે થતો મહેસુલી ખર્ચ વસૂલ કરવા જરુરી છે. આથી સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષ માટે આ મુજબ ફેરફાર સુચવવામાં આવે છે.

રહેણાંકના અડધા ઇંચ ના કનેકશન માં પાણી વેરાના દર હાલના રૂપિયા ૮૪૦ ની જગ્યાએ ૧૬૮૦ અને બિન રહેણાંકના દર હાલના રૂપિયા ૧૬૮૦ થી વધારી ૩૩૬૦ કરવાનુ સુચન કરવામાં આવે છે. જેના પરિણામે વોટર ચાર્જની આવક ૩૨ કરોડથી વધીને ૬૪ કરોડ જેટલી થશે. આમ છતાં વાર્ષિક ૧૧૮ કરોડ ના ખર્ચને ધ્યાને લેતા હજુ ૪૭.૫% જેટલી સબસીડી થાય છે.

૪. ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ અંગે :-

ગતવર્ષે શરૂ કરવામાં આવેલ ગાર્બેજ કલેક્શન ચાર્જમા લોકો સફાઇ બાબતમા વધુ જાગ્રત બન્યા છે સને ૨૦૧૮ -૨૦૧૯ ના વર્ષ માટે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ યથાવત રાખવાનુ સુચવવામાં આવેલ છે.

૫. ડીજીટલ પેમેન્ટ અંગે :-

તાજેતરમાં ભારત સરકારે કાળા નાણાંને ડામવા સમગ્ર દેશમાં રોકડ લેવડ-દેવડની જગ્યાએ કેશલેસ/ઇલેક્ટ્રોનિક લેવડ-દેવડને પ્રોત્સાહિત કરવાના પ્રયત્નો શરૂ કરવામાં આવેલ છે. હાલ કુલ આવકના ૨૦ % થી વધારે રકમ ડિજિટલ માધ્યમથી આવે છે. ભવિષ્યમાં ડિજિટલ ઉપયોગનો વ્યાપ વધે તે માટે તમામ WALLETS નો ઉમેરો કરી કરદાતાઓની સવલતમાં વધારો કરવામાં આવશે. આ બાબતમા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ મિલકતધારકોને ઇન્ટરનેટના માધ્યમથી કે કોઇપણ પ્રકારના ડીજીટલ ટ્રાન્જેકશનથી વેરો ભરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે તે જરૂરી છે. રૂા.૧૦૦૦૦ સુધી રકમના ૧% , રૂા.૧૦૦૦૦ થી ૧ લાખ સુધીની રકમના ૦.૫% અને રૂા.૧ લાખથી વધુની રકમના ૦.૨૫% વળતર અને ઓછામાં ઓછુ રૂા.૫૦ વળતર આપવા દરખાસ્ત છે.

૬. અર્લી બર્ડ ડીસ્કાઉંટ અંગે :-

નિયમિત કરદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે આગાઉના વર્ષોની જેમ આ વર્ષે પણ ૧૦% અને ૫% અનુકમે મે અને જુન મહીનામાં વેરો ભરનારને વળતર આપવામાં આવશે. મહિલા કરદાતાઓને વધારાનુ ૫% વળતર આપવાની દરખાસ્ત છે.

❖ મ્યુનિસિપલ બોન્ડ

માત્ર રાજકોટ મહાનગરપાલિકાની આવકમાં વધારો કરવા માટે જ નહી, પરંતુ નાગરિકોમાં પણ શહેરની વિકાસ પ્રક્રિયામાં સહયોગી બન્યાની લાગણી જન્મે તેવા ઉમદા આશયથી ચાલુ સાલે કુલ રૂ.૫૦ કરોડના મ્યુનિસિપલ બોન્ડ ઇસ્યુ કરવાનો પ્રસ્તાવ બજેટમાં રજુ કર્યો છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે, રાજકોટવાસીઓ મ્યુનિ. તંત્રની આ નવી પહેલને ઉમળકાથી આવકારશે. મ્યુનિસિપલ બોન્ડ સ્કીમમાં ભાગ લેનારા લોકો/સંસ્થાને બદલામાં પર્યાપ્ત વળતર મળે એવી તકેદારી રાખવામાં આવેલ છે.

❖ **એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) ની લોન**

રાજકોટમાં પ્રાયોગિકરીતે 24 X 7 ધોરણે ચોવીસે કલાક પીવાના પાણીનું વિતરણ કરવાના પ્રોજેક્ટ માટે એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB) દ્વારા રૂા. 300 કરોડનો પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ છે. જે પૈકી ચાલુ વર્ષે રૂા.૧૦૦ કરોડનો ખર્ચનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટમાં પ્રથમ તબક્કે વેસ્ટ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૧,૮,૯,૧૦,૧૧, અને ૧૨ મા કુલ ૪૫,૦૦૦ ઘરમાં ચોવિસે કલાક પાણીની સુવિધા ઉપલબ્ધ બનશે.

૨. નાણાંકીય આયોજન

(રકમ રૂા. લાખમાં)				કમિશનરશ્રી એ સુચવેલ	
વિગત	૨૦૧૪-૧૫ ખરેખર	૨૦૧૫-૧૬ ખરેખર	૨૦૧૬-૧૭ ખરેખર	૨૦૧૭-૧૮ રીવાઈઝ	૨૦૧૮-૧૯ અંદાજ
રેવન્યુ બજેટ	૩૬૯૧૪.૬૯	૪૪૮૬૪.૩૯	૪૮૦૩૬.૦૫	૬૧૬૯૮.૪૪	૬૫૮૬૪.૮૧
કેપીટલ બજેટ	૪૭૭૪૯.૦૯	૫૩૫૪૧.૪૫	૪૭૩૮૬.૩૮	૫૪૬૧૯.૭૩	૧૦૩૪૧૬.૬૬
અનામત બજેટ	૫૨૯૯.૮૫	૨૦૯૫.૭૯	૧૯૫૫.૭૭	૩૮૨૦.૦૭	૩૪૭૬.૧૦
કુલઃ	૮૯૯૬૩.૬૩	૧૦૦૫૦૧.૬૩	૯૭૩૭૮.૨૦	૧૨૦૧૩૮.૨૪	૧૭૨૭૫૭.૫૭

				કમિશનરશ્રી એ સુચવેલ	
હિસાબી સદર	ખરેખર			સુધારેલ અંદાજ	અંદાજ
	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૨૦૧૬-૧૭	૨૦૧૭-૧૮	૨૦૧૮-૧૯
પુરાંત બાકી	૧૩૮૭૪.૦૬	૧૨૦૮૭.૬૬	૨૧૫૨૧.૫૨	૨૫૮૧૬.૬૦	૧૫૨૬૮.૪૧
મહેસુલી આવક	૪૨૩૬૯.૭૭	૪૮૨૨૯.૨૮	૫૪૩૫૯.૧૧	૬૧૮૧૯.૧૪	૬૩૩૨૮.૫૭
મુડી આવક	૪૦૫૦૭.૬૧	૫૯૬૧૦.૪૨	૪૫૩૫૮.૪૦	૪૩૯૫૦.૮૪	૭૪૭૬૧.૦૬
લોન આવક	0.00	0.00	0.00	0.00	૧૨૦૦૦.૦૦
કુલ આવક	૮૨૮૭૭.૩૮	૧૦૭૮૩૯.૭૦	૯૯૭૧૭.૫૧	૧૦૫૭૬૯.૯૮	૧૫૦૦૮૯.૬૩
સિલકસહ આવક	૯૬૭૫૧.૪૪	૧૧૯૯૨૭.૩૬	૧૨૧૨૩૯.૦૩	૧૩૧૫૮૬.૫૮	૧૬૫૩૫૮.૦૪
મહેસુલી ખર્ચ	૩૬૯૧૪.૬૯	૪૪૮૬૪.૩૯	૪૮૦૩૬.૦૫	૬૧૬૯૮.૪૪	૬૫૮૬૪.૮૧

મુડી ખર્ચ	૪૭૭૪૯.૦૯	૫૩૫૪૧.૪૫	૪૭૩૮૬.૩૮	૫૪૬૧૯.૭૩	૧૦૩૪૧૬.૬૬
કુલ ખર્ચ	૮૪૬૬૩.૭૮	૯૮૪૦૫.૮૪	૯૫૪૨૨.૪૩	૧૧૬૩૧૮.૧૭	૧૬૯૨૮૧.૪૭
સિલક બાકી	૧૨૦૮૭.૬૬	૨૧૫૨૧.૫૨	૨૫૮૧૬.૬૦	૧૫૨૬૮.૪૧	-૩૯૨૩.૪૩
સુચિત કરવેરા આવક	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૪૪૦૦.૦૦
સુધારેલ સિલક	૧૨૦૮૭.૬૬	૨૧૫૨૧.૫૨	૨૫૮૧૬.૬૦	૧૫૨૬૮.૪૧	૪૭૬.૫૭
અનામત આવક	૭૦૧૩.૫૯	૪૨૨૭.૨૩	૪૩૭૮.૯૮	૩૮૦૫.૬૫	૫૧૫૮.૧૫
અનામત જાવક	૫૨૯૯.૮૫	૨૦૯૫.૭૯	૧૯૫૫.૭૭	૩૮૨૦.૦૭	૩૪૭૬.૧૦
સિલક	૧૯૨૦૪.૬૦	૨૧૩૩૬.૦૪	૨૩૭૫૯.૨૫	૨૩૭૪૪.૮૩	૨૫૪૨૬.૮૮

રાજકોટ મહાનગરપાલિકાનું દેવું

રકમ રૂા. લાખમાં

અનુ. નં.	લોનની વિગત		૦૧-૦૪-૧૭ ની ખુલતી સિલક	વર્ષ દરમ્યાન આવેલ લોન	કુલ લોન	વર્ષ દરમ્યાન લોનની પરત ચુકવણી	૩૧-૦૩-૧૮ ના લોન બાકી
૧	રાજય સરકારશ્રી						
	૧) જી.એસ.ડી.એમ.એ.	(૨૭૬૧)	૪૦૦.૪૨	૦.૦૦	૪૦૦.૪૨	૪૧.૩૮	૩૫૯.૦૪
	રાજય સરકારશ્રી કુલ		૪૦૦.૪૨	૦.૦૦	૪૦૦.૪૨	૪૧.૩૮	૩૫૯.૦૪
	કુલ લોન (રેગ્યુલર)		૪૦૦.૪૨	૦.૦૦	૪૦૦.૪૨	૪૧.૩૮	૩૫૯.૦૪
૨	રાજય સરકારશ્રી (વિશ્વ બેંક)		૫૪૩.૦૦		૫૪૩.૦૦		૫૪૩.૦૦
૩	૮૬-૮૭ની અછત લોન (રાજય સરકાર)		૧૭૧૫.૩૪		૧૭૧૫.૩૪		૧૭૧૫.૩૪
	કુલ લોન (ડીસ્પ્યુટેડ)		૨૨૫૮.૩૪	૦.૦૦	૨૨૫૮.૩૪	૦.૦૦	૨૨૫૮.૩૪
	કુલ દેવું		૨૬૫૮.૭૬	૦.૦૦	૨૬૫૮.૭૬	૪૧.૩૮	૨૬૧૭.૩૮

અનિર્ણીત જવાબદારીઓ

વિશ્વબેંક તરફથી રાજય સરકારશ્રી દ્વારા પાણી પુરવઠા બોર્ડને મળેલ રૂા. ૫૪૩ લાખની તેમજ ૧૯૮૬-૮૭ની અછતમાં પાણીની કટોકટી વખતે ટ્રેઈન દ્વારા રાજય સરકારે પાણી પૂરૂં પાડેલ તેનાં રૂા. ૧૭૧૫.૩૪ લાખની રકમ વિવાદમાં છે. આ રકમને ગ્રાંટ તરીકે ગણવા અંગે સરકારશ્રી સાથે યોગ્ય રજૂઆત ચાલુ છે.

➢ *આર્થિક સુધારણા :*

રાજકોટ મહાનગરપાલિકાનું કાર્યક્ષેત્ર જેમ જેમ વિસ્તરતું જઈ રહયું છે તેમ તેમ વહીવટી તંત્રની આર્થિક સુસજ્જતા પણ જળવાઈ રહે તેવા હેતુથી વખતો વખત આવશ્યક એવા આર્થિક સુધારાઓ કરવામાં આવતા રહે છે. હાલ રાજકોટ શહેર "સ્માર્ટ સિટી" બનવા ભણી આગળ ધપી રહયું છે ત્યારે મહાનગરપાલિકાએ નીચે દર્શાવેલ કેટલાક મહત્વપૂર્ણ પગલાંઓ લેવાનું ઉચિત સમજેલ છે.

- કાર્પેટ ટેક્ષ પદ્ધતિ
- મ્યુનિસિપલ બોન્ડ :
- એ.ડી.બી. લોન
- ક્રેડિટ રેટિંગની પ્રક્રિયા

➢ *વહીવટી સુધારણા :*

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને સરળતાથી વિવિધ સેવાઓ પ્રાપ્ત થાય તેવા આશયથી સમયાનુસાર ઉચિત વહીવટી સુધારાઓ અમલમાં મુકવામાં આવતા હોય છે. આગામી વર્ષમાં શહેરની તમામ મિલકતોનું પ્રોપર્ટી ટેક્સ સાથે સંકલન સાધવા તેમજ અન્ય સુવિધાઓનું સંકલન કરવા G.I.S./E.R.P. સંબંધી કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

- G.I.S./E.R.P.

  રાજકોટ મહાનગરપાલિકા દ્વારા GIS ના માધ્યમથી કાર્પેટ એરિયા ટેક્ષ સિસ્ટમ એકચ્યુરેટ થશે. તથા તમામ ડિપાર્ટમેન્ટની કોર અને નોન કોર એક્ટીવીટીની સંપૂર્ણ સૂઆયોજીત, સમયસર અને પારદર્શક E.R.P. મારફત બનશે તેમજ મહાનગરપાલિકાની તમામ યુટીલીટી નું મોનિટરીંગ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર દ્વારા અને M.I.S. થી શક્ય બનશે.

- વોર્ડ ઓફિસે જન્મ નોંધણી પ્રમાણપત્ર

➢ *NEW INITIATIVES - ડસ્ટ ફ્રી રોડ/સ્માર્ટ રોડ :*

આગામી નાણાંકીય વર્ષમાં મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન અને સ્માર્ટ સિટી મિશન હેઠળ શહેરમાં *ડસ્ટ ફ્રી રોડ/સ્માર્ટ રોડ* નો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

➢ *TRAFFIC :*

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને સરળ વાહનવ્યવહારનો અવકાશ પ્રદાન કરવા જરૂરિયાત મુજબ પગલાંઓ લેવામાં આવી રહયા છે. આગામી નાણાંકીય વર્ષમાં જે કેટલાક પગલાં લેવામાં આવનાર છે તેની એક ઝલક અત્રે પ્રસ્તુત છે.

- વોંકળા રિ-ડેવલપમેન્ટ
- અન્ડર બ્રિજ / ઓવર બ્રિજ

- કે.કે.વી. ચોક થી મોટા મવા સુધી લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ
- નવા ટી.પી. રોડ

૩. સ્માર્ટ સિટી મિશન

ભારત સરકારશ્રીનાં શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્માર્ટ સિટી મિશન અન્વયે તા.૨૩/૦૬/૨૦૧૭ના રોજ જાહેર કરાયેલા વધુ ૩૦ શહેરોની યાદીમાં રાજકોટ શહેરનો સમાવેશ થયેલ છે. સ્માર્ટ સીટી પ્રોજેક્ટને વિના વિલંબે ત્વરીત અમલમાં મુકી શકાય તે માટે Special Purpose Vehicle (SPV)ની તાત્કાલિક રચના કરવામાં આવી હતી.

❖ **રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લી.** *(રાજકોટ મહાનગરપાલિકાની પેટા કંપની)*

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરતા ભારત સરકારશ્રી દ્વારા તા.૨૧/૦૮/૨૦૧૭નાં રોજ આ પ્રસ્તાવ મંજુર કરીને, "રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.(RSCDL)"ને લીમીટેડ કંપની તરીકે રજીસ્ટર/ઇનકોર્પોરેશન જાહેર કરવામાં આવેલ. સ્માર્ટ સીટી અંતર્ગતના તમામ પ્રોજેકટનું અમલીકરણ રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.(RSCDL) દ્વારા કરવામાં આવનાર છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં મુખ્ય બે કંમ્પોનેન્ટ છે. (૧) એરીયા બેઇઝ્ડ ડેવલપમેન્ટ (ABD) અને (૨) પાન સિટી સ્માર્ટ સોલ્યુશનનો સમાવેશ કરવામાં આવેલ છે. એરીયા બેઇઝ્ડ ડેવલપમેન્ટ અંતર્ગત થનાર કુલ ખર્ચ રૂ. ૨૧૭૭.૪૬ કરોડ જ્યારે પાન સીટી સ્માર્ટ સોલ્યુશન અંતર્ગત થનાર કુલ ખર્ચ રૂ. ૪૪૫.૫૫ કરોડ અંદાજવામાં આવેલ છે. ABD તથા Pan City બન્નેનો કુલ ખર્ચ ૨૬૨૩.૦૧ કરોડ અંદાજવામાં આવેલ છે.

➢ **<u>એરીયા બેઇઝ્ડ ડેવલપમેન્ટ (ABD) હેઠળ સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્માર્ટ કંપોનેન્ટ</u>**

એરીયા બેઇઝ્ડ ડેવલપમેન્ટ (ABD)માં ગ્રીન ફીલ્ડ ડેવલપમેન્ટનું આયોજન કરવામાં આવેલ છે, જેમા વૈશ્વિક સ્તરની આધુનિક ટેક્નોલોજીથી સજ્જ વિશિષ્ટ પ્રકારની સુવિધાઓ વિકસાવવાનું આયોજન હાથ ધરેલ છે. અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇન્ફોર્મેશન & કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT) નો સમાવેશ કરવામાં આવનાર છે. જેમા નીચે મુજબનાં સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્માર્ટ કંપોનન્ટને આવરી લીધેલ છે.

ક્રમ	વિગત	કુલ ખર્ચ) રૂ .કરોડમાં(
૧	વિશ્વ કક્ષાનું રમત-ગમત કોમ્પ્લેક્ષ ઈન્ડોર તથા આઉટડોર સ્ટેડીયમ સાથે	૨૪૦
૨	મેનેજમેન્ટ કન્વેન્શન સેન્ટર	૧૪૦
૩	નવું ઈન્ટીગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર	૨૪
૪	ત્રણ તળાવોનું એકબીજા સાથે જોડાણ મનોરંજન ઉદ્યાન સાથે કાયાકલ્પ .	૯૭
૫	૩૯ કી.મી .સાયકલ ટ્રેક અને બી.આર.ટી.એસ .	૨૪
૬	૨ મેગા વોટ ક્ષમતાનો પાવર પ્લાન્ટ	૩૧
૭	સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર	૧૦
૮	સ્માર્ટ રોડ ઈન્ફ્રાસ્ટ્રકચર	૧૯૨
૯	પ્રોજેક્ટ સક્ષમ રાજકોટ :નવું રેન બસેરા શાળા નં.૧૦, હોસ્પિટલ ચોક ખાતે સ્માર્ટ સિટી વિસ્તારમાં	૧૬
૧૦	ઉદ્યાનો અને બગીચાઓ	૬૦

સ્માર્ટ સીટી મિશન અંતર્ગતનાં ઉક્ત (ગ્રીન ફીલ્ડ ડેવલપમેન્ટ-ન્યુ રેસકોર્ષ) પ્રોજેક્ટનું ચોક્કસ અને પધ્ધતિસરનું તબક્કાવાર ડીટેઇલ્ડ પ્લાનિંગ તથા સમયસર અમલીકરણ થાય તે ખુબ જ જરૂરી હોય, ગ્રીન ફીલ્ડ ડેવલપમેન્ટ-ન્યુ રેષકોર્ષ માટે અલગથી ખાસ પ્રકારની ટાઉન પ્લાનિંગ સ્કીમ તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇન્ફોર્મેશન & કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT)નો સમાવેશ કરવાનાં હેતુસર માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે એજન્સીઓ પાસેથી ધોરણસર ટેન્ડર પ્રક્રિયા કરીને ઓફરો મંગાવવામાં આવેલ છે.

➢ પાન સીટી સ્માર્ટ સોલ્યુશન

ક્રમ નં.	વિગત	કુલ ખર્ચ (રૂ. કરોડમાં)
૧	પબ્લિક એડ્રેસ સિસ્ટમ	૦.૫૬
૨	ATCS	૧૪.૯૯
૩	ITMS – PIS , સ્માર્ટ બસ સ્ટોપસ	૧૩.૫૫
૪	ડેટા સેન્ટર	૧૯.૯૭
૫	કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર	૩.૦૯
૬	કમાન્ડ કન્ટ્રોલ સેન્ટરનું જુદા જુદા વિભાગ સાથે જોડાણ	૧.૭૩
૭	સ્માર્ટ પાર્કિંગ	૨.૫૨
૮	જી.આઈ.એસ.	૧૨.૮૦
૯	ERP સોફ્ટવેર	૨૦.૦૫
૧૦	રાજકોટ મિત્ર કાર્ડ	જન ભાગીદારીથી
૧૧	પ્રોજેક્ટ ઉડાન (રાજકોટ આજીવિકા અને વ્યવસાય પોર્ટલ)	૧.૫

- પબ્લિક એડ્રેસ સિસ્ટમ રૂ. ૫૬ લાખ, ઓટોમેટીક ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ રૂ. ૧૭.૧ કરોડના ખર્ચે ૪૫ જંકશન ઉપર કરવામાં આવશે.
- ઇન્ટીગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ, સોલાર લાઈટીંગ, સીસીટીવી કેમેરા વગેરેનું આયોજન પણ કરવામાં આવેલ છે.

PHASE-II

જ્યારે રાજકોટ EYE WAY પ્રોજેકટ અંતર્ગત બીજા તબક્કાની કામગીરી ચાલુ છે. જ્યારે આગામી વર્ષમાં એન્ટરપ્રાઇઝ રીસોર્સ પ્લાનિંગ (ERP), જીયોગ્રાફીકલ ઇન્ફોર્મેશન સીસ્ટમ (GIS), ઇન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટોલ સેન્ટર (ICCC) તથા ઇન્ફોરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી આધારીત અર્બન મોબીલીટીનાં પ્રોજેક્ટો અમલમાં મુકવામાં આવશે. જેના માટે આશરે રૂ.૫૬.૯૨ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

- GIS – ERP INTIGRATION :

જી.આઇ.એસ. પ્રોજેક્ટ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા આધારીત મિલ્કતો તથા માળખાકીય સુવિધાઓનું વ્યવસ્થાપનનાં માધ્યમથી શહેરમાં કુલ કેટલી મિલ્કતો આવેલ છે અને કેટલી નોંધાયેલ છે તેની

માહિતી મેળવી શકાશે તથા તે પ્રમાણે વેરા વસુલાત કરી શકાશે. તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતી માળખાકીય સુવિધાઓનું સંકલન તથા મોનીટરીંગ કરી શકાશે.

- એન્ટરપ્રાઇઝ રીસોર્સ પ્લાનિંગ (ERP) પ્રોજેક્ટ દ્વારા નાણાંકીય અને હિસાબી વ્યવહાર, ઇન્વેન્ટરી મેનેજમેન્ટ, માનવ સંશાધન અને પેરોલ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ, મિલ્કતોનું વ્યવસ્થાપન, નાગરીક સેવાઓને ઇન્ટરનેટનાં માધ્યમથી ઓન લાઇન કરી શકાશે તથા રાજકોટ મહાનગરપાલિકાનાં જુદા જુદા વિભાગોનાં રેકર્ડ સ્કેન કરી સોફ્ટ કોપી તરીકે જાળવણી કરી શકાશે.

➢ ઇ-ગવર્નન્સ

ઇ-ગવર્નન્સના વ્યાપના વધારા સાથે નાગરિકોને વધુ સારી સેવા મળી રહે તે માટે તેમજ વધતા જતા શહેરીકરણથી ઉદ્ભવતા પડકારો અને વહીવટી જરૂરિયાતોનુ મહાનગરપાલિકા દ્વારા નિરાકરણ કરવા, વહીવટમાં સરળતા, ઝડપ અને પારદર્શિતા આવે તે માટેઆઇટી ઇનેબલ્ડ રાજકોટ બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૮ નાં બજેટમાં રાજકોટ સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ શહેરને આઇટી ઇનેબલ્ડ બનાવવામાટેની જોગવાઇ કરવામાં આવેલ છે.

❖ **<u>સેઇફ એન્ડ સીક્યોર કનેક્ટેડ રાજકોટ :</u>**

રાજકોટ આઇવે પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ તબક્કામાં શહેરનાં જુદા જુદા ૧૦૭ લોકેશન પર કુલ ૫૦૦ જેટલા સીસીટીવી કેમીરા મુકવામાં આવેલ છે જેનાં મોનીટરીંગ માટે શહેરમાં ૨ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર બનાવવામાં આવેલ છે. આ પ્રોજેક્ટનાં બીજા તબક્કા અંતર્ગત પણ કુલ ૬૦૦ જેટલા કેમેરા શહેરનાં જુદા જુદા લોકેશન પર મુકવાની કામગીરીની શરૂઆત કરી દેવામાં આવેલ છે. આ પ્રોજેક્ટમાં મહાનગરપાલિકાના ૧૩ જેટલા વધારાના ડિપાર્ટમેન્ટનું પણ સંકલન કરવામાં આવશે. આ પ્રોજેક્ટ રાજકોટ શહેર પોલીસ તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સાથે મળી કામગીરી કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સમગ્ર રાજકોટમાં અંદાજીત ૨૫૦ કી.મી. ફાઇબર ઓપ્ટીક લે ડાઉન કરવામાં આવશે તેમજ રાજકોટ મહાનગરપાલિકાની તમામ ઓફીસો, વોર્ડ ઓફીસો તેમજ અન્ય ઓફીસોને હાઇ સ્પીડ નેટવર્ક વડે જોડવામાં આવશે.

❖ **<u>પબ્લીક એડ્રેસ સીસ્ટમ:</u>**

સમગ્ર શહેરમાં જુદા જુદા સ્થળોએ પબ્લીક એડ્રેસ સીસ્ટમ લગાવવામાં આવશે જેમનું મોનીટરીંગ તેમજ કન્ટ્રોલીંગ સેન્ટ્રલાઇઝ કન્ટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવશે.

❖ **<u>એલ.ઇ.ડી ડીસ્પ્લે બોર્ડ :</u>**

સમગ્ર શહેરનાં જુદા જુદા ૧૦ લોકેશન પર એલ.ઇ.ડી ડીસ્પ્લે લાગાવવામાં આવેલ છે જેનાં બીજા તબક્કામાં ૧૦ વધારાનાં એલ.ઇ.ડી ડીસ્પ્લે બોર્ડ લગાવવામાં આવશે. જેમનું મોનીટરીંગ તેમજ કન્ટ્રોલીંગ સેન્ટ્રલાઇઝ કન્ટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવશે.

❖ **ઇન્ટીગ્રેટેડ ટ્રાફીક મેનેજમેન્ટ સીસ્ટમ :**

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ઇન્ટીગ્રેટેડ ટ્રાફીક મેનેજમેન્ટ સીસ્ટમ વડે સ્માર્ટ ટ્રાફીક મેનેજમેન્ટ કરી રાજકોટની ટ્રાફીકની સમસ્યા ઉકેલવામાં આવશે. લેટેસ્ટ ટેકનોલોજીના ઉપયોગ વડે વાહન ચાલકો અને રાહદારીઓ માટે ટ્રાફિકમાં સાનુકુળતા ઉભી કરવામાં આવશે.

❖ **સ્માર્ટ આંગણવાડી :**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્માર્ટ સિટીના પાન સિટી ઇનિશિયેટિવ હેઠળ ૩૦ સ્માર્ટ આંગણવાડી તરીકે વિકસાવવનું આયોજન છે, જેને મોબાઈલ એપ., ટી.વી., સોફ્ટવેર સપોર્ટ પ્રાપ્ત થશે.

❖ **રાજકોટ મીત્ર કાર્ડ:-**

આ પોર્ટલ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ જેવી કે, સ્વિમિંગ પૂલ, લાઇબ્રેરી, ઝૂ વગેરેનો ઉપયોગ કરવા માટે રાજકોટ મીત્ર કાર્ડ કાઢાવવા માટે ઇન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) ભવિષ્યમાં મદદગાર થશે. PPP ધોરણે શરૂ થનાર આ સેવાથી તમામ યુજર ચાર્જેબલ સેવાઓની ચુકવણા માટે રાજકોટ મિત્ર કાર્ડનો ઉપયોગ કરી શકાશે.

➢ **સામાજીક આંતર માળખાકિય કામો:-**

(૧) **ગ્રામ હાટ:-**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન વેસ્ટ ઝોનમા એક ગ્રામ હાટ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે આગામી નાણાંકિય વર્ષમાં રૂા.૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ રાખવામાં આવેલ છે.

ગ્રામ હટનાં આયોજનમાં ગુજરાત રાજયની અલગ-અલગ વિસ્તારોની ભાતીગળ વસ્તુઓ ખૂબ જ વ્યાજબી ભાવે લોકોને મળી રહે, તે પ્રકારનાં સ્ટોલ બનાવવામાં આવશે. સ્ટોલનો દેખાવ પણ ગુજરાતનાં અલગ-અલગ પ્રદેશોનાં વિવિધ ગ્રામ્ય વિસ્તારોને અનુરૂપ રાખવામાં આવશે.

આ ઉપરાંત, આ ગ્રામ હટની મધ્યમાં ઓપનએર નાનું સ્ટેજ બનાવીને ગુજરાતની વિવિધ સંસ્કૃતિને અનુરૂપ લોક ગીતો, લોક નૃત્યો વિગેરે પર્ફોમન્સ લોકો માણી શકે, તે પ્રકારનું આયોજન પણ હાથ ધરવામાં આવશે. આ પ્રમાણે ગ્રામ હટથી સંસ્કૃતિનો વારસો જાળવી શકાશે.

(૨) **કોમ્યુનીટી હોલ:-**

વોર્ડ નં.-૯ તેમજ અન્ય વોર્ડ માં લગ્ન પ્રસંગો તેમજ અન્ય પ્રોગ્રામ કરવા માટે લોકોને દૂરનાં વોર્ડમાં તથા દૂર કોઇ નાના-મોટા સામુહિક પ્રસંગો કરવા માટે અન્ય જગ્યાએ ન જવું પડે તે હેતુથી વોર્ડનો વોર્ડ ઓફિસ નજીક કોમ્યુનીટી હોલ બનાવવાનું આશરે રૂા.૪.૫૦ કરોડનું વર્ષ ૨૦૧૮-૨૦૧૯નાં બજેટ નાં આયોજન કરાવેલ છે.

(૩) **રૈયા ગામ ક્રિમેટોરીયમ:-**

પશ્ચિમ ઝોન વિસ્તારનાં વોર્ડ નં.-૧, ૨, ૯ ને ધ્યાને લઇને રૈયા ગામ પાસે ક્રિમેટોરીયમનું આયોજન છે. જેમાં ૨-ઇલેકટ્રીક અને ૧-ગેસ આધારીત સ્મશાનનું આયોજન છે. તેનાંથી ઉપરોકત વોર્ડનાં લોકોને નજીકમાં જ

સુવિધા મળી રહે, તે ધ્યાને લઇને વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં બજેટમાં આયોજન કરેલ છે. જેનું અંદાજ પત્રક બનાવવાની પ્રક્રિયા ચાલુ છે. અંદાજીત ખર્ચ રૂા.૪૦૦.૦૦ લાખ થશે.

(૪) <u>રાજકોટ શહેર પશ્ચિમ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.-૧૦માં યુનિવર્સિટી રોડ લાગુ ટી.પી.સ્કીમ નં.-૨ (નાનામવા), એફ.પી.નં.-૫૧૧માં મોડલ કોમ્યુનીટી હોલ બનાવવાનું કામઃ-</u>

રાજકોટ શહેરમાં પશ્ચિમ ઝોન હેઠળનાં વિકસીત વિસ્તારમાં વોર્ડ નં.-૧૦માં લગ્ન પ્રસંગ તેમજ અન્ય શુભ પ્રસંગો માટે કોમ્યુનીટી હોલની વ્યવસ્થા ન હોવાનાં કારણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માં આધુનિક કોમ્યુનીટી હોલની સુવિધા આપવાનો નિર્ણય કરવામાં આવેલ. જે અન્વયે સંપૂર્ણ વાતાનુકુલીત અંદાજીત ૧૦૦૦ લોકોની ક્ષમતા ધરાવતો આધુનિક સુવિધાઓ સાથેનો જેમ કે દરેક ફલોર પર ડાઇનીંગ હોલ, કીચન, વોશીંગ, સર્વિસ સ્ટેઇર, સર્વિસ લીફટ, મુખ્ય લીફટ નંગ-૨, ગ્રાઉન્ડ ફલોર તેમજ સેલર પાર્કીંગ તથા શુભ પ્રસંગોએ આવતા મહેમાનોને કોમ્યુનીટી હોલમાં જ રહેવાની સુવિધા મળી રહે તે માટે ૧૬ (એ.સી./નોન-એ.સી.) ટોયલેટ-બાથ સાથેનાં રૂમ આધુનિક સવલતવાળા રૂમોનું આયોજન કરવામાં આવેલ છે. આ કામે

અંદાજીત રૂા.૯.૫૬ કરોડનો ખર્ચ થશે. વધુમાં આ કોમ્યુનીટી હોલ "ગ્રીન કન્સેપ્ટ" પર આધારીત છે. જેમાં વોટર કન્ઝર્વેશન, સોલાર સિસ્ટમ અને ગ્રીન બિલ્ડીંગનાં નોર્મસ મુજબ બાંધકામ કરવામાં આવનાર છે. હાલ બાંધકામ પ્રગતિમાં છે.

(૫) <u>મહિલા સ્વીમિંગ પુલઃ-</u>

રાજકોટ શહેરમાં અત્યારે ત્રણ સ્વીમિંગ પુલ આવેલા છે. તેમાં પુરૂષ અને સ્ત્રીઓ અને બાળકોને અલગ-અલગ શીફટમાં આ જ સ્વીમિંગ પુલોમાં સ્વીમિંગ કરે છે. જેથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.-૯માં સાધુ વાસવાણી રોડ પર મહિલા સ્વીમિંગ પુલનું વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માં આયોજન કરી કામગીરી ચાલુ કરેલ હતી. જે અત્યારે પુર્ણતાની આરે છે. રાજકોટ શહેરમાં આ પ્રથમ મહિલા સ્વીમિંગ પુલનું આયોજન કરાયેલ છે. જેનો વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માં રૂા.૨૨૨.૨૨ લાખનો ખર્ચ થશે. મહિલા સ્વીમિંગ પુલ વર્ષ ૨૦૧૮-૨૦૧૯ એપ્રિલ માસથી કાર્યરત થશે. જેમાં તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

(૬) <u>આજી રિવર ફ્રન્ટ ડેવલપ્મેન્ટઃ-</u>

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી નાણાંકિય વર્ષમાં આજી રિવર ડેવ. પ્રોજેકટના ભાગ રૂપે ફસ્ટ ફેઇઝમાં ઇન્ટરસેપ્ટીવી સીવર તથા નવા રોડ બનાવવાનું આયોજન છે આ માટે રૂા.૪.૦૦ કરોડનો ખર્ચ થવા અંદાજ છે.

(૭) <u>જ્યુબિલી શાક માર્કેટ આધુનિકરણઃ-</u>

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી નાણાંકિય વર્ષમાં પી.પી.પી. ધોરણે જ્યુબિલી શાક માર્કેટ નું આધુનિકરણ કરવામાં આવશે. આ મલ્ટીસ્ટોરી બિલ્ડીંગમાં સુવ્યવસ્થિત પાર્કિંગ સુવિધા પણ ઉપલબ્ધ બનાવવામાં આવશે.

(૮) **રેલ્વે જંકશન વિસ્તાર બ્યુટીફિકેશનઃ-**

શહેરનાં ટ્રાફિકથી ધમધમતા રેલ્વે જંકશન વિસ્તારમાં સ્માર્ટ સિટીનાં ભાગરૂપે બ્યુટીફિકેશન તથા રોડ રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

(૯) **"સત્ય પીઠ" મ્યુઝિયમઃ-**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી ની ૧૫૦મી જન્મજયંતિ પૂર્વે રાજકોટ શહેરમાં આવેલ મહાત્મા ગાંધી (આલ્ફેડ હાઈસ્કુલ) સ્કુલને ગાંધીજીનું જીવન ચરીત્ર વર્ણવતુ "મહાત્મા ગાંધી અનુભુતિ કેન્દ્ર"- મ્યુઝીયમ બનાવવાની કામગીરી પણ હાથ ધરેલ છે. ૪૨ રૂમ ધરાવતા આ વિશાળ સંકુલમાં ઓડિયો વિઝ્યુઅલ સિસ્ટમ સાથે ગાંધીજીના જીવન ચરીત્ર તથા ૧૧ સિધ્ધાંતો ઉપરાંત તેમના જીવનમાં બનેલી ઘટનાઓ અને તેના પ્રભાવ પર આ પરિવેષણ કરવામાં આવશે. સેન્ટ્રલ કોર્ટ યાર્ડમાં ૧૩૦ ફુટ x ૪૮ ફુટની વિશાળ જગ્યામાં પ્રોજેક્શનની વ્યવસ્થા કરવામાં આવશે.

➢ ભૌતિક આંતર માળખાકિય સુવિધાઃ-

(૧) **નં.-૧૧માં નવી ટી.પી. યુનિટની ઓફિસનું બાંધકામ કરવાનું કામઃ-**

રાજકોટ શહેરનાં વિવિધ વિસ્તારોમાં રસ્તા તથા રીઝર્વેશન પ્લોટનું સુઘડ આયોજન કરવા માટે ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા તૈયાર કરવામાં આવતી જુદી-જુદી ટી.પી.સ્કીમો મંજુરી અર્થે સરકારશ્રીમાં મોકલવામાં આવતી હોય છે. ટી.પી.સ્કીમ તૈયાર કરવાની પ્રક્રિયા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તેમજ મંજુર કરવાની પ્રક્રિયા સરકારશ્રી નિયુકત ટાઉન પ્લાનીંગ ઓફિસરશ્રી દ્વારા કરવામાં આવતી હોય છે. આ બંને પ્રક્રિયાઓ માટે અલાયદુ યુનિટ ખૂબ જ જરૂરી હોય, ટાઉન પ્લાનીંગ શાખાની રજુઆત અન્વયે વોર્ડ નં.-૧૧માં નાનામવા ચોક પાસે આવેલ સિલ્વર હાઇટસની પાછળનાં પોસ વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.-૭ (નાનામવા) નાં રહેણાંક હેતુનાં અનામત પ્લોટમાં નવી સેલર પાર્કિંગ સુવિધા સાથેની પાંચ માળની ટી.પી. યુનિટની ઓફિસ અંદાજીત રૂા.૭૦૦.૦૦ લાખનાં ખર્ચે બનાવવાનું તબકકાવાર આયોજન છે. જે પૈકી વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન તૈયાર કરવામાં આવનાર ઓફિસનો ખર્ચ રૂા.૪૦૦.૦૦ લાખ અંદાજવામાં આવેલ છે.

- **નાના મવા ખાતે સ્પોર્ટસ સેન્ટર માટેની ટેન્ડર પ્રક્રિયા આ વર્ષમાં જ શરૂ થઇ જશે.**

❖ સ્ટોર્મ વોટર પ્રોજેકટઃ-

(૧) **વોર્ડ નં.-૯માં નાગરિક બેંક થી રાવલનગર સુધી સ્ટ્રોમ વોટર લાઇનઃ-**

વોર્ડ નં.-૯માં ૧૫૦ ફુટ રીંગ રોડ નાગરીક બેંક સામે રાવલનગર થી રૂડા સ્ટોરવાળા રોડ પર ચોમાસા દરમ્યાન વધુ વરસાદ હોય ત્યારે આ ટી.પી. રોડ પર બે થી અઢી ફુટ જેવું પાણી વહેતું હોય છે. અને ચોમાસા દરમ્યાન અહિં આ રોડની આજુ-બાજુની ઘણી સોસયટીઓનાં રહીશોને ઘરની બહાર નીકળવામાં ખૂબ જ મુશ્કેલી પડતી હોય છે. તો આ પરાવાર મુશ્કેલીઓનું નિરાકરણ આવી શકે તે હેતુથી ૧૫૦ ફુટ રીંગ રોડ રાવલનગર થી રૈયા ગામ સુધી આશરે ૨.૫ કિ.મી. સ્ટ્રોમ વોટર લાઇનનું વર્ષ ૨૦૧૮-૨૦૧૯ નાં વર્ષમાં રૂા.૨.૦૦

કરોડનાં ખર્ચે આયોજન કરાવેલ છે. જે આ કામથી ચોમાસામાં ટી.પી. રોડ તેમજ આજુ-બાજુની સોસાયટીનાં રહીશોને આ મુશ્કેલીમાંથી ઉગારી શકાય.

(૨) <u>વોર્ડ નં.-૧૧માં ટી.પી.સ્કીમ નં.-૨૬, ૨૭ અને ૨૮માં નવી સ્ટ્રોમ વોટર ડ્રેનેજનું કામઃ-</u>

વોર્ડ નં.-૧૧માં અંબિકા ટાઉનશીપ તથા તેની આસપાસનો વિકાસશીલ ટી.પી.સ્કીમ નં.-૨૬, ૨૭ અને ૨૮માં આગોતરૂં આયોજન થાય તે મુજબ આ ટી.પી.સ્કીમોમાં આવેલ હૈયાત વોટર-વે ઉપર ૧૫.૦૦ મી., ૧૮.૦૦ મી. તેમજ ૨૪.૦૦ મી.નાં ટી.પી.રોડ મંજુર કરવામાં આવેલ છે. તેનાં કારણે જરૂરી વરસાદી પાણીનાં યોગ્ય નિકાલ માટે આ ટી.પી. રોડને પેરલલ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ તૈયાર કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ માટે સરકારશ્રીની અમૃત મિશન યોજના અંતર્ગત ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા માન્ય કરવામાં આવેલ કન્સલટન્ટશ્રી ટાટા કન્સલ્ટીંગ એન્જીનીયર્સ પાસે ડી.પી.આર. તૈયાર કરવાની પ્રક્રિયા અંતિમ તબકકામાં છે. આ કામનું અંદાજીત ખર્ચ રૂા.૯૯૦.૦૦ લાખ થનાર છે. જે પૈકી આગામી વર્ષ દરમ્યાન રૂા.૫૦૦.૦૦ લાખનું ખર્ચ થવા સંભવ છે.

(૩) <u>વોર્ડ નં.-૧૨માં નંદનવર-૨ ચોક થી સંકસ્કાર હાઇટસને લાગુ વિસ્તારોનાં વરસાદી પાણીનાં નિકાલ માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઇનઃ-</u>

વોર્ડ નં.-૧૨નાં સાકરીયા બાલાજી ચોક થી પુનિતનગર ૮૦ ફુટને રોડને જોડતાં મુખ્ય રસ્તા પર આવેલ નંદનવન-૨નાં ચોક થી સંસ્કાર હાઇટસને લાગુ વિસ્તારોનાં વરસાદી પાણીનાં નિકાલની સમસ્યાને હલ કરવા માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઇનનાં કામનું આયોજન કરવામાં આવેલ છે. આ સિવાય બીજા સંલગ્ન વિસ્તારો માટે જરૂર જણાયે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઇન નાંખવાનું પણ આયોજન હાથ ધરેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૧.૪૦ કરોડનો બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે.

❖ <u>સિમેન્ટ કોંક્રીટ રોડઃ-</u>

(૧) <u>વોર્ડ નં.-૧૧માં મવડી સ્વામિ નારાયણ ગુરૂકુળ પાસેનો રોડ સી.સી. રસ્તો બનાવવાનું કામઃ-</u>

વોર્ડ નં.-૧૧માં મવડી વિસ્તારમાં બાપાસીતારામ ચોક થી સ્વામિનારાયણ ગુરૂકુળ સુધીનાં વોંકળામાં ટી.પી.સ્કીમ નં.-૨૧ મુજબ દર્શાવવામાં આવેલ ૧૨.૦૦ મી. ટી.પી.રોડને સી.સી. રોડ કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૩૩૨.૦૦ લાખ થાય છે. તેની ટેન્ડર પ્રક્રિયા પ્રગતિમાં છે. જે પૂર્ણ થયેથી કામગીરી શરૂ કરવામાં આવશે. જેમાં સી.સી. રોડ ઉપરાંત સ્ટ્રોમ વોટર ડ્રેઇન તેમજ તમામ અન્ડર ગ્રાઉન્ડ યુટીલીટી માટે અન્ડર ગ્રાઉન્ડ ડકટની વ્યવસ્થા રાખવામાં આવશે. આ કામ થવાથી ચોમાસાની ઋતુ દરમ્યાન આ વિસ્તારમાં લોકોનાં ઘરમાં પાણી ભરાવાની સમસ્યાનો હલ થશે. ઉપરાંત હાલ વોંકળો હોવાથી ખૂબ જ ગંદકી તથા કાચો રોડ હોય, વાહન વ્યવહાર માટે અનુકુળ નથી. જે સમસ્યાનો પણ અંત આવશે. તેમજ આપ્રોજેકટથી અંદાજીત ૧૦ હજાર લોકોને લાભ થશે.

(૨) **વોર્ડ નં.-૧૨માં મવડી વિસ્તારમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ ઉમિયા ચોક થી બાપાસીતારામ ચોક સુધી સિમેન્ટ કોંક્રીટ રોડઃ-**

વોર્ડ નં.-૧૨નાં ઉમિયા ચોક થી બાપાસીતારામ ચોક તથા ગોકુલધામ ગેઇટ થી ઉમિયા ચોક સુધીનાં મુખ્ય રસ્તા પર ચોમાસાની ઋતુ દરમ્યાન સદર રસ્તા પર વરસાદી પાણી ભરાવાનાં પ્રશ્નનાં નિકાલ અન્વયે બે તબકકામાં સિમેન્ટ કોંક્રીટ રોડ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે અંદાજીત ખર્ચ રૂા.૫.૧૫ કરોડનાં ખર્ચે બજેટમાં આયોજન કરવામાં આવેલ છે.

❖ **ડ્રેનેજઃ-**

(૧) **ટી.પી. સ્કીમ નં.-૨૬, ૨૭ અને ૨૮માં નવું ડ્રેનેજ નેટવર્ક તથા નવું વોટર સપ્લાય નેટવર્ક તૈયાર કરવાનું કામઃ-**

વોર્ડ નં.-૧૧માં અંબિકા ટાઉનશીપ તથા તેની આસપાસનો વિકાસશીલ ટી.પી.સ્કીમ નં.-૨૬, ૨૭ અને ૨૮માં આગોતરૂં આયોજન થાય તે મુજબ આ સમગ્ર વિસ્તારમાં નવું ડી.આઇ. પાઇપ લાઇન નેટવર્ક તૈયાર કરવા માટે તેમજ બાકી રહેતા વિસ્તારોમાં ઘટતું ડ્રેનેજ નેટવર્ક પૂર્ણ કરવા આયોજન હાથ ધરવામાં આવેલ છે. વોટર સપ્લાય માટે સરકારશ્રીની અમૃત મિશન યોજના અંતર્ગત ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા માન્ય કરવામાં આવેલ કન્સલટન્ટશ્રી ટાટા કન્સલ્ટીંગ એન્જીનીયર્સ પાસે ડી.પી.આર. તૈયાર કરાવી સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરાયેલ છે. ડ્રેનેજ નેટવર્ક માટે શ્રી મલ્ટી મીડીયા કન્સલ્ટન્ટ પાસે ડી.પી.આર. તૈયાર કરવાની કામગીરી અંતિમ તબકકામાં છે. આ કામે વોટર સપ્લાય માટે અંદાજીત ખર્ચ રૂા.૧૫૧૦.૦૦ લાખ તથા ડ્રેનેજ માટે રૂા.૩૦૦.૦૦ લાખ મળી કુલ રૂા.૧૮૧૦.૦૦ લાખનો ખર્ચ થનાર છે.

(૨) **વોર્ડ નં.-૧૨માં નવાં ભળેલ વાવડી વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક તૈયાર કરવાનૂં કામઃ-**

વોર્ડ નં.-૧૨નાં નવાં ભળેલા વાવડી તથા અન્ય વિસ્તારો માટે અમૃત મીશન યોજના હેઠળ ડ્રેનેજ નેટવર્કની સુવિધા પુરી પાડવા માટેનું આયોજન હાલ ડી.પી.આર. બનાવવાનાં અંતિમ તબકકામાં છે. આ કામે અંદાજીત રૂા.૫.૦૦ કરોડનો ખર્ચ થવા સંભવ છે. જે કામગીરી વર્ષ ૨૦૧૮- ૨૦૧૯માં હાથ ધરવામાં આવશે.

❖ ડસ્ટ ફ્રી રોડઃ-

રાજકોટ મહાનગરપાલિકા તરફથી "સ્માર્ટ સીટી"નાં ભાગ રૂપે ત્રણ નવાં રસ્તાઓ ડસ્ટ ફ્રી બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મુખ્ય કેરેઝ-વે, સાયકલ ટ્રેક, ડસ્ટબીન, પાર્કિંગ, સર્વિસ રોડ તેમજ અન્ય સુવિધાઓ અર્બન ડિઝાઇનનાં કન્સેપ્ટને ધ્યાને રાખીને તૈયાર કરવામાં આવનાર છે. આ કામે આગામી બજેટમાં "એસ.જે.એમ.એમ.એસ.વી.વાય." અંતર્ગત રૂા.૫.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

- જે ત્રણ માર્ગોને ડસ્ટ ફ્રી બનાવવાનું આયોજન છે તેમાં ૧.રેઇસકોર્ષ રીંગરોડ અને ૨) ગ્રીનલેન્ડ ચોકડીથી ત્રિકોણબાગ સુધી ૩) પુષ્કરધામ રોડનો સમાવેશ થાય છે.

❖ **<u>ટેન્કર/ટ્રેકટર દ્વારા પાણી વિતરણઃ-</u>**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પીવાનાં પાણીની વ્યવસ્થા માટે પાઇપ લાઇન વિહોણાં વિસ્તારોમાં ટેન્ડર/ટ્રેકટર મારફત પીવાનાં પાણીનું વિતરણ કરવામાં આવે છે.

૧) ટેન્કર/ટ્રેકટર મારફત પાણી વિતરણની વ્યવસ્થા કોન્ટ્રાકટ પધ્ધતિથી કરવામાં આવે છે, વર્ષ ૨૦૧૭-૨૦૧૮થી નવી ટેન્ડર શરત મુજબ ટેન્કર/ટ્રેકટર દ્વારા પાણી વિતરણ કરવાનાં કામમાં કોન્ટ્રાકટર દ્વારા ચલાવવામાં આવતાં વાહનોમાં જી.પી.એસ. (જીઓ ગ્રાફીકલ પોઝીશનીંગ સીસ્ટમ) લગાવવાનું ફરજીયાત કરવામાં આવેલ છે. જે મુજબ જી.પી.એસ. સીસ્ટમ દ્વારા આ કામે રોકાયેલ તમામ ટેન્ડર/ટ્રેકટરનું લોકેશન એપ્લીકેશન દ્વારા મોબાઇલ પર અથવા તો કોમ્પ્યુટર પર ચકાસી શકાશે. તેમજ નિર્ધારીત કરવામાં આવેલ પાણી વિતરણનાં રૂટ પણ જાણી શકાશે. જેથી જી.પી.એસ. સીસ્ટમની અમલવારી થવાથી ટેન્કર/ટ્રેકટર દ્વારા પાણી વિતરણ વધુ ચોકસાઇથી થઇ શકશે.

૨) ટેન્કર/ટ્રેકટરનાં ફીલીંગ પોઇન્ટ પર કોમ્પ્યુટરાઇઝ સીસ્ટમ રાખવાનું ફરજીયાત કરવામાં આવેલ છે. જેથી દૈનિક કોમ્પ્યુટરાઇઝ રેકર્ડ નિભાવી શકાય તથા બધાં જ ફેરા માટે કોમ્પ્યુટરાઇઝ ગેઇટ પાસની પણ પ્રીન્ટ મેળવી શકાશે. અને દૈનિક કોમ્પ્યુટરાઇઝ રેકર્ડ પરથી દર માસનાં અંતે માસીક બીલ મેળવી શકાશે. જેથી જરૂરી રેકર્ડની ખૂબ જ ચોકસાઇ પૂર્વક નિભાવણી કરી શકાશે.

- <u>ભૌતિક આંતરમાળખાકિય સુવિધાઓ: ..રૂ ૭૬.૬૬ કરોડ.</u>

  - રસ્તા તથા ટ્રાફિક સુવિધાઓના કામો,
  - શોપિંગ કોમ્પલેક્ષ
  - જાહેર ઉધાનોનું નિર્માણ તથા જાળવણી વિગેરે.

  જ્યારે રાજકોટ મહાનગરપાલિકામાં ભૌતિક આંતરમાળખાકિય સુવિધા ઘટક અંતર્ગત સેન્ટ્રલ ઝોન, વેસ્ટ ઝોન તથા ઇસ્ટ ઝોનનાં જુદા-જુદા વિસ્તારોમાં રસ્તા કાર્પેટ, રીકાર્પેટ તેમજ પેચ વર્કનાં કામો થયેલ છે. રાજકોટ શહેરના જુદા-જુદા વિસ્તારોમાં થયેલ વોટર વર્ક્સ પ્રોજેક્ટ , ડ્રેનેજના, કામો, એક્સપ્રેસ ફીડર કામો, ન્યારી-૧ ડેમની સંગ્રહ શક્તિ વાપરવાનું પ્રોજેક્ટ તથા પોપટપરા ફાયર બ્રિગેડ સ્ટેશનનાં કામો પૂર્ણ થયેલ છે જ્યારે આગામી વર્ષમાં રૈયા રોડ ક્રિમીટોરીયમ મવડી વિસ્તારમાં અમુક મુખ્ય રસ્તાઓને સી.સી. રસ્તા બનાવવાનાં કામ, ભગવતીપરા મેઇન રોડ પર ડી.આઇ. પાઇપલાઇન નાખવાનું કામ, પાણી પુરવઠાનાં મોનીટરીંગ માટે સ્કાડા પ્રોજેક્ટનાં ફેઇઝ-II અમલમાં મુકવામાં આવનાર છે.

- <u>જનભાગીદારી હેઠળના કામો: રૂ.૧૨.૧૬ કરોડ.</u>

  ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના માર્ગદર્શિકા જનભાગીદારી ઘટક અંતર્ગત ખાનગી સોસાયટીમાં આંતરીક રસ્તા, પીવાના પાણીની પાઇપલાઇન, ડ્રેનેજ તથા સ્ટ્રીટલાઇટના કામો કરી શકાય જેના હેઠળ રાજકોટ શહેરનાં તમામ વોર્ડમાં જુદી જુદી ખાનગી સોસાયટીઓમાં આવેલ રસ્તાઓની સાઇડમાં પેવિંગ બ્લોક બેસાડવાની કામગીરી થયેલ છે, અને આગામી નાણાકીય વર્ષમાં રાજકોટ શહેરનાં તમામ વોર્ડમાં જુદી જુદી

ખાનગી સોસોસાયટીમાં આંતરીક રસ્તા, પીવાના પાણીની પાઇપલાઇન, ડ્રેનેજ તથા સ્ટ્રીટલાઇટના કામો જનભાગીદારીથી કરવા માટે આયોજન હાથ ધરેલ છે.

- <u>આગવી ઓળખ:રૂ.૩.૯૬ કરોડ</u>

  ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના માર્ગદર્શિકા મુજબ રાજકોટ શહેરનાં ઓળખ ઉભી થાય તેવા કામો આ ઘટક અંતર્ગત કરવાના થાય છે. જે અંતર્ગત આજી રીવર ડેવલપમન્ટ પ્રોજેક્ટ, રેસકોર્સ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ, લાલપરી રાંદરડા લેઇક ડેવલપમેન્ટમાં કામગીરી પ્રગતિ હેઠળ છે તથા આગામી વર્ષમાં પણ ઉક્ત પ્રોજેક્ટની કામગીરી ચાલુ રહેશે.

  રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઉપરોક્ત મિશનનાં કંમ્પોનેન્ટ પૈકી હાલમાં અમૃત મિશન અંતર્ગત સીવેજ સેક્ટરમાં માધાપર ખાતે ૮૦ MLD ક્ષમતાનો સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કામગીરી પ્રગતિ હેઠળ છે જ્યારે જુદા જુદા ડ્રેનેજ સીસ્ટમ વિહોણા વિસ્તારોમાં કલેક્ટીવ સીસ્ટમ નાખવા માટે તથા ૨૮ MLD ક્ષમતાનો ટર્સરી સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં કામોનાં DPR GUDMમાં મંજુરી અર્થે રજુ કરેલ છે

➢ વિવિધ માળખાકીય સુવિધાઓ

- પાર્કસ & ગાર્ડન વિભાગમાં અમૃત મિશન અંતર્ગત શહેરમાં જુદા જુદા સ્થળે નવા બગીચા બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેમાં રૂ. ૩૦૦ લાખના ખર્ચે ન્યારી ડેમ બંધ પાળાના નીચાણવાળા ભાગે ૨,૦૦,૦૦૦ ચો.મી. ક્ષેત્રફળમાં મળતી પર્પઝ ગાર્ડન ડેવલપમેન્ટ કરવામાં આવશે.
- ન્યારી ડેમ્ ઇન્સપેક્ષન બંગલોની લાગુ સિવિલ વર્ક વાળી જગ્યા તેમજ લગત ભાગે રૂ.૫૫ લાખના ખર્ચે ૧૫,૦૦૦ ચો.મી. એરીયામાં ગાર્ડન વિકસિત કરવામાં આવશે.
- આજી ડેમ વિસ્તારમાં હિલ ગાર્ડનને લાગુ ડેમના પાળાના નીચાણવાળા ભાગે ૫૦,૦૦૦ ચોમી. એરીયામાં રૂ.૧૭૫ લાખના ખર્ચે ગાર્ડન ડેવલપ કરવામાં આવશે.
- વાવડી વિસ્તારમાં રૂ.૨૫ લાખના ખર્ચે ૫૦૦૦ ચોમી. ક્ષેત્રફળમાં ગાર્ડન ડેવલપમેન્ટ કરવામાં આવશે.
- તેમજ અર્બન ટ્રાન્સપોર્ટ હેઠળ પેડક રોડ, રામાપીર ચોકડી પાસે ૮૦ ફુટ રોડ તથા સિવિલ હોસ્પીટલ ચોકથી બજરંગવાડી મેઇન રોડ સુધી રસ્તા પર ફુટપાથ સર્વિસ ડક્ટ તથા વરસાદી પાણીનાં નિકાલ માટે ડ્રેનેજ સીસ્ટમની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા ઢેબર રોડ પર ફુટપાથ સર્વિસ ડક્ટ તથા વરસાદી પાણીનાં નિકાલ માટે ડ્રેનેજ સીસ્ટમની કામગીરી અર્થે હાલમાં DPR તૈયાર કરવામાં આવેલ છે.
- પાણી પુરવઠા અંતર્ગત ચંન્દ્રેશનગર વિસ્તારનાં બાકી રહેતા વિભાગોમાં નવુ ડીસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇન નાંખવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત જીલ્લા ગાર્ડન હેડવર્કસ તથા તેને આંનુસાંગીક વોટર સપ્લાય ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક, કોઠારીયા હેડવર્કસ તથા તેને આંનુસાંગીક વોટર સપ્લાય ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક, વાવડી હેડવર્કસ તથા તેને આનુસાંગીક વોટર સપ્લાય ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનાં કામોનાં DPR SLTCમાં મંજુર થયા પછી કામ કરાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરેલ છે અને આગામી વર્ષમાં કોઠારીયા, વાવડી, તથા જીલ્લા ગાર્ડનની નજીકનાં વિસ્તારોમાં DI પાઇપ લાઇન નેટવર્કની કામગીરી શરૂ થનાર છે

તથા રૈયાધાર ફિલ્ટર પ્લાન્ટનો એક્ટેશન તથા જેટકો ચોકડી પાસે નવા ફિલ્ટર પ્લાન્ટ બનાવવા માટેનાં પ્રોજેક્ટનો DPR SLTCમાં મંજુર કરાવી બન્ને WTP પ્રોજેક્ટોનું કામ શરૂ કરાશે.

અમૃત મિશન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા હસ્તક જુદા જુદા ધટકો હેઠળ વર્ષ:૨૦૧૫ થી ૨૦૨૦ સુધી અંદાજીત રૂ.૪૪૬.૪૫ કરોડનાં પ્રોજેક્ટો કરવાનું આયોજન કરેલ છે. બાકી રહેતા પ્રોજેક્ટોનાં DPR તૈયાર કરી SLTC દ્વારા મંજુર થયા બાદ આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર છે.

૪. આવાસ

સૌને ઘરનું ઘર મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ આવાસ બનાવવામાં આવી રહેલ છે જે અંતર્ગત આગામી નાણાંકિય વર્ષમાં રૂા.૪૦૦ કરોડનાં ખર્ચે ૭૫૦૦ નવા આવાસ બનાવવામાં આવશે. તેમજ સરકારશ્રીની ફ્લેગશીપ આવાસ યોજના અંતર્ગત વિવિધ યોજનાઓ જેવી કે એફોર્ડેબલ હાઉસીંગ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, P.P.P., I.S.S.R, B.L.C. અને CLSS ના માધ્યમથી શહેરી ગરીબ લોકોને આવાસોનો લાભ આપવાનું આયોજન છે.

- **<u>લાભાર્થીઓ દ્વારા વ્યક્તિગત આવાસ માટે નવું બાંધકામ અથવા હયાત બાંધકામમાં વધારો (વૃદ્ધિ કરવા માટે સબસીડી) બેનીફીસીયરી લેડ ઈન્ડીવિડ્યુંઅલ હાઉસ કન્સ્ટ્રકશન/એન્હેસમેન્ટ (BLC)</u>**

આ ઘટક અંતર્ગત જે કુટુંબની વાર્ષિક આવક રૂ. 3 લાખથી ઓછી હોય તેમને 30 ચો.મી. સુધીનો એરિયા ધરાવતું ઘર બનાવવા માટે જમીનની માલિકીના ચોક્કસ આધાર પુરાવાઓ રજુ કરીને રૂ. 3.૫૦ લાખની સહાય મળી શકે છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨ લાખ અને કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧.૫ લાખની સહાય મળવાપાત્ર થશે. તેમજ ઘરમાં સુધારા વધારા કરવા માટે રૂ. 3 લાખની સહાય મળવાપાત્ર થશે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧.૫ લાખ અને કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧.૫ લાખની સહાય મળવાપાત્ર થશે. આ ઘટક માટે આધારકાર્ડ તેમજ બેંક એકાઉન્ટ હોવું ફરજીયાત છે. તેમજ આવાસ યોજનાને લગત કોઈપણ ઘટકનો લાભ મેળવેલ હોવો જોઈએ નહી. કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ 30.00 ચો.મી. કાર્પેટ એરિયા સુધીના મકાન બાંધકામ માટે સહાય મળવાપાત્ર થશે. પરંતુ જો લાભાર્થી પાસે વધારે જમીન ઉપલબ્ધ હોય અને 30.00 ચો.મી. કરતા વધારાના કાર્પેટ એરિયાનું બાંધકામ કરવા જો તેઓ ઈચ્છતા હોય તેવા કિસ્સામા 30.00 ચો.મી. સુધીના કાર્પેટ એરિયાનું બાંધકામ પૂર્ણ કર્યા બાદ કમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવ્યા બાદ તેઓ વધારાનું બાંધકામ સ્વખર્ચે કરી શકે છે.

ક્રેડિટ લીંક સબસીડી (CLSS)

પ્રધાનમંત્રી આવાસ યોજનાના આ ઘટક અંતર્ગત લાભાર્થીઓને રૂ. ૬ લાખ સુધીની લોન ૬.૫ ટકા લેખે મળે છે. જેનો લાભ સીધેસીધો લાભાર્થીને આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત આર્થીક રીતે નબળા વર્ગ (EWS), ઓછી આવક જૂથ (LIG) તથા મધ્યમ આવક જૂથ (MIG) નાં લાયકાત ધરાવતા લાભાર્થીઓને નવા ઘરની ખરીદી/ બાંધકામ પર લીધેલ આવાસો લોનનાં વ્યાજ પર વ્યાજ સબસીડી મળે છે. તેમજ અરજદાર જ્યાં રહેતા હોય કે વસવાટ કરતાં હોય તે ઘરનાં યુનિટમાં વધારો કરવા માટે લીધેલ લોન પર થતા વ્યાજ પર વ્યાજ સબસીડી મળવાપાત્ર છે. આ યોજનાનો લાભ મેળવવા માટે પતિ-પત્નીના સંયુક્ત નામે દસ્તાવેજ જરૂરી છે. જે કિસ્સામાં લાભાર્થીના પત્ની હયાત ન હોય કે લગ્ન કરેલ ન હોય તેવા કિસ્સામાં લાભાર્થીના માતાનું કો-એપ્લીકન્ટ તરીકે સામેલ કરી શકાશે.

- **લાઈબ્રેરી**

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં ૯ માં પેરેડાઇઝ હોલની સામે રૂ. ૨.૧૮ કરોડના ખર્ચે નવી મોડલ લાઈબ્રેરી બનાવવાની કામગીરી ચાલુ છે. આ લાઇબ્રેરીમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર વાંચનાલય, ઓફીસ, ડિસ્પ્લે એરિયા, રેફરન્સ રીડીંગ એરિયા, ન્યુઝપેપર સેક્શન, પ્રથમ માળે વાંચનાલય, ઓપન એર થીયેટર, ઓડિયો વિઝ્યુઅલ રૂમ, ડીઝીટલ લાઈબ્રેરી તથા બીજા માળે રીડીંગ ઝોન, મિટિંગ રૂમ, વિગેરે જેવી સુવિધાઓ આપવામાં આવનાર છે.

- **નવી લાયબ્રેરી**

શહેરીજનોને વાંચન માટે શહેરમાં વધુ ને વધુ સુવિધા પ્રાપ્ત થાય અને તેઓની વાંચન ભુખ સંતોષાય તેવા પ્રયત્નોનાં ભાગરૂપે વોર્ડ નં.૬ માં ગોવિંદબાગ શાક માર્કેટ પાસે નવી લાયબ્રેરી બનાવવામાં આવશે.

૫. વોટર મેનેજમેન્ટ :

❖ ૨૪ કલાક પાણી વિતરણ-

એ.ડી.બી. પ્રોજેક્ટ હેઠળ હાલમાં ફેઇઝ-૧ તરીકે વેસ્ટ ઝોન અને સેન્ટ્રલ ઝોનનાં બે વોર્ડમાં ૨૪x૭ ધોરણે ૨૪ કલાક પાણી વિતરણ અંગેનું આયોજન છે. આ પ્રોજેકટ માટે કુલ રૂા.૩૦૦.૦૦ કરોડનો પ્રોજેકટ એ.ડી.બી. લોન હેઠળ રજુ કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટના ફેઇઝ-૨ માં ભવિષ્યમાં સમગ્ર રાજકોટને ૨૪ કલાક પાણી વિતરણ આપવાનું આયોજન છે.

❖ ડી.આઇ. પાઇપલાઇન-

(૧) વોર્ડ નં.-૧૨માં રાજકોટ મહાનગરપાલિકામાં વાવડી વિસ્તાર નવો ભળેલ હોય, હાલ આ વિસ્તારમાં પાણી વિતરણ સ્ટેન્ડ પોસ્ટ, ટેન્કર/ટ્રેકટર મારફત કરવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકા તરફથી પાણી વિતરણનાં આયોજનનાં ભાગ રૂપે નવાં ભળેલા વાવડી તથા અન્ય વિસ્તારોમાં "અમૃત મીશન યોજના" હેઠળ

પીવાનાં પાણી માટે ડી.આઇ. પાઇપ લાઇન નેટવર્ક નાંખવાનાં કામે રૂા.૨૬.૬૪ કરોડ મંજુર થયેલ છે. જે અન્વયે રૂા.૧૩.૦૦ કરોડનું વર્ષ ૨૦૧૮-૨૦૧૯નાં બજેટમાં આયોજન કરવામાં આવેલ છે.

(૨) વોર્ડ નં.-૯માં મુખ્ય ડી.આઇ. પાઇપ લાઇન નેટવર્કનું આયોજનઃ-

વોર્ડ નં.-૯માં કિડની હોસ્પીટલની સામેનાં ૨૪.૦૦ મી. ટી.પી. રોડ ગંગોત્રી પાર્ક મેઇન રોડથી ખોળખાય છે. આ રોડ પર નવું હાઇરાઇઝ બિલ્ડીંગોનું બાંધકામનું કામ ઝડપભેર ચાલે છે. અને ભવિષ્યમાં ડેવલપ થવામાં છે. અને હાઇરાઇઝ બિલ્ડીંગોને પાણીનાં સંમ્પ કનેકશન આપવાનાં થશે. જેથી આ ૨૪.૦૦ મી. ટી.પી. રોડ પર અત્યારે ૨૦૦ મી.મી. ડાયાની એ.સી.પ્રેસર પાણીની પાઇપ લાઇન આવેલી છે. અને તેનાંથી આજુ-બાજુનાં વિસ્તારમાં પાણીનું નેટવર્ક છે. જેથી હવે નવાં ડેવલોપીંગ બિલ્ડીંગો માટે અહિં કીડની હોસ્પીટલ પાસેથી ૨૪.૦૦ મી. ટી.પી. રોડ પર નાણાંવટી પાસેથી મેઇન ૫૦૦ એમ.એમ. ડાયાની એમ.એસ. પાઇપ લાઇન સાથે જોડાણ કરીને નાણાંવટી ચોકથી કિડની હોસ્પીટલ સુધી ૪૫૦ એમ.એમ. ડાયા એમ.એસ. પાઇપ લાઇનનાં પ્રોજેકટનું વર્ષ ૨૦૧૮-૨૦૧૯માંઆયોજન કરેલ છે. જે ડી.પી.આર. સ્ટેઝની કામગીરી છે.
રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નીચે દર્શાવેલ વિસ્તારોમાં આવતા વર્ષે નવા બજેટ હેડ હેઠળ નવું ડી.આઈ. પાઈપલાઈન નેટવર્ક નાંખવામાં આવનાર છે.

શહેરના કોમર્શિયલ વિસ્તારોમાં તથા બલ્ક વોટર સપ્લાય માટે નવા બજેટ હેડમાં સ્કાડા સિસ્ટમ તથા મીટરથી બિલિંગ સિસ્ટમ ફરજીયાતપણે દાખલ કરવામાં આવશે.

D I pipeline Network under AMRUT Yojana	
Vavdi	118 Kms
Kotharia	143 Kms
CZ Ward No.4	20 Kms
CZ Ward No.13	43 Kms
CZ Ward No.7 & 14	40 Kms
Total	364 Kms

(૩) સ્માર્ટ મીટરીંગઃ-

શહેરનાં વેસ્ટ ઝોનમાં આવતા ચંદ્રેશનગર વિસ્તારમાં ટૂંક સમયમાંજ સ્માર્ટ મીટરીંગ પ્રોજેકટ ચાલુ કરવામાં આવશે.

(૪) સ્કાડાઃ-

સ્કાડા ફેઇઝ-૩ હેઠળ શહેરનાં તમામ ઇ.એસ.આર. તથા જી.એસ.આર. લીંક કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાના વોટર વર્કસ શાખા અંતર્ગત આવતાં વર્ષ સને ૨૦૧૮-૧૯ના બજેટ માટે મુખ્યત્વે, રાજ્ય સરકારશ્રીની અમૃત યોજના હેઠળ મહત્વપૂર્ણ આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેમાં રાજકોટ મહાનગરપાલિકામાં નવા ભેળવેલ વિસ્તારો જેવા કે, કોઠારિયા, વાવડી , મવડી વિગેરે, ખુબ મોટા ક્ષેત્રફળ ધરાવતાં નવાં વિસ્તારોમાં, દરેક ઘર દીઠ પાઈપ લાઈન નેટ વર્કથી પાણી પુરવઠો સપ્લાય કરવા માટે, સઘન આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે આજી ડેમ તથા ભાદર યોજના જેવી બંને યોજના પૈકી, જરૂરત મુજબ પાણી પુરવઠો કોઠારિયા

વિસ્તારને પૂરો પડી શકાય, તે માટે કોઠારિયા વિસ્તારના અલગ અલગ ત્રણ જગ્યા ઉપર હેડ વર્કસ પ્રોજેક્ટનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

પ્રોજેક્ટના વિસ્તારો	પ્રોજેક્ટની વિગત	બજેટ રકમ
નારાયણ નગર	ઈ.એસ.આર.+ જી.એસ.આર.+પમ્પ સ્ટેશન	૨૨૪.૬૦ લાખ
તિરૂપતિ નગર	ઈ.એસ.આર.+ જી.એસ.આર.+પમ્પ સ્ટેશન	૪૪૦. લાખ
સ્વાતી પાર્ક	ઈ.એસ.આર.+ જી.એસ.આર.+પમ્પ સ્ટેશન	૪૯૦. લાખ
ઉક્ત તમામ જગ્યાની સપ્લાય કરતી ટ્રાન્સમિશન લાઈન નાખવાનું કામ	ટ્રાન્સમિશન લાઈન	૧૧૮૮.૫૪ લાખ

આ રીતે કોઠારિયા વિસ્તારમાં હેડ વર્કસ પ્રોજેક્ટ + સપ્લાય કરતી ટ્રાન્સમિશન લાઈન નાખવા માટે કુલ રૂ.૨૩૪૩.૧૪ લાખની બજેટ જોગવાઈનું આયોજન કરવામાં આવેલ છે.

ઉપરાંત રાજકોટ શહેરના નવા ભળેલા વિસ્તારો જેવા કે, મવડી તથા વાવડીમાં વસવાટ કરતાં રહેવાસીઓ માટે ભવિષ્યની જરૂરિયાત ધ્યાને લઇને, ભાદર યોજના અંતર્ગત રીબડાથી તથા ન્યારી-૧ ડેમ ઉપરાંત, જરૂરત પડ્યે નર્મદા યોજનાનું પાણી એક્ષપ્રેસ ફીડરલાઈન દ્વારા આપવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. તદુપરાંત નર્મદા યોજનાના દ્વારા ન્યારથી સપ્લાય થતાં પાણી પુરવઠોની જરૂરિયાત ધ્યાને રાખી રૈયાધાર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા ૫૦ એમ.એલ. કેપેસીટી વધારવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત જીલ્લા ગાર્ડન ખાતે પાણી સપ્લાય ક્ષમતા વધારવા માટે હેડ વર્કસ પ્રોજેક્ટનું આયોજન બજેટમાં આવરી લેવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

પ્રોજેક્ટના વિસ્તારો	પ્રોજેક્ટની વિગત	બજેટ રકમ
વાવડી વિસ્તાર હેડ વર્કસ પ્રોજેક્ટ	ઈ.એસ.આર.+ જી.એસ.આર.+પમ્પ સ્ટેશન	૪૪૬. લાખ
વાવડી વિસ્તાર ટ્રાન્સમિશન લાઈન		૯૦.૦૦ લાખ
મવડી વિસ્તાર જેટકો ચોકડી હેડ વર્કસ પ્રોજેક્ટ + વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ [ડી.પી. આર. મજુરી પ્રક્રિયા ચાલુ]	ઈ.એસ.આર.+ જી.એસ.આર.+પમ્પ સ્ટેશન+વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ	૩૪૦૦ લાખ
રૈયાધાર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ [ડી.પી. આર. મજુરી પ્રક્રિયા ચાલુ]	વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૫૦ એમ.એલ. કેપેસીટી	૩૪૦૦.૦૦ લાખ
જીલ્લા ગાર્ડન વિસ્તાર હેડ વર્કસ પ્રોજેક્ટ	ઈ.એસ.આર.+ જી.એસ.આર.+પમ્પ સ્ટેશન	૪૮૨.૫૧ લાખ
જીલ્લા ગાર્ડન સપ્લાય કરતી ટ્રાન્સમિશન લાઈન નાખવાનું કામ	ટ્રાન્સમિશન લાઈન	૪૬૧ લાખ

ઉપરની વિગતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નવા ફિલ્ટર પ્લાન્ટ પ્રોજેક્ટના બાંધકામ થી ૧૦૦ મીલીયન લીટર પાણી શુદ્ધ કરવાની કેપેસિટી વધારવામાં આવશે. તેમજ શહેરના વાવડી, મવડી, કોઠારિયા તથા જિલ્લા ગાર્ડન વિસ્તારમાં હેડ વર્કસ પ્રોજેક્ટના નવા બાંધકામ અન્વયે ઈ.એસ.આર.ની કેપેસિટી કુલ ૧૮.૭ એમ.એલ. તથા જી.એસ.આર.ની કેપેસિટી ૮૯.૧ એમ.એલ. વધારવામાં આવશે. શહેરમાં નવા બનાવવાના થતા હેડ વર્કસ માટે બલ્ક વોટર ટ્રાન્સમીશન લાઈન કુલ ૧૩.૫ કિ.મી. લંબાઈની નવી નાંખવામાં આવશે. આમ રાજકોટ મહાનગરપાલિકાના વોટર વર્કસ શાખા અંતર્ગત આવતાં વર્ષ સને ૨૦૧૮-૧૯ના બજેટ આયોજન મુજબ મુખ્યત્વે ૧૦૬૨૨.૬૫ લાખનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

❖ **SCADA અને સ્માર્ટ મીટર્સ સાથે પાણી પુરવઠો:-**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પુરા પાડવામાં આવતા પાણી વિતરણ વ્યવસ્થા અંતર્ગત તમામ હેડ વર્કસ તથા સ્થાનિક એરીયા લેવલ અને હાઉસહોલ્ડ લેવલ સ્કાડા તેમજ સ્માર્ટ મીટર ઇન્ટોલ કરવામાં આવશે જેનાથી પાણીનાં વ્યયમાં ઘટાડો કરી પાણીની બચત કરી શકાશે તેમજ શહેરમાં કેટલુ પાણી વિતરણ થાય છે તેની માહિતી મેળવી શકાશે. આ પ્રોજેક્ટ માટે વર્ષ ૨૦૧૮-'૧૯માં આશરે રૂ.૧૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

૬. ભૂગર્ભ ગટર યોજના

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાણાકીય સ્થિતિને ધ્યાને લઈને શહેરના વિકસતા વિસ્તારો માટે ભૂગર્ભ ગટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે જુદા જુદા ફેઈઝવાઈઝ કામગીરી કરાવવામાં આવી રહેલ છે. સને ૧૯૯૮માં રાજકોટ શહેરમાં ભળેલા મવડી, રૈયા તથા નાના મવાના વિસ્તારોમાં ફેઈઝ-૩ પાર્ટ-૧ અને ફેઇઝ-૩ પાર્ટ-૨ હેઠળ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી પૂર્ણ કરી તે કાર્યાન્વિત કરાયેલ છે. જે અંતર્ગત કુલ ૬ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો તથા રૈયા ખાતે ૫૧ MLD ક્ષમતા તથા રૈયાધાર ખાતે ૫૬ MLD ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે. ભૂગર્ભ ગટર યોજના ફેઈઝ-૨, પાર્ટ-૨ હેઠળ મુખ્યત્વે પૂર્વ ઝોનના બાકી રહેતા વિસ્તારોમાં ભૂગર્ભ ગટર ની સુવિધા પૂરી પાડવા માટે DPR મુજબના કુલ અંદાજીત ખર્ચ રૂ. ૧૯૨ કરોડના પ્રોજેક્ટ અંતર્ગત ડ્રેનેજ કલેકટીવ સીસ્ટમ (પાઈપ લાઈન), સાત ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો તથા તેની પમ્પીંગ મશીનરી ઇન્સ્ટોલેશન તથા ગવરીદડ ખાતે ૭૦ MLD ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે તેમજ હાઉસ કનેક્શન ચેમ્બર્સની કામગીરી પૂર્ણ થવામાં છે. મોરબી રોડ મેઈન ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનથી ગવરીદડ ખાતે નવા બનેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધીની રાઈઝીંગ મેઈન પાઈપ લાઈનની કામગીરી પૂર્ણતાને આરે છે. જે પૂર્ણ થયેથી ગવરીદડ ખાતે નવો બનેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યાન્વિત થશે.

- શહેરમાં હાલ રૈયા ખાતે ૫૧ MLD ક્ષમતા, રૈયાધાર ખાતે ૫૬ MLD ક્ષમતા તથા કોઠારીયા ખાતે ૧૫ MLD ક્ષમતાના એમ કુલ ત્રણ એસ.ટી.પી કાર્યરત છે. માધાપર ખાતે નવા બનાવેલ ૪૪.૫ MLD ક્ષમતાના એસ.ટી.પી. નું ટ્રાયલ રન ચાલુ છે તથા ગવરીદડ ખાતે નવા બનાવેલ ૭૦ MLD ક્ષમતાના એસ.ટી.પી. નું ટ્રાયલ રન ટૂંક સમયમાં શરૂ થશે. આમ, આ બંને એસ.ટી.પી. પણ કાર્યરત થયેથી હાલની ટ્રીટમેન્ટ ક્ષમતામાં વધારો થઇ કુલ ટ્રીટમેન્ટ ક્ષમતા ૨૩૬ MLD જેટલી થશે.

- રૈયા ખાતેના ૫૧ MLD ક્ષમતાના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટમેન્ટ થતા સુએઝને ન્યારી-૨ ડેમમાં જતું અટકાવવા રૈયાધાર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી ઘંટેશ્વર પાસેના વોટર વે સુધી (આજી-૨ ડેમના ડાઉન સ્ટ્રીમ વિસ્તારમાં) ડીસ્પોઝલ પાઈપ લાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરી આ પાઈપ લાઈન કાર્યરત કરવામાં આવેલ છે.

- હાલમાં શહેરના વિકસિત વિસ્તારના અંદાજે ૮૫% જેટલા વિસ્તારને ભૂગર્ભ ગટરની સુવિધાથી આવરી લેવાયેલ છે તેમજ હાલમાં ચાલતી કામગીરી પૂર્ણ થયેથી જુન-૨૦૧૮ સુધીમાં વિકસિત વિસ્તારના અંદાજે ૯૦% જેટલા વિસ્તારને ભૂગર્ભ ગટરની સુવિધાથી આવરી લેવાનું આયોજન છે.
- ડ્રેનેજ શાખા હસ્તકનાં હયાત ૧૦ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનોનું સેન્ટ્રલી મોનીટરીંગ કરવા માટે રૂ. ૯૦ લાખના ખર્ચે SCADA સીસ્ટમ ડેવલપ કરવામાં આવેલ છે.
- આગામી મહિને નવા ૩ સીવર ક્લીનીંગ મશિન રાજકોટ આવી પહોંચે.

➢ <u>નવું આયોજન :-</u>

- <u>વોટર રિસાઈકલીંગ અને વોટર ટ્રીટમેન્ટ ઉપર મહાનગરપાલિકા વધુ ધ્યાન કેન્દ્રિત કરશે. આ પ્રોજેક્ટની મદદથી નવી રેવન્યુ પણ ઉભી કરવા વિચારણા છે. આ કાર્ય માટે નવી રિયુઝ પોલીસી ઘડવામાં આવશે.</u>
- <u>વોટર રિસાઈકલીંગ અને વોટર ટ્રીટમેન્ટ દ્વારા નોન-ડ્રિંકીંગ પર્પઝ માટે પાણી આપવામાં આવશે અને પાણીની બચત પણ થાય તેવું આયોજન છે.</u>
- <u>વોર્ડ નં.૧ માં વેક્યુમ સીવર ટેકનોલોજીના ઉપયોગ માટે એક પાઈલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.</u>
- <u>ડ્રેનેજના તમામ ૩૪ વાહનો GPS/VTS થી સજ્જ થશે.</u>
- <u>અત્યાર સુધી ફરિયાદ આધારિત નિવારણ પદ્ધતિ અમલમાં છે, હવે રાજકોટ મહાનગરપાલિકા પ્રથમ વખત મેઈન ડ્રેનેજ પાઈપલાઈનના મેઇન્ટેનન્સ માટે વાર્ષિક કોન્ટ્રાક્ટ કરશે.</u>

૧. માધાપર ખાતે સને ૧૯૯૪થી કાર્યરત ૪૪.૫ MLD ક્ષમતાના જુના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ને ડીસ્મેન્ટલ કરીને હાલની ટ્રીટમેન્ટ ક્ષમતામાં વધારો કરવા ૮૦ MLD ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનાં કામ માટે સરકારશ્રી દ્વારા "અમૃત" યોજના અંતર્ગત કુલ રૂ. ૫૦ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે. જે અન્વયે આ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી ચાલુ છે.

૨. ટ્રીટેડ સુએજ વોટરના રી-સાયકલ તથા રી-યુઝ માટે રૈયાધાર ખાતે ૨૮ MLD ક્ષમતાનો Tertiary Treatment Plant બનાવવાનાં કામ માટે સરકારશ્રી દ્વારા "અમૃત" યોજના અંતર્ગત કુલ રૂ.૨૫ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે. જે અન્વયે DPR મંજૂરી અર્થે સરકારશ્રીમાં રજુ કરાયેલ છે. આ રીતે રી-સાયકલ કરેલ પાણીનો ઉપયોગ ગાર્ડનીંગ, રોડ મેટલીંગ વર્ક, ફાયર ફાઈટનીંગ, ટોયલેટ ફલશીંગ, વેહિકલ વોશીંગ વિગેરે માટે કરી શકાશે.

૩. રાજકોટ શહેરના બાકી રહેતા વિસ્તારોમાં અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્કના આયોજન માટે "અમૃત મિશન" હેઠળ સમાવિષ્ટ કરવાના થતા ડ્રેનેજ પ્રોજેક્ટ માટે જુદા જુદા ત્રણ ડીટેઇલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ (DPR) પૈકી રૂ.૧.૬૮

કરોડની રકમનો DPR સરકારશ્રી દ્વારા મંજૂર કરાયેલ છે તથા હાલ તે અંતર્ગતની કામગીરી ચાલુ છે. રૂ.૨૮.૩૪ કરોડની રકમનો DPR મંજૂરી અર્થે સરકારશ્રીમાં રજુ કરાયેલ છે તથારૂ. ૬૦ કરોડની રકમનો DPR બનાવવાની કામગીરી હાલ ચાલુ છે. આમ, આ સમગ્ર કામગીરી અંદાજે રૂ. ૯૦ કરોડ ના ખર્ચે કરાવવાનું આયોજન છે.

૪. ભૂગર્ભ ગટરના હયાત પમ્પીંગ સ્ટેશનોમાં પમ્પીંગ મશીનરી અપગ્રેડેશન માટે "અમૃત મિશન" હેઠળ રૂ.૫ કરોડના ખર્ચે કામગીરી કરાવવા માટે DPR તૈયાર કરી મંજૂરી અર્થે સરકારશ્રીમાં રજુ કરાયેલ છે.

૫. ભૂગર્ભ ગટર યોજના ફેઇઝ-૧ અને ફેઇઝ-૨ પાર્ટ-૧માં બનેલ હયાત ડ્રેનેજ નેટવર્કના પગ્રેડેશન માટે "અમૃત મિશન" હેઠળ રૂ.૩૦ કરોડના ખર્ચે કામગીરી કરાવવા માટે DPR બનાવવાની કામગીરી હાલ ચાલુ છે.

૭. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ/ ઝીરો વેસ્ટ સિટી તરફ કુચ

ભારતના રાષ્ટ્રપિતા શ્રી મહાત્મા ગાંધીજી ની ૧૫૦ મી જન્મ જયંતિ ૨૦૧૯ અનુસંધાને કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશનની શરૂઆત તા.૦૨/૧૦/૨૦૧૪ થી કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત મિશન અન્વયે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૭ માં રાજકોટ શહેરને ૧૮મું સ્થાન મળેલ છે, જે રાજકોટ મહાનગરપાલિકા માટે ખૂબજ ગૌરવની વાત છે. આગામી ૨૦૧૮-૧૯ ના બજેટમાં લોકોના બીહેવીયર ચેન્જીસ તથા SWM Rules-2016 અતર્ગત બાબતે ખૂબજ ભાર મુકવામાં આવેલ છે. રાજકોટ શહેર હવે "ઝીરો" વેસ્ટ સિટી બનવા ભણી કુચ કરી રહેલ છે અને ટૂંક સમયમાંજ ફાઇવ સ્ટાર ગાર્બેજ ફ્રી સિટી બનશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરને ખરા અર્થમાં સ્વચ્છ સીટી બનાવવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૧) ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેકશનઃ

- રાજકોટ શહેરમાં હાલમાં ૩૩૪ મીનીટીપર વાહન મારફત ૧૦૦ ટકા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી કરવામાં આવે છે.

- તેમજ વધારાના ૧૦૦ નંગ મીનીટીપર વાહન હાલમાં ચાલતા કાર્યરત જુના મીનીટીપર વાહન ને બદલે તેનો ઉપયોગ કરવામાં આવનાર છે. આ અંગે રૂ. ૬૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.
- તમામ મીની ટીપર વાહનમાં જી.પી.એસ. સીસ્ટમ ફીટ કરવામાં આવેલ છે. તેમજ જી.પી.એસ. સીસ્ટમને કન્ટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર માં પણ જોડવામાં આવેલ છે. આ ઉપરાંત તમામ મીનીટીપરના રૂટમાં પી.ઓ.આઇ નકકી કરી તેનો સકલીત રીપોર્ટ નીકળે તે માટે કાર્યરત કરવામાં આવે છે.

૨) ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશનઃ-

- આગામી વર્ષમાં કોઠારીયા ખાતે વધારાનું અધ્યતન એક સેમી કલોઝડ મોડન ટ્રાન્સફર સ્ટેશન રૂા. ૧૬૦૦ લાખ ના ખર્ચે બનાવવા માટે સ્વચ્છ ભારત મિશન ગ્રાન્ટ સદરે જોગવાઇ કરવામાં આવેલ છે. આ અંગે કોઠારીયા માં ૨૦,૦૦૦ ચો.મી. જમીનમાં આ ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન બનશે.

હાલના નવા બનેલ રૈયાધાર ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન માં વધારાનું એક સ્ટેશનરી કોમ્પેકટર, હુક લોડર નં.૧ તથા ૨૦ ક્યુબીક મીટર કન્ટેનર નંગ-૪ લેવા માટે સ્વચ્છ ભારત મિશન ગ્રાન્ટ સદરે રૂ. ૧૭૫ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

૩) નવા વાહનોની ખરીદીની કામગીરી:-

- "સ્વચ્છ ભારત મીશન" ની ગ્રાન્ટ અંતર્ગત આગામી સાલ દરમ્યાન રૂા. ૨૬૩૨.૮૮ લાખનાં ખર્ચે વેકયુમ સ્વીપીંગ મશીન નંગ-૧૨, વ્હીલબરો નંગ-૧૦૦૦, ૧૪ કયુ.મી. ડમ્પર નંગ-૧૦, એસ્કેવેટર કમ લોડર નંગ-૧૦ નવા ખરીદવામાં આવનાર છે. આ ઉપરાંત લીટર પીકર મશીન નંગ-૨૫, પોટેબલ મોબાઇલ કોમ્પેકટર નંગ-૯ તથા તે ઉપડાવવા માટે ૪ નંગ હુક લોડર ખરીદ કરવામાં આવનાર છે.
- ઉપરોકત વાહનોની ખરીદીથી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરીમાં ક્ષમતામાં વધારો થશે.

૪) સેગ્રીગેશન ઓફ વેસ્ટ એટ સોર્સ:-

- સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અંતર્ગત રહેણાંક તથા કોમર્શીયલ મકાનોમાંથી ઉત્પન્ન થતો સુકો કચરો (કાગળ, પુંઠા, પ્લાસ્ટીક વિગેરે) તથા ભીનો કચરો (કીચન વેસ્ટ, ગાર્ડન વેસ્ટ વિગેરે) તેમજ હેજાર્ડસ વેસ્ટ (કલરના ડબ્બા, બલ્બ, ટયુબલાઇટ, એકસપાયરી દવા, થર્મોમીટર, વપરાયેલ બેટરી-સેલ, વપરાયેલ સીરીંજ, નીડલ) અલગ-અલગ રાખવાનું જણાવવામાં આવેલ છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરમાં દરેક રહેણાંક તથા કોમર્શીયલ મકાનોમાં સુકો કચરો તથા ભીનો કચરો અલગથી રાખવા તા.૧૨-૦૪-૨૦૧૭ ના રોજ નોટીફીકેશન પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. હાલમાં સળંગ ૩ વર્ષ સુધી એડવાન્સ ટેકસ ભરનાર નગરજનોને વિનામુલ્યે ૧૨ લી. કેપેસીટીની હાઉસ હોલ્ડ ડસ્ટબીન સેટ (લીલા તથા વાદળી) આપવામાં આવે છે. રાજકોટ શહેરના તમામ વિસ્તાર માં સેગ્રીગેશન એટ સોર્સ સુવ્યવસ્થીત થઇ શકે તે હેતુ થી આગામી વર્ષમાં એડવાન્સ ટેકસ ભરવા આવનાર તથા અગાઉ ડસ્ટબીન ન મળેલ હોય, તેવા નગરજનોને પણ આ ડસ્ટબીન સેટ વિનામુલ્યે આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ અંગે રૂ. ૩૬૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

- કોમર્શીયલ વિસ્તારોમાં પ્રાયોગીકધોરણે સુકો કચરો તથા ભીનો કચરો અલગ-અલગ એકઠો થાય તે માટે રૂા.૧૮૦ લાખ ના ખર્ચે ૪૦ લીટર થી ૧૨૦ લીટર કેપેસીટીની ડસ્ટબીન ખરીદ કરી દુકાનદારોને વહીવટી ચાર્જના બદલામાં આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

૫) સ્માર્ટ ડસ્ટબીન :-

- ABD પ્રોજેકટ અંતર્ગત ૧૦૦૦ સ્માર્ટ ડસ્ટબીન રૂ. ૩૦૦ લાખના ખર્ચે ખરીદ કરવાનું આગામી બજેટ માં જોગવાઇ કરવામાં આવેલ છે.

૬) મોર્ડન ટોઇલેટ :-

- રાજકોટ શહેરના જુદાજુદા વિસ્તારમાં નાગરિકોની સગવડતા માં વધારો કરવાના હેતુ થી રૂ. ૬૨૫ લાખના ખર્ચે ૪૦ મોર્ડન ટોઇલેટ બનાવવાનું આગામી બજેટ માં જોગવાઇ કરવામાં આવેલ છે.

૭) સોલીડ વેસ્ટ પ્રોસેસીંગ તથા તથા તેનો વૈજ્ઞાનિકધોરણે નિકાલઃ-

- ઘન કચરામાંથી ખાતર બનાવવા માટે રાજકોટ શહેરમાં જુદાજુદા કુલ-૬ સ્થળોએ ૫ મેટ્રીક ટન પ્રતિ દિવસની ક્ષમતાવાળા ડીસેન્ટ્રલાઇઝડ વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ (Waste to Compost Plant) રૂા.૮૧૦ લાખના ખર્ચે નાખવાનું આયોજન છે. આ ડીસેન્ટ્રલાઇઝડ વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટથી નાકરાવાડી ખાતે જતા વેસ્ટમાં ઘટાડો થશે. તેમજ ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ ઘટશે.
- હાલમાં નાકરાવાડી સાઇટ ખાતે ડમ્પીંગ સાઇટમાંથી નિકળતા લીચેટ માટે લીચેટ કલેકશન પોન્ડ બનાવવા જરૂરી છે. આ માટે બે પોન્ડ રૂા.૪૦ લાખ ના ખર્ચે બનાવવામાં આવનાર છે. આ લીચેટ કલેકશન પોન્ડ બનાવવાથી ભુગર્ભ જળ માં થતુ પ્રદુષણ અટકશે.
- અગાઉ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ કુવાડવા રોડ પર આવેલ LPG ગેસ પ્લાન્ટ પાછળ સોખડા ડમ્પીંગ સાઇટનું વૈજ્ઞાનિકધોરણે કેપીંગ કરવાની જરૂરીયાત હોય,"સ્વચ્છ ભારત મીશન" ની ગ્રાન્ટ અંતર્ગત આગામી બજેટમાં રૂા.૮૫૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. કેપીંગ કર્યા બાદ ખાલી પડતી જમીન ઉપર સોલાર પ્લાન્ટ થઇ શકે તેવું આયોજન વિચારણા હેઠળ છે. આમ, સોખડા ડમ્પીંગ સાઇટ ખાતે કેપીંગ થવાથી જાહેર આરોગ્યના હીતનું રક્ષણ થશે. આ ઉપરાંત સોખડા સાઇટ ખાતે કમ્પાઉન્ડ વોલ તથા ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ માટે રૂ. ૩૫૦ લાખ ની જોગવાઇ કરવામાં આવેલ છે.
- નાકરાવાડી સાઇટ ખાતે વેસ્ટ ટુ એનર્જીસ પ્રોસેસીંગ પ્લાન્ટ બનાવવા માટે હાલમાં એબેલોન કલીન એનર્જી પા.લી. ને ૬૦૦ મે.ટન કેપેસીટીનો પ્લાન્ટ બનાવવા માટે BOT ધોરણે કામગીરી આપવામાં આવેલ છે. આમ, વેસ્ટ ટુ એનર્જીસ પ્રોસેસીંગ પ્લાન્ટ થવાથી જાહેર આરોગ્યના હીતનું રક્ષણ થશે અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાની કાયદાકીય જવાબદારીઓ પરીપુર્ણ થશે.
- રાજકોટ શહેરમાંથી ઉદભવતા કન્ટ્રકશન અને ડીમોલેશન વેસ્ટ ના પ્રોસેસીંગ માટે ૧૦૦ મે.ટન પ્રતિ દિવસ કેપેસીટીનો પ્લાન્ટ બનાવવા માટે BOT ધોરણે કામગીરી આપવાનું આગામી બજેટમાં આયોજન કરવામાં આવશે.
- રાજકોટ શહેરમાંથી ઉદભવતા પ્લાસ્ટીક વેસ્ટ ના પ્રોસેસીંગ માટે ૩૦ મે.ટન પ્રતિ દિવસ કેપેસીટીનું મટીરીયલ રીકવરી સેન્ટર બનાવવા માટે BOT ધોરણે કામગીરી આપવાનું આગામી બજેટમાં આયોજન કરવામાં આવશે.

- સ્વચ્છ રાજકોટ (IEC Activity):-

  સ્વચ્છતાની બાબત લોકોના આરોગ્ય સાથે સંકળાયેલ હોય, લોકોની માનસિકતા, કુટેવ ને સુધારવી પડે તેમ છે. આ માટે ભારત સરકાર દ્વારા રોજબરોજની કમ્પલેન નો નીકાલ સારી રીતે થાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છતા એપ બનાવવામાં આવી છે. આ સ્વચ્છતા એપનો બંહોળો પ્રચાર કરવામાં આવેલ છે. તેમજ આગામી વર્ષમાં પણ આ અંગે બહોળો પ્રચાર કરવામાં આવનાર છે. નાગરિક નો સ્વચ્છતાપ્રત્યે નો ખ્યાલ બદલાય તેમજ લોકો ની કચરો રસ્તા પર કચરો ફેકવાનાં કુટેવ બદલાય તે

માટે મોટાપ્રમાણ IEC એકટીવીટી કરવામાં આવનાર છે. જેવી, એફ.એમ રેડિયોમાં જાહેરાત, સ્માર્ટ સોસાયટીમાં બેનર તથા જાહેર માર્ગો પર હોર્ડીંગ બોર્ડ લગાવવામાં આવનાર છે. આ માટે IEC એકટીવીટી માટે રૂ.૧૦૦ લાખની જોગવાઇ કરવામાં આવે છે.

૮. ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ

ટ્રાફિકને લગત પ્રશ્નોના નિરાકરણ માટે એન્જીનીયરીંગ, એન્ફોર્સમેન્ટ અને એજ્યુકેશન એમ ત્રણ બાબતો નિર્ણાયક છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ સેલ દ્વારા રાજકોટ શહેર ટ્રાફિક પોલિસ , આરટીઓ તેમજ અન્ય સરકારી વિભાગો સાથે સંકલન સાધી કાર્યવાહી કરવામાં આવે છે. પે એન્ડ પાર્ક અને ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ વિભાગ સંકલિતરીતે કામગીરી બજાવશે. આ સેલ દ્વારા ટ્રાફિકને લગત સમસ્યાઓના અસરકારક હલ માટે આગામી સમયમાં નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

અર્બન મોબીલીટીઃ-

(૧) **લક્ષ્મીનગર રેલ્વે અન્ડર બ્રીજઃ-**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન વેસ્ટ ઝોનનાં વોર્ડ નં.-૮માં નાનામવા મેઇન રોડ પર લક્ષ્મીનગર પાસે આવેલ અન્ડરપાસ ને બદલે ટ્રાફીકની સુવ્યવસ્થિત રીતે અવર-જવર થઇ શકે, તે હેતુસર અન્ડર બ્રીજ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ માટે આગામી નાણાંકિય વર્ષમાં રૂા.૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ રાખવામાં આવેલ છે.

આ રેલ્વે અન્ડર બ્રીજ બનવાથી પશ્ચિમ ઝોન અને સેન્ટ્રલ ઝોન વચ્ચે રાજકોટ શહેરની અવર-જવર માટે વધુ એક અન્ડર બ્રીજ બનતા સુવિધામાં વધારો થશે.

(૨) **કાલાવડ રોડ / ૧૫૦ ફુટ રીંગ રોડ અંડર બ્રીજઃ-**

કાલાવડ રોડ / ૧૫૦ ફુટ રીંગ રોડ પર શહેરનાં પશ્ચિમ તરફનાં સતત વિકાસ પામતાં વિસ્તારોને કારણે ટ્રાફીકની સમસ્યા વધવા પામી છે. વધુમાં, કાલાવડ રોડ / ૧૫૦ ફુટ રીંગ રોડ જંકશન ઉપર ૧૫૦ ફુટ રીંગ રોડ ઓવર બ્રીજ આવેલ છે. કાલાવડ રોડ પર ટ્રાફીક ઉતર-દક્ષિણ તરફ ટ્રાફીકને કારણે ટ્રાફીકનો પ્રશ્ન રહેતો હોય, આ જંકશન ઉપર અન્ડર બ્રીજ બનાવવા કન્સલ્ટન્ટની નિમણૂંક કરવામાં આવેલ છે. કન્સલ્ટન્ટશ્રીનો રીપોર્ટ રજુ થયે અંન્ડર બ્રીજનાં બાંધકામ અંગે આગળની પ્રક્રિયા કરવામાં આવશે. આ કામે અંદાજીત ખર્ચ રૂા.૧૮.૦૦ કરોડ થવાની શકયતા છે.

(3) **પેડેસ્ટ્રિયન ક્રોસિંગ લાઇટિંગ સિસ્ટમઃ-**

શહેરના વિવિધ માર્ગો પર જુદી જુદી ૪૫ જગ્યાએ રાહદારીઓની સુરક્ષા – સલામતીને ધ્યાનમાં રાખી ખાસ ટ્રાફિક સિગ્નલ કાર્યરત્ત કરવામાં આવશે.

(૪) <u>અન્યઓવર બ્રિજ/અન્ડરબ્રિજઃ-</u>

- **સાંઢિયા પૂલ વિસ્તૃતિકરણ**
- **સિવિલ હોસ્પિટલ ચોકમાં ફલાયઓવર બ્રીજ**
- **સોરઠિયાવાડી ચોકમાં ફલાયઓવર બ્રીજ**

(૫) <u>પશ્ચિમ ઝોન હેઠળનાં વિસ્તારમાં વોર્ડ નં.-૧૧ અને ૯માં મુખ્ય માર્ગો પર સ્લેબ કલવર્ટ બનાવવાનું કામઃ-</u>

અવધ સોસાયટી પાસે, હેમાદ્રિ એપાર્ટમેન્ટ પાસે તેમજ પાળ રોડ પર ડ્રેનેજ પંમ્પીંગ સ્ટેશન પાસે એમ કુલ-૩ સ્થળોએ અલગ-અલગ સ્લેબ કલવર્ટ બનાવવાનાં કામે અનુક્રમે રૂા.૧૪૬.૦૦ લાખ, રૂા.૧૪૩.૦૦ લાખ તેમજ રૂા.૫૭.૦૦ લાખ મળી કુલ રૂા.૩૪૬.૦૦ લાખનો ખર્ચ થવા સંભવ છે. સવાલવાળા કામોની મંજુરી મેળવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. આ કામો થવાથી રાજકોટ શહેરનાં જુનાં વિસ્તારોનો નવાં ભળેલ વિસ્તાર પૈકી અંબિકા ટાઉનશીપ સાથે સીધો સંપર્ક શકય બનશે. ઉપરાંત કણકોટ ગામ, ગવર્નમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ, તથા આ માર્ગે કાલાવડ રોડ તથા ન્યારી ડેમ જવા માટેનો વૈકલ્પીક માર્ગ તૈયાર થવાથી અન્ય રસ્તાઓ પર ટ્રાફીકનું ભારણ ઓછું થશે. વધુમાં, રૈયા ગામ પાસે સ્મશાન નજીક ગંગોત્રી પાર્ક મેઇન રોડ અને સાંઇ દર્શન મેઇન રોડ પર રૈયા ચોકથી યુનિવર્સીટી રોડ તરફ જવા માટે લોકોને હાલાકી ભોગવવી પડતી હોય છે. તેથી વોંકળા ઉપર સ્લેબ કલવર્ટ બનાવવા માટેનું વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં આયોજન છે. આ કામે આશરે ૨૪૫.૦૦ લાખનો ખર્ચ થશે.

- હાલ ૨૪ સ્થળોએ પે એન્ડ પાર્ક સાઈટ કાર્યરત્ત છે અને આગામી વર્ષમાં નવી <u>૧૦ સાઈટ પે એન્ડ પાર્ક</u> તરીકે વિકસાવવામાં આવશે.
- પોલીસ ડીપાર્ટમેન્ટના સહયોગથી મહાનગરપાલિકા પે એન્ડ પાર્કના નિયમોનો ભંગ કરનાર વ્યક્તિ પાસેથી પ ગણી પેનલ્ટી વસૂલ કરશે અને આ રકમમાંથી અડધી રકમ પોલીસ ડીપાર્ટમેન્ટને આપવામાં આવશે. ભૌતિક સુવિધા મહાનગરપાલિકા દ્વારા પુરી પડવામાં આવશે.

❖ "Non Motorised Transportation " - સાયકલ ટ્રેક અને પગદંડી

રાજકોટ શહેરને સ્માર્ટ સીટી બનાવવાના મુખ્ય ઉદેશને ધ્યાને રાખી રાજકોટ શહેરમાં પ્રવર્તમાન ટ્રાફિક સમસ્યાઓ તથા તેના કારણે થતા પ્રદૂષણને ઘટાડવા તેમજ શહેરના લોકોને માસ ટ્રાન્સપોર્ટેશનનો મહતમ ઉપયોગ કરવાની સાથે પ્રદુષણ રહિત "Non Motorised Transportation "પરિવહન સેવાનો વ્યાપ વધારવો ખુબજ જરૂરી છે. જે અન્વયે શહેરમાં નોન મોટરાઇઝ્ડ ટ્રાન્સપોર્ટનો વિકાસ તથા વિસ્તરણ કરવામાં આવનાર છે. શહેરનાં જુના વોંકળા પર રૂા. ૯ કરોડનાં ખર્ચે "Non Motorised Transportation" શરૂ કરી શહેરની ટ્રાફિક સમસ્યા હળવી કરવા તથા ગ્રીન વે બનાવવાનું આયોજન છે. હાલ વોર્ડ નં.-૭ માં એસ્ટ્રોન નાળાથી સર્વેશ્વર ચોક સુધી વોકળાના કાંઠે સાઇકલ ટ્રેક તથા પગદંડી બનાવવામાં આવેલ છે. આવી જ રીતે અગામી વર્ષમાં વોર્ડ નં.-૪ અને ૫ માંથી પસાર થતા સંત કબીર રોડથી જુના મોરબી રોડ

સુધી વોંકળાને સમાંતર નવો સાયકલ ટ્રેક અને પગદંડી તથા વોર્ડ નં.-૧૦ માં નિધિ કર્મચારી સોસાયટીથી વોકળાને સમાંતર કાલાવડ રોડ સુધી સાયકલ ટ્રેક અને પગદંડી તેમજ વોર્ડ નં.-૩ માં વર્ષો જૂની દાણાપીઠ પાસે વોકળાંમાં પાથ બનાવવા અંગે આયોજન કરવામાં આવેલ છે. તથા આ માટે સરકારશ્રી પાસે ખાસ ગ્રાન્ટ મંજુર કરાવવા કાર્યવાહી હાથ ધરેલ છે.

❖ **મલ્ટી લેવલ કાર પાર્કિંગ**

શહેરમાં મુખ્ય માર્ગો પર પે એન્ડ પાર્ક ની વ્યવસ્થા હાલ કુલ ૨૫ લોકેશન ઉપર ચાલુ કરવામાં આવેલ છે. જે પૈકી રેસકોર્ષ, ત્રિકોણબાગ, સર્વેશ્વર ચોક અને ઢેબર રોડ પર આવેલ જૂની ટ્રાફિક પોલીસ ચોકીની જગ્યા ખુલ્લી કરાવીને કુલ ચાર સ્થળોએ અતિ આધુનિક બી.ઓ.ટી. ના ધોરણે મલ્ટી લેવલ કાર પાર્કિંગ ડેવલપ કરવા માટે ડીઝાઇન હાથ ધરવામાં આવશે.

❖ **પાર્કિંગની સગવડતા**

શહેરના જુના વિસ્તારોમાં આવેલ મુખ્ય બજારો પૈકી ૧૦ જેટલી જગ્યાઓમાં તથા લાખાજીરાજ રોડ પર જૂની સ્કુલના ખુલ્લા પ્લોટ પર પ્રાયોગિક ધોરણે પાર્કિંગની સગવડતાઓ ઉભી કરવામાં આવનાર છે.

❖ **ટ્રાફિક જંકશન તથા રોડ એલાઇમેન્ટ સુધારણા**

ટ્રાફિક જંકશન તથા રોડ એલાઇમેન્ટ સુધારણા અંગે કાર્યવાહી કરવામાં આવનાર છે. જે અન્વયે કાલાવડ રોડ ડીવાઇડર જનભાગીદારીથી વાર્ષિક પ્રીમીયમ આધારિત 10% ના પ્રતિ વર્ષ વધારા સાથે ડેવલપ કરવામાં આવેલ છે જેને બીજા તબ્બકામાં KKV ચોકથી રોયલ પાર્ક ખૂણા સુધી કાલાવડ રોડની લાઈન દોરી મુજબ સેન્ટરમાં ડીવાઇડર કરવાનું કામ ટૂંક સમયમાં કરવામાં આવનાર છે.

❖ **વિવિધ રોડ પર નવી ડીઝાઇન મુજબ રોડ ડીવાઇડર**

(૧) જનભાગીદારીથી વાર્ષિક પ્રીમીયમ આધારિત 10% ના પ્રતિ વર્ષ વધારા સાથે રેસકોર્ષ રીંગ રોડનું કામ મંજુર કરવામાં આવેલ હોઈ ટૂંક સમયમાં નવી ડીઝાઇન મુજબનું રોડ ડીવાઇડરનુ કામ ચાલુ કરવામાં આવનાર છે.

(૨) આવનારા દિવસોમાં જામનગર રોડ, મોરબી રોડ, કુવાડવા રોડ, તથા અન્ય મુખ્ય માર્ગોના ડીવાઇડરને પણ જનભાગીદારીથી ડેવલપ કરવાનુ આયોજન છે. જનભાગીદારીથી ડેવલપ ન થઇ શકે તેવા રહેણાંક વિસ્તારોના મુખ્ય માર્ગો પર પણ નવા બનતા રસ્તાની સાથે ડીવાઇડર બનાવવાનું કામ પણ કરવામાં આવશે.

❖ **ટ્રાફિક સર્કલ તથા ટ્રાફિક આઇલેન્ડ**

શહેરમાં આવેલ મુખ્ય રસ્તા પરના ટ્રાફિક સર્કલ તથા ટ્રાફિક આઇલેન્ડ જનભાગીદારીથી વાર્ષિક પ્રીમીયમ આધારિત 10%ના પ્રતિ વર્ષ વધારા સાથે ડેવલપ કરવા કામગીરી કરવામાં આવેલ છે. જે અન્વયે હાલ કુલ ૪૦ જેટલા ટ્રાફિક સર્કલ તથા ટ્રાફિક આઇલેન્ડ આપવામાં આવેલ છે. જે પૈકી મોટા ભાગનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે તથા અન્ય કામો ચાલુ છે તથા શહેરમાં બાકી રહેતા અને નવા ડેવલોપ કરવાના થતા સર્કલ તથા આઇલેન્ડ જનભાગીદારીથી નિભાવ મરામત માટે આપવાનુ આયોજન કરાયું છે.

❖ **સ્કલ્પચરને (શિલ્પ)**

શહેરની સુંદરતામાં વધારો કરતા તથા વિશિષ્ઠ પ્રકારના માનવ ઉત્કર્ષના સંદેશા આપતા બનાવવામાં આવેલ સ્કલ્પચરને (શિલ્પ) શહેરની જુદી જુદી જાહેર જગ્યાઓ પર પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

❖ **નવા ઈ-બાઈકની ખરીદી**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રદુષણ ઘટાડવાની પહેલના રાજકોટ મહાનગરપાલિકાની શાખાઓની જરૂરીયાત ને ધ્યાને લઈ બેટરી ઓપરેટેડ બાઈક ઓફીસ કામગીરી અર્થે જુદી જુદી શાખાઓમાં ફાળવવામાં આવેલ છે. તથા આગામી વર્ષમાં નવા ઈ-બાઈક ખરીદ કરવાનું પણ આયોજન છે.

❖ **રૂ.૧૦ કરોડના ખર્ચે નવી ૫ ઈલેક્ટ્રીક બસની ખરીદી કરવામાં આવશે, જેમાં ૬૦ ટકા સબસીડી મળનાર છે.**

❖ **એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને ૨ બસ આપવામાં આવશે અને ગ્રીન સર્કલ પણ ડેવલપ કરવામાં આવશે.**

❖ **"Last mile connectivity"- સાયકલ શેરીંગ પ્રોજેકટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સૌને પરવડે તેવી શહેરી પરિવહન સેવાની સાથે સાથે લોકોને "Last mile connectivity" પુરી પાડવાની કટિબધ્ધતા ને ધ્યાને લઇ શહેરના મુખ્ય ટ્રાફિક પોઈન્ટ જેવા કે ત્રિકોણબાગ - સીટી બસ ટર્મિનલ , સેન્ટ્રલ બસ સ્ટેશન , બી.આર.ટી.એસ. ના તમામ બસ શેલ્ટર્સ તેમજ કિશાન પરા – રેસકોર્ષ શહેરનુ મુખ્ય ફરવાનુ સ્થળ જેવી જગ્યાઓ પર NMT નો ઉપયોગ વધારવાના હેતુથી તારીખ ૧૯/૦૪/૨૦૧૫ થી સાયકલ શેરીંગ પ્રોજેકટ અમલ મુકવામાં આવેલ છે. જે અંતર્ગત હાલ કુલ ૨૪ સાયકલ શેરીંગ કંટ્રોલ સ્ટેશનો કાર્યરત કરવામાં આવેલ છે, જેમાં અંદાજે ૧૮૫ જેટલી સાયકલો જનભાગીદારીથી મેળવી આ સ્ટેશનો પર મુકવામાં આવેલ છે. જેનો દૈનિક ૪૦૦ થી ૫૦૦ શહેરીજનો દ્વારા લાભ લેવામાં આવે છે. તેમજ આ સેવાનો લાભ લેવા લોકોને પોતાનુ ઓરીજીનલ આઈ.ડી. આપવુ પડતુ હોય તેમાંથી મુક્તિ આપવા મેમ્બરશીપ કાર્ડ સીસ્ટમ પણ અમલમાં મુકવામાં આવેલ છે. આવનાર દિવસોમાં કયા સ્ટેશન પર કેટલી સાયકલ ઉપલબ્ધ છે તે અંગેની માહિતી ઓન લાઈન મળી રહે તે હેતુ થી મોબાઈલ એપ. કાર્યરત કરવા જરૂરી સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવનાર છે. આ સેવાનો વધુને વધુ લોકો લાભ લે તે માટે પ્રારંભિક તબકકામાં પ્રથમ બે કલાક માટે અને હાલ એક કલાક માટે આ સેવા ફ્રિ માં આપવામાં આવે છે. ત્યારબાદ પ્રતિ કલાક ના રૂા. ૫/- લેખે ચાર્જ વસુલવામાં આવે છે. આગામી નાણાંકીય વર્ષમાં વધુ ૧૦ સાયકલ શેરીંગ સ્ટેશનો કાર્યરત કરવાનુ આયોજન છે. તેમજ માસ ટ્રાન્સપોર્ટ સેવાના ઉપયોગકર્તા લોકોને "End to End Connectivity" મળી રહે તેવા ઉદેશને ધ્યાને રાખી લોકો કોઈ પણ સાયકલ શેરીંગ સ્ટેશન પરથી સાયકલ લઈને પોતાના પહોચવાના સ્થળની નજીકના સાયકલ શેરીંગ સ્ટેશન પર સાયકલ સુપ્રત કરી શકે તથા માસ ટ્રાન્સપોર્ટ સેવાનો મહતમ ઉપયોગ કરી શકે તેમાટે જરૂરી સુવિધા પુરી પાડવાનુ આયોજન કરવામાં આવેલ છે.

❖ **સ્માર્ટ બસ સ્ટોપ**

શહેરનાં વિવિધ માર્ગો પરના બસ સ્ટોપ પૈકી ૪૦ સ્માર્ટ બસ સ્ટોપ બનાવવાનું આયોજન છે જેમાં L.C.D, C.C.TV કેમેરા અને P.I.A. સિસ્ટમ મૂકવામાં આવશે.

૯. એસ્ટેટ મેનેજમેન્ટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આવકમાં વૃદ્ધિ કરવાના હેતુથી વિવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે તે અંતર્ગત જુની શાક માર્કેટ એરિયાની શોપના ભાડામાં વૃદ્ધિ કરવા, કોમ્યુનિટી હોલના ભાડામાં ઉચિત વૃદ્ધિ કરવા, પાર્કિંગ ચાર્જમાં પણ વાજબી વૃદ્ધિ કરવા અને પારડી રોડ ખાતેનું મહાનગરપાલિકાનું ગ્રાઉન્ડ ભાડે આપવા માટેની વિચારણા કરવામાં આવશે.

➢ **નવું આયોજન**

- નાના મવા રોડ પર ગોલ્ડ રેસીડેન્સી સામે નવો હોકર્સ ઝોન બનાવવામાં આવશે.
- જાહેર માર્ગો પર અડચણરૂપ અને ટ્રાફિકને નડતરરૂપ એવા ૧૦ હોકર્સ ઝોન મહાનગરપાલિકાના વિવિધ ખુલ્લા પ્લોટમાં સ્થળાંતર કરવામાં આવશે. આ માટે આશરે રૂ.૨૦ લાખના ખર્ચનો અંદાજ છે.
- ૧૦ મોડેલ હોકર્સ ઝોન બનાવવામાં આવશે.

૧૦. ટાઉન પ્લાનિંગ

રાજકોટ શહેરના સુઆયોજીત વિકાસ અર્થે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તબકકાવાર આજ સુધીમાં ૪૦ નગર રચના યોજનાઓ તૈયાર કરાયેલ છે.

શહેરીકરણના વધતાં જતાં વ્યાપને ધ્યાને લઈને વર્ટીકલ ડેવલપમેન્ટ માટે લોકો વળે તે હેતુથી રાજકોટ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા શહેરના સિટી એરિયા "A" સિવાયના વિસ્તાર માટે હાલ અમલમાં છે તેનાથી વધુ સેલેબલ F.S.I. ની જોગવાઈ અમલમાં લાવવામાં આવેલ છે. આમ થવાથી રહેણાક માટે જોઈતી જમીન ઉપર બોજો ઘટશે અને લોકોને પ્રમાણમાં સસ્તા રહેણાક મળી શકશે. વેસ્ટ ઝોન સ્થિત BRTS પ્રોજેક્ટ માટે થયેલ ખર્ચના રીએમ્બર્સ માટે રીંગ રોડ લાગુ જમીનો માટે ૦.૭૫ જેટલી વધારાની F.S.I. ની મંજુરી પણ ખાસ કિસ્સા દ્વારા સરકારશ્રીમાંથી મેળવવામાં આવેલ છે. આ વિકાસ પરવાનગીઓની અરજીઓ થકી વર્ષ ૨૦૧૪-૧૫ થી વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન અંદાજે રૂા. ૧૪૨૭૦/- લાખની એફ.એસ.આઈ. ફી ની આવક થયેલ છે. અને ચાલુ વર્ષે નવેમ્બર, ૨૦૧૭ સુધીમાં રૂા. ૩૬૬૫/- લાખની આવક થયેલ છે.

❖ **સ્માર્ટ સિટી અંતર્ગત કુલ ૯ નવી નગર રચના યોજનાઓ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી અંતર્ગત રૈયા વિસ્તારમાં ૫, તથા કોઠારીયા વિસ્તારમાં ૪ મળી કુલ ૯ (નવ) નવી નગર રચના યોજનાઓ બનાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવનાર છે. તેમજ મવડી વિસ્તારમાં ૨ તથા વાવડી વિસ્તારમાં ૧ ટી.પી. સ્કીમ બનાવવાની શરૂ થઈ ગયેલ છે.

❖ **ઇનહાઉસ ઓનલાઈન પરવાનગી સોફ્ટવેર**

વિકાસ પરવાનગી મેળવવા ઇચ્છતા લોકોને સત્વરે વિકાસ (બાંધકામ પરવાનગી) મળી રહે તે હેતુથી "ઓનલાઈન" ના ધોરણે વિકાસ પરવાનગી આપવામાં આવતી હતી. હવે તેનાથી એક કદમ આગળ જઈને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઇનહાઉસ "ઓનલાઈન સોફ્ટવેર" બનાવવાનું કામ પૂર્ણતાના આરે છે. આ સોફ્ટવેરમાં રહેણાક, લોરાઈઝ, કોમર્સિયલ, ઇન્ડસ્ટ્રીઝ વિગેરે તમામ પ્રકારની પરવાનગીઓ આવરી લેવામાં આવેલ છે. આ સોફ્ટવેર દ્વારા રાજકોટ મહાનગરપાલિકા માન્ય પરવાનેદાર પોતાની ઑફિસમાંથી જ પ્લાન ઈનવર્ડ કરી શકશે, ક્વેરીની પૂર્તતા કરી શકશે તેમજ ઓનલાઈન પેમેન્ટ પણ કરી શકશે. તેમજ રજૂ થયેલ પ્રકરણના દરેક સ્ટેજના સ્ટેટ્સની જાણ પરવાનેદારને તેમજ અરજદારને એસ.એમ.એસ. તથા ઈમેઈલથી થતી રહેશે. જેને કારણે વહીવટી પ્રક્રિયામાં સરળતા થશે અને અરજદારને ખૂબજ ઝડપથી સેવા પૂરી પાડી શકાશે.

૧૧. પ્રાણી રંજાડ અંકુશ વિભાગ (એ.એન.સી.ડી)

રળીયામણાં રાજકોટની કલ્પના કરીએ ત્યારે રખડતાં ઢોરના પ્રશ્નનો ઉકેલ લાવવો જરૂરી છે. માત્ર એટલું જ નહીં નધણિયાતા તથા માલીકોના પશુઓને કારણે ગંદકી, ટ્રાફિક સમસ્યા અને અકસ્માત જેવા પ્રશ્નો સર્જાય છે. રાજકોટને સ્માર્ટ સિટિ બનાવવા માટે આ સમસ્યાનો યોગ્ય, તાર્કિક અને વાજબી ઉકેલ લાવવો જરૂરી હોઈ, આ પ્રશ્નને આયોજનબધ્ધરીતે ઉકેલવા મહાનગરપાલિકાએ માલધારીઓ સાથે સંખ્યાબંધ બેઠકો યોજી પરામર્શના નિષ્કર્ષ રૂપે શ્રેણીબધ્ધ પગલાં લીધેલ છે.

❖ **માલધારી વસાહત**

રાજકોટ શહેરનાં પશુપાલકો દ્વારા જે ૨૫ વર્ષથી માંગણી કરવામાં આવી રહી છે તે "માલધારી વસાહત"નું આયોજન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે. માલધારી વસાહત બનાવવા માટે પશુપાલકોનાં આગેવાની એક કમીટી બનાવી શહેરથી અંદાજીત ૧૦-૧૫ કી.મી.નાં અંતરે આવેલ ૪ (ચાર) જગ્યાઓ (૧) પાડાસણ, (૨) અમરગઢ (ભીચરી), (૩) બાધી અને (૪) રાજગઢ ખાતે માલધારી વસાહત બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે ૧૬૫૮ પશુપાલકો દ્વારા ૨૨,૪૦૧ પશુઓ સાથે માલધારી વસાહતમાં જવા માટે સહમતી આપેલ છે. જગ્યા ફાળવવામાં આવ્યે વહેલીતકે માલધારી વસાહત ફાળવી રાજકોટ શહેરને રખડતાં ઢોર મુક્ત કરવાનું આયોજન છે.

૧૨. રોશની

• સક્સેસ સ્ટોરી

LED સ્ટ્રીટલાઈટ પ્રોજેક્ટ :-

રાજકોટ મહાનગરપાલિકાએ ગત વર્ષમાં પૂર્ણ કરેલ અલગ અલગ પ્રોજેક્ટ પૈકી એક છે LED સ્ટ્રીટલાઈટ પ્રોજેક્ટ. શહેરમાં સ્ટ્રીટલાઈટ સુવિધા આપવામાં રાજકોટ મહાનગરપાલિકા રાજ્યમાં મોખરે છે. હાલમાં કેન્દ્ર

સરકાર ની EESL કું. દ્વારા મેજર એનર્જી સેવિંગ એક્ટીવીટીના ભાગ રૂપે રાજકોટ શહેરની તમામ કન્વેન્સનલ સોડિયમ લાઇટ, મરક્યુરી લાઈટ તથા ટ્યુબલાઇટને LED લાઈટ માં કન્વર્ટ કરવાનો પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવેલ છે. જે અંતર્ગત હાલ કુલ ૬૦૨૧૪ જેટલી LED સ્ટ્રીટ લાઈટો કાર્યરત છે.

ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ માં કેન્દ્ર સરકારશ્રીની નોડલ એજન્સી મે.EESL લી. દ્વારા રાજકોટ શહેરની તમામ પ્રકારની ૫૮૦૭૪ થી વધુ સ્ટ્રીટલાઇટ ને એલ.ઇ.ડી. લાઇટ માં પરિવર્તીત કરવામાં આવેલ છે. અને આ સમગ્ર ESCO પ્રોજેક્ટ અંદાજીત ૭ વર્ષનાં સમયગાળા માટે તમામ નિભાવ-મરામત કામગીરી સાથે અમલમાં મુકવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટને કારણે કાર્બન ઉત્સર્જનમાં વાર્ષિક અંદાજીત ૭૫૫૬ ટન ઘટાડો થશે. આ ESCO પ્રોજેક્ટની ફલશ્રુતી રૂપે હાલનાં સ્ટ્રીટલાઇટનાં ૮.૨૫ કરોડનાં વાર્ષિક વીજ બીલમાં ૫૦% થી પણ વધુ બચત થવા પામશે તેમજ હાલ તમામ સ્ટ્રીટલાઇટોને અંદાજીત ૫૦૦ નંગ સેન્ટ્રલી કંટ્રોલ એન્ડ મોનીટરીંગ સીસ્ટમ યુનીટથી ચાલુ બંધ કરવાની કામગીરી હાલ ચાલુ છે. જે કામગીરી ટુંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે, જેથી સ્ટ્રીટલાઇટની ફરીયાદોનો સાતત્યપુર્ણ અને ત્વરીત નિકાલ થશે તેમજ સ્ટ્રીટલાઇટ નેટવર્કમાં આવતા ફોલ્ટસનું રીયલ ટાઈમ મોનીટરીંગ થઇ શકશે.

રોશની વિભાગ દ્વારા ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ માં એનર્જી સેવિંગના ભાગરૂપે અંબિકા બ્રીજથી મવડી ગામ તરફના મેઇન રોડ પર, વોર્ડ નં.૧૨ પુનિતનગરથી સર્વોદય સ્કુલ સુધીના ૮૦ ફૂટ રોડ પર સેન્ટ્રલ એલ.ઇ.ડી. લાઇટીંગ પ્રોજેક્ટ તેમજ મોરબી રોડ હાઈવે રેલ્વે ઓવરબ્રીજ ઉપર એલ.ઈ.ડી. લાઈટીંગ કામ, ભાવનગર રોડ (ડિલક્ષ ચોકથી સંતકબીરરોડ કોર્નર સુધી), સેન્ટ્રલ એલ.ઇ.ડી. લાઇટીંગ પ્રોજેક્ટ તેમજ રેસકોર્ષમાં ઇન્ડોર સ્ટેડીયમ તથા બાલભવનના બાજુના રોડ પર, તેમજ ટેનીસ કોર્ટ તથા કલ્પના ચાવલા ગાર્ડન માં એલ.ઇ.ડી. લાઇટીંગ પ્રોજેક્ટના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ સર્વેશ્વર ચોક સાયકલ ટ્રેક લાઈટીંગ કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

❖ <u>સોલાર સીટી પ્રોજેક્ટ</u> :-

કેન્દ્ર સરકારશ્રી દ્વારા રાજકોટ શહેરની પાઈલોટ સોલાર સીટી તરીકે પસંદગી થયેલ હોય, જે અન્વયે રીન્યુએબલ એનર્જીના મહતમ ઉપયોગ કરવાના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન/ઈસ્ટ ઝોન/સેન્ટ્રલ ઝોનનાં મુખ્ય ઓફિસ બિલ્ડિંગો, પેડક રોડ સ્વીમીંગ પૂલ, રેસકોર્ષ સ્વીમીંગ પૂલ, કાલાવડ રોડ સ્વીમીંગ પૂલ, નાના મવા રોડ મલ્ટી એક્ટીવીટી સેન્ટર તેમજ સરોજીની નાઇડુ સ્કુલ બિલ્ડીંગ વિગેરે બિલ્ડીંગોમાં હાલ કુલ ૩૧૫ KWP કેપેસિટીના ઓન ગ્રીડ રૂફ ટોપ સોલાર પાવર પ્લાન્ટ કાર્યરત છે. તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે પારડી રોડ કોમ્યુનીટી હોલ ખાતે ૦૩ /પેડક રોડ કોમ્યુનિટી હોલ ખાતે, સરદાર પટેલ સ્વિમિંગ પુલ, પ્રધ્યુમન પાર્ક ખાતે ૦૩, મવડી સ્મશાન તથા વોટર વર્ક્સ/ડ્રેનેજ પંપીંગ સ્ટેશન પર મળીને કુલ ૧૮૫ KWP ના ઓન ગ્રીડ રૂફ ટોપ સોલાર પાવર પ્લાન્ટ નાખવાના કામે એજન્સીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે તેમજ આ પ્રોજેક્ટ અન્વયે કેન્દ્ર સરકારશ્રીના MNRE ડીપાર્ટમેન્ટ પાસેથી જરૂરી ગ્રાન્ટ મેળવવા માટે GEDA દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. તેમજ ડ્રેનેજ શાખા ના રૈયાધાર ૫૬ MLD , STP ખાતે ઓન ગ્રીડ રૂફ ટોપ સોલાર પાવર પ્લાન્ટ મુકવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

- સોખડા ખાતે ૧ મેં.વો. નો સોલાર ઉર્જા પ્રોજેક્ટ સ્થાપવામાં આવશે.
- નાકરાવાડી ખારે વેસ્ટ ટુ એનર્જી પ્રોજેક્ટ હાથ ધરાશે.
- એસ.ટી.પી. રૈયા, માધાપર અને ગવરીદડ એસ.ટી.પી. ખાતે ૨૫૦ કિ.વો. ક્ષમતાના સોલાર પ્રોજેક્ટ હાથ ધરવાનું આયોજન પણ છે.
- તમામ હેલ્થ સેન્ટર, તમામ વોર્ડ ઓફીસ, સિટી સિવિક સેન્ટર અને ઝોનલ ઓફિસ ખાતે સોલાર પેનલ મુકવા આયોજન છે.

❖ <u>બિલ્ડીંગ LED લાઈટિંગ :-</u>

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની ત્રણેય ઝોન ની ઓફીસ બિલ્ડીંગ, વોર્ડ ઓફીસ, સીટી સીવીક સેન્ટર, આરોગ્ય કેન્દ્ર, કોમ્યુનીટી હોલ, લાઈબ્રેરીઓ વગેરે જગ્યાઓ પરની ૩૬/૪૦ વોટ ની કન્વેન્શનલ ટ્યુબ લાઇટ ને બદલી તેની જગ્યાએ ૨૦ વોટની કુલ ૪૦૦૦ નંગ LED ટ્યુબલાઇટ લગાડવામાં આવેલ છે, ઉપરાંત ત્રણેય ઝોન ની મુખ્ય ઓફિસ બિલ્ડીંગ માં POP બેઇઝ ૬૫૬ નંગ કન્વેશનલ લાઇટોને દુર કરી તેની જગ્યાએ કુલ ૬૫૬ નંગ LED લાઇટો લગાડવામાં આવેલ છે. જેને લીધે વીજ વપરાસ માં ૫૬ % જેટલી વીજ બચત થાય છે જેનાથી વાર્ષિક કુલ ૨,૪૮,૬૫૦ વિજ યુનીટ ની બચત થવા પામશે તથા કુલ રૂ! ૧૯,૮૯,૨૦૦ ની વાર્ષિક બચત થશે. આ ઉપરાંત વાતાવરણમાં વાર્ષિક ૨૦૪ ટન જેટલો ગ્રીન હાઉસ ગેસ એમિશન માં ઘટાડો થશે.તેમજ LED લાઇટની આયુષ્ય વધારે હોય, મેન્ટેનન્સ ખર્ચ પણ ઘટવા પામશે.

❖ <u>LED હાઈમાસ્ટ લાઈટીંગ :-</u>

ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન શહેરના અલગ-અલગ ૦૬ જેટલા મુખ્ય ચોકમાં રૂ.૨૩.૦૦ લાખ ના ખર્ચે એલ.ઇ.ડી. હાઈમાસ્ટ લાઈટો મુકવાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માં શહેરના અલગ-અલગ ૦૩ જેટલા મુખ્ય ચોકમાં રૂ.૨૦ લાખ ના ખર્ચે એલ.ઇ.ડી. હાઈમાસ્ટ લાઈટો મુકવાનું આયોજન છે.

❖ <u>સ્માર્ટ રોડ : (</u>PGVCL દ્વારા DISS તેમજ IPDS સ્કિમ હેઠળઅન્ડરગ્રાઉન્ડ કેબલ લેઈંગ)

રાજકોટ શહેરમાં ટ્રાફિકની સમસ્યા દુર કરવા, વિના વિક્ષેપ વીજ પુરવઠો જળવાઇ રહે, સ્માર્ટ સીટી ને અનુરૂપ અંડરગ્રાઉન્ડ કેબલ લેઇગ કરવાની કામગીરી IPDS સ્કિમ હેઠળ પીજીવીસીએલ દ્વારા રાજકોટ શહેર માં રાજકોટ મહાનગરપાલિકાના સંકલનમાં રહી નીચેની વિગતે કામગીરી હાથ ધરવામાં આવેલ છે. IPDS સ્કિમ હેઠળ ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં રૂ. ૩,૬૭૫ લાખના ખર્ચે અંદાજે ૨૭૫ કી.મી. જેટલી ૧૧ કે.વી. અન્ડરગ્રાઉન્ડ કેબલ લેઈંગની કરવાની કામગીરીનું આયોજન હાથ ધરેલ છે. જે અંતર્ગત હાલ ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ માં ૦૯ કી.મી. જેટલું કામ પૂર્ણ થયેલ છે. આ સંપૂર્ણ પ્રોજેક્ટ પૂર્ણ થયે સાતત્ય પુર્ણ વીજ પુરવઠો જળવાઇ રહેવા ઉપરાંત શહેરની સુંદરતામાં વધારો થવા પામશે

આ પ્રોજેક્ટમાં સમાવિષ્ટ માર્ગોમાં પુષ્કરધામ રોડ અને કાલાવાડ રોડનો સમાવેશ થાય છે.

૧૩. સેન્ટ્રલ વર્કશોપ

સેન્ટ્રલ વર્કશોપ શાખા દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની તમામ શાખાના અંદાજીત ૭૨૫ જેટલા વાહનોનું રીપેરીંગ સેન્ટ્રલ વર્કશોપ શાખા દ્વારા કરવામા આવે છે.આ ઉપરાંત મધ્યસ્થ ડિઝલ પંમ્પનું સંચાલન પણ સેન્ટ્રલ વર્કશોપ શાખા દ્વારા કરવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકાની બધા વાહનોમાં પુરવામાં આવતા ડિઝલનું મોનીટરીંગ માટે ફ્યુઅલ મોનીટરીંગ સોફ્ટવેર પણ ડેવલોપ કરવામાં આવેલ છે, આગામી વર્ષમાં સેન્ટ્રલ વર્કશોપ શાખાનું મોડર્નાઈઝેશન કરવામાં આવશે.

આ ઉપરાંત ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ માં ડ્રેનેજ શાખાના ઉપયોગ માટે ૦૪ નંગ જેટીગ મશીન ખરીદવાનુ કામ હાલમાં ચાલુ છે. ડ્રેનેજ શાખાના ઉપયોગ માટે ૧૫ નંગ હાઇડ્રોલીક ઓપરેટેડ ડી-સીલ્ટ (ગ્રેબ બકેટ) ખરીદવાનુ કામ; તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના ઉપયોગ માટે ૦૬ નંગ ફ્રન્ટ એન્ડ લોડર વીથ બેકહો મશીન ખરીદવાનુ કામ હાલ માં ચાલુ છે.

આગામી વર્ષ ૨૦૧૮-૧૯માં ફાયરબ્રીગેડ વિભાગ હાઇડ્રોલિક પ્લેટફોમ, ફોર્મ ટેન્ડર, મીની ફાયર ફાઇટર જેવા વાહનોની ખરીદી જરિયાત મુજબ ખરીદવામાં આવશે તેમજ રાજકોટ મહાનગરપાલિકાની તમામ શાખાની જરિયાત મુજબ વાહનો અને સાધનોની ખરીદી સેન્ટ્રલ વર્કશોપ શાખા દ્વારા કરવામાં આવશે.

૧૪. જાહેર સલામતી (ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ)

રાજકોટ મહાનગરપાલિકા, ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ જે માત્ર રાજકોટ શહેર જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં ઇમરજન્સી સેવા પૈકી આગ-અકસ્માત તેમજ કુદરતી આપતીઓની બચાવ કામગીરીમાં આપતિ વ્યવસ્થાપનનું કાર્ય કરે છે. હાલમાં રાજકોટ મહાનગરપાલિકા, ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ હસ્તક સાત (૭) ફાયર સ્ટેશન તેમજ ગુજરાત સરકાર GSDMA દ્વારા ઇમરજન્સી રીસ્પોન્સ સેન્ટર-૦૧ ની તેમજ આધુનિક સાધાન સામગ્રીના મેઇન પાવર સાથે સહજતા ધરાવે છે.

- તમામ મેજર જંકશન્સ તથા સરકારી મુખ્ય બિલ્ડીંગ પર એડ્રેશ સિસ્ટમ લગાવવામાં આવશે.

- શહેરમાં વધારાનાં સ્થળોએ L.E.D. સ્ક્રીન મુકી શહેરજનો માટે અગત્યની માહિતી બ્રોડકાસ્ટ કરવાનું આયોજન છે.

ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ પાસે એક હાઇડ્રોલીક પ્લેટફોર્મ ૪૫ મીટરનું ઉંચાઇવાળું વાહન છે. તેમજ આ વાહન બે વર્ષ પહેલા ખરીદ કરેલ છે. રાજકોટ મહાનગરમાં નવો વિસ્તાર વાવડી, કોઠારીયા ભળતા રાજકોટ શહેરનો વ્યાપ વધતા રાજકોટ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝની ઇમરજન્સી સેવાની જવાબદારીઓમાં વધારો થયેલ છે.

તેમજ મોરબી રોડ વિસ્તારમાં નવું માર્કેટીંગયાર્ડ, શાળા કોલેજો તથા રેલનગર વિસ્તારમાં આવાસ યોજનાના બિલ્ડીંગો તથા રહેણાંક સોસાયટીઓનો વ્યાપ વધાતા શહેરના વિકાસને ધ્યાનમાં રાખીને ઇમરજન્સી સેવામાં વધારો કરવા સાથે વર્ષ ૨૦૧૮-૧૯ માં ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝને અદ્યતન તેમજ સક્ષમ બનાવવા માટે ૦૨- મીની રેસ્ક્યુ, વોટર ટેન્કર-૦૪(ચાર), ૦૨(બે) મીની ફાયર ફાયટર એન્ડ કેન ૦૪(ચાર) એમ્બ્યુલન્સ, ૦૮-એલ્યુમીનરેટ ફાયર સુટ(ફાયર એન્ટ્રી સુટ), ૦૧ (એક) હાઇડ્રોલીક પ્લેટ ફોમ ૮૫ મીટર ની ખરીદી સને ૨૦૧૮-૧૯માં કરવાની થાય છે જેનો અંદાજીત ખર્ચ રૂા.૧૮૦૦/- લાખ થનાર છે.

રાજકોટ ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીઝ તથા ઇ.આર.સી. સેન્ટર સંયુક્ત રીતે આગના બનાવોમાં વધારો ન થાય તે માટે પબ્લીક જાગૃતી માટેના કાર્યક્રમો આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માં કરવાનું આયોજન છે. જેમાં શાળા કોલેજોના વિદ્યાર્થીઓ, એસ.આર.પી. જવાનો, પોલીસ જવાનો, હોમગાર્ડ જવાનો તથા જુદી જુદી નગરપાલિકાના ફાયરના જવાનોને ફાયર સેફ્ટીની જાણકારી અને ટ્રેનીંગનું આયોજન કરવામાં આવશે. જેમા રૂા.૩ (ત્રણ) લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

૧૫. આરોગ્ય શાખા

આરોગ્ય વિભાગ દ્વારા શહેરના માત્ર ગરીબ વર્ગના જ લોકો માટે જ નહિ પરંતુ અન્ય તમામ વર્ગના નાગરિકોના સ્વાસ્થ્યની જાળવણી માટે જુદા જુદા પગલાઓ લેવાઈ રહ્યા છે. જેના લીધે વધુને વધુ નાગરિકો આરોગ્ય સેવાઓનો લાભ લઈ રહ્યા છે. આ કાર્યને વધુ એક કદમ આગળ લઈ જઈ આરોગ્ય સેવાઓના માળખાને વધુ સુદ્રઢ બનવી શહેરને શક્ય હોય ત્યાં સુધી રોગચાળાથી દૂર રાખવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે.

ગત વર્ષે થયેલ કામગીરી ઉપર એક દ્રષ્ટિપાત કરીએ તો.....

- શહેરના તમામ ૧૮ વોર્ડમાં ૨૧ આરોગ્ય કેન્દ્રો દ્વારા આરોગ્ય સેવાઓ આપવામાં આવે છે. જેમાં વર્ષ દરમ્યાન ૭ લાખ કરતા વધુ દર્દીઓને નિદાન તથા સારવાર, ૩ લાખ કરતા વધુ લેબોરેટરી તપાસ, ૧,૧૦,૦૦૦ કરતા વધુ દર્દીઓને સ્પેશ્યાલીસ્ટ ડોકટર (સ્ત્રી રોગ તથા બાળ રોગ)ની સેવાઓ, માતા તથા બાળકોને જુદી જુદી રસીકરણ સેવાઓ, એન્ટી રેબીસ વેક્સીનેશનનો ૧૭૭૭ જેટલા દર્દીઓને લાભ આપવામાં આવ્યો
- તમામ આરોગ્ય કેન્દ્રો પર ૭૦ જેટલી જુદી જુદી આવશ્યક દવાઓ તેમજ હડકવા વિરોધી રસી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. તથા મુખ્યમંત્રી નિદાન યોજના અંતર્ગત જુદા જુદા ૧૭ લેબોરેટરી ટેસ્ટ પણ કરવામાં આવે છે. આ તમામ સુવિધા વિનામૂલ્યે આપવામાં આવે છે.
- સરકારશ્રીના સંપૂર્ણ રસીકરણ અભિયાનના ભાગરૂપે કોઈપણ કારણસર રસીકરણથી વંચિત રહી ગયેલા માતા તથા બાળકોને રસીકરણ કરવા માટે ખાસ "મિશન ઈન્દ્રધનુષ" પ્રોગ્રામ શરૂ કરવામાં આવેલ છે. જેમાં વર્ષમાં ૧૧ હજાર કરતા પણ વધુ રસીકરણ સેશન કરવામાં આવેલ છે
- ક્વોલીફાઈડ તાલીમબદ્ધ ડોકટરો દ્વારા આરોગ્ય સેવાઓ આપવામાં આવે છે. તેમજ "દર્દીઓ પ્રત્યે સંવેદનાસભર મૈત્રીપૂર્ણ અભિગમ" દાખવવામાં આવે છે.

- રાજકોટ મહાનગરપાલિકાના શહેરી વિસ્તારમાં આવેલ પછાત વિસ્તારોમાં રહેતા ગરીબ લોકોની સારવાર કરવા માટે ૨ (બે) મોબાઈલ ડિસ્પેન્સરી દ્વારા ૫૧,૨૬૮ દર્દીઓને તપાસી દવા આપવા, પાટા પીંડી કરી સેવાઓનો લાભ આપવામાં આવેલ.
- મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત માં વાત્સલ્ય કાર્ડના તથા માં યોજનાના ૧,૪૦,૦૦૦ કરતા વધુ લાભાર્થીઓને સ્માર્ટ કાર્ડ આપવામાં આવ્યા.
- રાજકોટ શહેરી વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોને જુદા જુદા રોગો જેવા કે હાર્ટ, કીડની, આંખ,થેલેસેમિયા, ડાયાબીટીસ, કેન્સર જેવા રોગોની સારવાર માટે જુદી જુદી સંસ્થાઓને ૧.૧૦ (એક કરોડ દસ લાખ) આર્થિક સહાય ચુકવવામાં આવી.
- કેન્સર/એઇડ્સ/ટી.બી.ના દર્દીઓને આર્થિક સહાય આપવાની શરૂઆત કરવામાં આવી. જેમાં કુલ ૯૫૧ જેટલા કેન્સર/એઇડ્સ/ ટી.બી.ના દર્દીઓને ૩૬.૫૦ લાખ આર્થિક સહાય આપવામાં આવી હતી.

➢ આગામી વર્ષનું આયોજન

❖ આરોગ્ય શાખાનું નવું સેટઅપ

રાજકોટ મહાનગરપાલિકા અત્યંત સંવેદનશીલ અભિગમ અપનાવી શહેરીજનોના સ્વાસ્થ્યની કાળજી લેતા આરોગ્ય સેવાઓનો વ્યાપ વધુ વિસ્તારવાનું અયોજન ધરાવે છે. આ માટે નવા શહેરી આરોગ્ય કેન્દ્રો બનાવવા ઉપરાંત અન્ય એક મહત્વપૂર્ણ કદમ રૂપે જિલ્લા પંચાયતની માફક રાજકોટ મહાનગરપાલિકામાં વધારાનું નવું સેટઅપ ઉભું કરવા રાજ્ય સરકારશ્રીને અનુમતિ મેળવવા પ્રસ્તાવ મોકલવામાં આવશે. આરોગ્ય શાખાના નવા સેટઅપમાં કુલ ૭ (સાત) નવા અધિકારીઓ સામેલ થશે. જેમાં.....

૧. ચીફ કોર્પોરેશન હેલ્થ ઓફિસર
૨. એડિશનલ કોર્પોરેશન હેલ્થ ઓફિસર
૩. RCHO (Reproductive Child Health Officer)
૪. એપીડેમિયોલોજિકલ મેડિકલ ઓફિસર
૫. ક્વાલિટી કન્ટ્રોલ મેડિકલ ઓફિસર
૬. કોર્પોરેશન પ્રોગ્રામ કોઓર્ડીનેટર
૭. મેલેરિયા ઓફિસર

❖ નવા આરોગ્ય કેન્દ્રો :

- કોઠારિયા, વાવડી, છોટુનગર, મોરબી રોડ, સંતોષનગર અને પોપટપરા વિસ્તાર માટે એક એક નવું શહેરી આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવશે.
- ડિજિટલ હેલ્થ કાર્ડ

શહેરીજનોને ડિજિટલ હેલ્થ કાર્ડ આપવા માટેના પાયારૂપ કાર્ય તરીકે મહાનગરપાલિકા શહેરના તમામ હેલ્થ સેન્ટરો, સિવિલ હોસ્પિટલ અને અન્ય હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ઇન્ટરલિંકિંગ કરી એક ડેટાબેઝ તૈયાર કરશે.

- **ત્રણ આરોગ્ય કેન્દ્રોનું આધુનિકરણ :**

  ભગવતીપરા, હુડકો અને વિજય પ્લોટ સ્થિત હેલ્થ સેન્ટરોનું આધુનિકરણ કરવામાં આવશે.

- **જન ઔષધી કેન્દ્રો :**

  રાજકોટ મહાનગરપાલિકા શહેરમાં જન ઔષધી કેન્દ્રોને પ્રોત્સાહન આપી લોકોને રાહત દરે દવા મળી રહે તેવા આશયથી નવા જન ઔષધી કેન્દ્રો માટે જગ્યા ફાળવાશે.

- **જન્મ નોંધણી કામગીરીનું વિકેન્દ્રીકરણ :**

  સિટી સિવિક સેન્ટરોમાં પણ જન્મ નોંધણીની કામગીરી શરૂ કરાવી લોકોને પોતાના વિસ્તારમાં આ સેવા ઉપલબ્ધ બનાવવામાં આવશે.

- **ઇલેક્ટ્રિક સ્મશાન :**

  આગામી વર્ષમાં કોઠારિયા અને મોરબી રોડ વિસ્તારમાં હયાત પરંપરાગત સ્મશાનનું ઇલેક્ટ્રિક સ્મશાનમાં રૂપાંતર કરવામાં આવશે.

- **કબીરવન ખાતે હેલ્થ ટ્રેઈનીંગ સેન્ટર :**

  રાજ્ય સરકારની ૧૦૦ % ગ્રાન્ટ આધારિત કોર્પોરેશન ટ્રેનીંગ સેન્ટર ચાલુ કરવું જેમાં તમામ આરોગ્યલક્ષી સેવાઓની ટ્રેનીંગ આપવામાં આવશે. હાલમાં આ ટ્રેનીંગ માટે રાજ્ય કક્ષાએ અથવા જીલ્લા કક્ષાએ લેવી પડે છે.

- **24 X 7 હેલ્થ સેન્ટર :**

  ૮૦ ફૂટ રોડ પર આવેલ આરોગ્ય કેન્દ્રમાં ફ્રરોજ ચોવીસે કલાક આરોગ્ય સેવા પ્રાપ્ત થાય એ માટેનું આયોજન કરવામાં આવશે.

  - આ સેવાનો આશય લોકોને ઉચ્ચ ક્વાલિટીની સ્વાસ્થ્ય સેવા પ્રદાન કરવાનો છે.
  - આ નિ:શૂલ્ક સેવાથી લોકોને આર્થિક દાયદો થશે.

- મોડેલ આંગણવાડી :

  રાજકોટ શહેરી વિસ્તારની આંગણવાડી ખાતે આવતી સુવિધાઓને અપગ્રેડ કરી ૧૮ આંગણવાડીઓને મોડેલ આંગણવાડી તરીકે વિકસાવવનું આયોજન છે જેના માટે રૂ. ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

- **સ્માર્ટ આંગણવાડી :**
  રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્માર્ટ સિટીના પાન સિટી ઇનિશિયેટિવ હેઠળ ૩૦ સ્માર્ટ આંગણવાડી તરીકે વિકસાવવનું આયોજન છે, જેને મોબાઈલ એપ., ટી.વી., સોફ્ટવેર સપોર્ટ પ્રાપ્ત થશે.

- દરેક વોર્ડ ઓફિસથી નોંધાયેલ જન્મ સર્ટીફીકેટની નકલ નિયમઅનુસાર ફી ભરીને મળી શકશે.
- રાજકોટના ૧૦૦ % પ્રસુતિગૃહોને હોસ્પીટલમાંથી બાળકોની જન્મની એન્ટ્રી થાય તે અંગે કાર્યવાહી કરવામાં આવશે. બાળકની જન્મની સાથે જન્મની માહિતી ઉપરાંત બાળકની ડેટા બેંક તૈયાર કરવામાં આવશે.
- નાગરિકોને હૃદય, કેન્સર તથા આંખને લગતા દર્દોની સારવાર વિનામૂલ્યે મળી રહે તે માટે સત્યસાંઇ હાર્ટ હોસ્પિટલને વાર્ષિક ૫૦ લાખ ગ્રાન્ટ, કેન્સર હોસ્પિટલને વાર્ષિક ૧૦ લાખ અને બી.ટી સવાણી હોટલ હોસ્પિટલને વાર્ષિક ૧૦ લાખ ગ્રાન્ટ, તથા રણછોડદાસજી આંખની હોસ્પિટલ (સદગુરૂ ચેરીટેબલ ટ્રસ્ટ)ને વાર્ષિક ૩૦ લાખ ગ્રાન્ટ અનુદાનરૂપે આપવામાં આવશે.
- થેલેસીમિયાગ્રસ્થ બાળકોની સહાયતા માટે તથા જુવેનાઇલ ડાયાબીટીસથી પીડાતા દર્દીઓની સહાયતા માટે રૂ. ૫-૫ લાખની ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવેલ છે.

૧૬. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ હસ્તકની શાળા નં ૭૭,૫૩ અને ૪૯ ભાડુતી મકાનમાં બેસતી હોઈ, ગુજરાત સરકારના સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નવા બિલ્ડીંગ બનાવવાની મંજૂરી મળી ગયેલ છે. જે અન્વયે શાળા નં ૮૮ માટે ૮ રૂમની સુવિધા માટે રૂ. ૬૪,૦૦,૦૦૦/- શાળા નં - ૫૩ માટે ૬ રૂમની સુવિધા માટે રૂ. ૪૮,૦૦,૦૦૦/- તથા શાળા નં -૪૯ માટે ૮ રૂમની સુવિધા માટે રૂ. ૬૪,૦૦,૦૦૦,/- મંજુર થયેલ છે. આગામી વર્ષમાં આ શાળાઓ માટે નવા સુવિધાસભર બિલ્ડીંગ મળવામાં છે.

રાજકોટ મહાનગરપાલિકાના સુચન અને સહયોગ થકી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટના પાત્રતા ધરાવતી કન્યાઓ માટે સુકન્યા સમૃધ્ધી યોજના અમલી છે. આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે આ યોજનામાં રૂ.૩૬,૦૦,૦૦૦/- ની જોગવાઈ કરવામાં આવેલ છે, જે અન્વયે આ યોજનામાં જોડાનાર કન્યાને વાર્ષિક રૂ. ૩૬૦/- ની સહાય ચુકવવામાં આવનાર છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટના બાળકો માટે મધ્યાહન ભોજન યોજના અમલી છે. તેમાં ગુણવત્તાસભર સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવે છે. આ ભોજન ગરમ મળી રહે તે માટેના સાધનો વસાવવામાં આવનાર છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓનું સ્થાયીકરણ થાય તથા બાળકોનું વધુ નામાંકન થાય એવા હેતુથી વાલીઓ સાથે સીધો સંવાદ યોજવા વાલી સંમેલનનું આયોજન કરવામાં આવે છે. આગામી વર્ષ પણ ત્રણેય ઝોનમાં વાલી સંમેલનનું આયોજન રાખવામાં આવેલ છે.

➢ **<u>માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનું અંદાજપત્ર</u>**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત છ (૦૬) માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓમાં જરૂરીયાતમંદ પરિવારના ૧૨૩૭ વિધાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

શાળામાં પ્રવેશ મેળવતા તમામ વિધાર્થીઓને ગણવેશ બે જોડી જીન્સ,ટી-શર્ટ, બુટ –મોંજા આપવામાં આવે છે. ગત વર્ષ થી નિયત કર્યા મુજબ દરેક વિધાર્થીને મહાનગરપાલિકાનાં લોગો વાળું દફતર (સ્કૂલબેગ) આપવાનું હોય તેથી પોશાક ખર્ચમાં ૩૦ લાખ ની જોગવાઈ કરવામાં આવેલ છે.

દરેક શાળામાં કમ્પ્યુટરનું ફરજિયાત શિક્ષણ આપવાનું હોય તેથી વર્ષ ૨૦૧૭-૧૮ માં નવા કમ્પ્યુટર ખરીદ કરવાના હેતુથી સાધનસામગ્રી અને કમ્પ્યુટર ખરીદી હેડમાં રૂા.૩૦.૮૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી હાલ ખરીદીની પ્રક્રિયા ચાલુ હોય રિવાઈઝડમાં જોગવાઈ ચાલુ રાખવી. તેથી વર્ષ ૨૦૧૮-૧૯ માં નવા કમ્પ્યુટર ખરીદ કરવાના હેતુથી સાધનસામગ્રી અને કમ્પ્યુટર ખરીદી હેડમાં રૂા.૧૭.૩૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

દરેક શાળાનો એક સંયુક્ત વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવે છે તેમજ વર્ષ દરમ્યાન શૈક્ષણીક પ્રવાસ તેમજ અન્ય પ્રવૃતીઓ જેવી કે ક્વિઝ સ્પર્ધા. રમતોત્સવ , રાસ ગરબા , વકતૃત્વ , ગણિત –વિજ્ઞાન પ્રદર્શન વગેરે માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિ તેમજ વિધાર્થી પ્રવાસ હેડમાં રૂા.૧૦.૮૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. શાળા ઈમારત મરામત ખર્ચ હેડમાં શ્રી વીર સાવરકર વિધાલય તેમજ અન્ય હાઈસ્કૂલમાં શાળાના મકાન ને રંગરોગાન તેમજ રીપેરીંગ કરવાનું હોય તેથી ૧૮.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

૧૭. પ્રોજેક્ટ – સક્ષમ રાજકોટ

- નવા ૭ "City livelihood centres" આયોજન હાથ ધરવામાં આવશે.
- શહેરમાં કામ કરી રહેલા સુથારી કામ, કડિયા કામ, લુહારી કામ, પ્લમ્બિંગ કામ જેવી ૬૭ સેવાઓની એક સંકલિત ડેટા બેંક ઉભી કરવામાં આવશે. જેની વિગતો સિટી સિવિક સેન્ટરો તથા પસંદગીની વોર્ડ ઓફિસો પર ઉપલબ્ધ બનાવવામાં આવશે. આ શ્રમિકોને યોગ્ય તાલીમ મળી રહે તેવી વ્યવસ્થાનું આયોજન છે.
- સિટી સિવિક સેન્ટરમાં સેવા કેન્દ્ર ઉભા કરવામાં આવશે.
- હોસ્પિટલ ચોકમાં એક નવા રેન બસેરાનું આયોજન છે.
- રૈયા સ્માર્ટ સિટી ખાતે આગામી વર્ષમાં એક શેલ્ટર હાઉસ બનાવવાનું આયોજન.

- **એન.યુ.એલ.એમ.**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એન.યુ.એલ.એમ. યોજના અંતર્ગત કુલ ૮૩૫ સખીમંડળોની રચના કરવામાં આવેલ છે, જેમાંથી ૫૧૩ સખીમંડળોને કુલ રૂ.૫૧,૩૦,૦૦૦/- રિવોલ્વિંગ ફંડ ચુકવવામાં આવેલ છે. આ ઉપરાંત ૪ એરિયા લેવલ ફેડરેશન રચના કરવામાં આવેલ છે.

સ્વરોજગાર કાર્યક્રમ (SEP) ઘટક હેઠળ શહેરી ગરીબ વ્યક્તિઓ/જૂથોનાં કૌશલો, તાલીમ, વિશેષ અભિરૂચિ અને સ્થાનિક પરિસ્થિતિને અનુકુળ હોય એવાં લાભપ્રદ સ્વરોજગાર સાહસો/લઘુ ઉદ્યોગ સાહસો ઉભાં કરવા માટે ૭ ટકાનાં વ્યાજદર પર વ્યાજૂકી સહાય ઉપલબ્ધ કરાવવામા આવે છે. જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ માં કુલ ૨૯૦ અરજીઓ બેંક માફરત મંજૂર કરવામાં આવેલ તથા રૂ.૧૧,૨૩,૦૦૦/- વ્યાજ સબસીડી પેટે ચુકવવામાં આવેલ છે. તેમજ ૮ જૂથને જૂથલોન સ્વરોજગાર યોજના હેઠળ બેંક મારફત મંજૂર કરવામાં આવે છે.

કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ (ESTP) ઘટક અન્વયે વર્ષ ૨૦૧૭-૧૮ માં કુલ ૧૦ તાલીમી સંસ્થાઓ દ્વારા ૧૩ તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. જેમાં જુદા જુદા તાલીમી કોર્ષમાં કુલ ૫૦૫ લાભાર્થીઓ હાલ તાલીમ મેળવી રહ્યા છે. યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં તાલીમ મેળવેલ લાભાર્થીઓની વિગતો નીચે મુજબ છે.

વર્ષ	તાલીમ પૂર્ણ કરેલ તાલીમાર્થીઓ	પ્રમાણપત્ર મેળવેલ તાલીમાર્થીઓ	પ્લેસમેન્ટ થયેલ તાલીમાર્થીઓ
૨૦૧૫-૧૬	૨૨૭	૧૨૦	૧૦૭
૨૦૧૬-૧૭	૪૨૯	૧૧૭	૨૦
૨૦૧૭-૧૮	૪૮૧	૩૨૪	૩૦૭
કુલ	૧૧૩૭	૫૭૧	૪૩૪

- **"સક્ષમ રાજકોટ" પ્રોજેક્ટ તરફ પ્રથમ ડગલું "સંવેદના"**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જરૂરીયાતમંદ ગરીબ લોકોના લાભાર્થે સક્ષમ રાજકોટ પ્રોજેક્ટ હાથ ધરાયેલ છે. જે અંતર્ગત શહેરના સાધન સંપન્ન લોકો પાસેથી, સેવાકીય સંસ્થાઓ પાસેથી, મહાનગરપાલિકાના ફંડમાંથી તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓમાંથી જરૂરીયાતમંદ ગરીબ લોકોને ત્રણેય સીઝન દરમ્યાન ગરીબ લોકો માટે કોઈ ને કોઈ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેમ કે, ઉનાળામાં સૌ કોઈ માટે છાસ વિતરણ, શિયાળા અને ચોમાસામાં રાત્રે રોડ પર સુઈ રહેતા નિરાધાર લોકો માટે રેનબસેરામાં રહેવા સુવા માટેની અને જમવાની વ્યવસ્થા કરવામાં આવે છે. આ ઉપરાંત જુદા જુદા તહેવારો પર જનસહયોગ સાથે જરૂરીયાતમંદ ગરીબ લોકોને જરૂરી ચીજ વસ્તુઓ આપવામાં આવે છે.

અહી એ યાદ અપાવીએ કે, મહાનગરપાલિકા દ્વારા સ્વૈચ્છીક સંસ્થાઓનાં સહયોગથી સુખી સંપન્ન લોકોથી જરૂરીયાતમંદ લોકો સુધી વસ્તુઓ પહોચાડવાના હેતુસર "સંવેદના"પ્રોજેક્ટ હેઠળ નીચેની વિગતે વસ્તુઓનું એકત્રીકરણ અને વિતરણ કરવામાં આવેલ હતું.

"સક્ષમ રાજકોટ " પ્રોજેકટ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની ૮૦ ગુજરાતી માધ્યમની શાળાઓ તથા ૩ અંગ્રેજી માધ્યમની શાળાઓ તથા મહાનગરપાલિકા હસ્તકની ૬ હાઇસ્કૂલોના વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ કેળવાય તે હેતુસર "જ્ઞાનપરબ" હેઠળ દરેક શાળા લાઈબ્રેરીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- <u>નવુ શેલ્ટર હાઉસ</u>

  રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હોસ્પિટલ ચોક પાસે આવેલ શાળા નં ૧૦ ના જુના બિલ્ડીંગના સ્થાને રૂ.૨.૮૫ કરોડના ખર્ચે નવી ડોર્મીટરી બનાવવાની કામગીરી શરૂ છે. જેમાં મળવાપાત્ર ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

- <u>આધુનિક ડોર્મીટરી</u>

  વેસ્ટઝોન વિસ્તારમાં હાલમાં કોઈ ડોર્મીટરી (રેનબસેરા) ની વ્યવસ્થા ન હોય, તો તે માટે GULM/NULM અંતર્ગત આધુનિક ડોર્મીટરી બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવશે.

૧૮. બગીચા શાખા તથા રાજકોટ ઝૂલોજિકલ પાર્ક

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના નગરજનોની સુવિધાઓ શહેરના સામાન્યરીત વિકાસને ધ્યાને લઇ પૂરી પાડવામાં આવે છે. આ સાથો સાથ શહેરની સુંદરતામાં વધારો થાય, શહેર સુરમ્ય અને પર્યાવરણમય – હરિયાળું બને શહેરના નાગરિકો તેમજ બહારથી ફરવા આવતા નાગરિકો વિગેરેને હરવા ફરવાના સૌમ્યો અને પ્રાકૃતિક સ્થળો મળે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસની સાથોસાથ શહેરના હૈયાત બગીચાઓના નિભાવ ઋતુ આનુસંગિક સુધારાઓ, નવા બગીચાઓ, સામાજિક વનીકરણ, ધનીષ્ટ વનીકરણ, રોડ સાઈડ વૃક્ષારોપણ, સીનીયર સીટીઝન પાર્ક તથા શહેરના રાજમાર્ગ ઉપર હરિયાળી છવાઈ અને શહેરમાનું પ્રદુષણ ઘટે તે માટે રોડ સેન્ટ્રલ વર્ઝમાં સદારહિત પ્લાન્ટ્સનું વાવેતર સાથોસાથ શહેરના ચૌરાહી પરના ટ્રાફિક જંકસન્સ વગેરેના ડેવલપમેન્ટની કામગીરી અને શહેરના નવા વિસ્તારોમાંના ભાગોમાં નાના મોટા નવા બગીચાઓ, બગીચાઓમાં મોર્નિંગ-ઇવનિંગ વોકની સુવિધાઓ, બાળકો માટેના બાલ્કીડાગણનાં સાધનો, આમ પ્રજા માટે બેઠકની વ્યવસ્થા અને નિયમિત જાળવણી નિભાવણી વિગેરે કરવામાં આવે છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી <u>૨૦૧૮-૧૯</u> વર્ષમાં આ પ્રમાણે કામગીરી હાથ ધરવાનાં આયોજન છે.

- **<u>નવા બગીચા-બાલ્કીડાગણ, સીનીયર સીટીઝન પાર્ક</u>**

શહેરના વિકસિત વીસ્તારોમાં નાના મોટા ગાર્ડન વિગેરેના હેતુના પ્લોટ્સ તેમજ આજીડેમ વિસ્તારોના ખુલ્લા ટેકરાળા ભાગોમાં અદ્યતન લેન્ડ સ્કેપિંગ સાથે રીકીએસ્નલ સુવિધાઓ તેમજ વિકાસ પામતા મોરબી રોડ, મવડી વિસ્તાર, રૈયા વિસ્તાર તેમજ રાજકોટ મહાનગરપાલિકાનો ક્ષેત્રીય વ્યાપ વધારતા વાવડી તેમજ કોઠારિયા વિસ્તારોમાં બાગીચાઓ તેમજ અન્ય ૨.૬૦ ચો.મી. ના અંદાજ ૨૧ સ્થળોમાં લોક સુવિધા કરવા માટે આધુનિક સાધનો તેમજ મશિનરી વિગેરે તેમજ ફિજીકલ ફીટનેસનાં સાધનો અને બાળકો માટે રમત ગમત નાં સાધનો મુકવાની વિવિધ કામગીરીઓ હાથ ધરવાનું આયોજન છે.

ક્રમ	વિકાસનો વિસ્તાર	બગીચા શાખાના અંદાજ ખર્ચ રૂા. લાખ
૧	ગોલ્ડન પાર્ક-રૈયા રોડ વિસ્તાર-૨૦૦૦ ચો.મી. અંદાજ	૨૨.૦૦
૨	રૈયા રોડ વેસ્ટ સાઈડ રામેશ્વર પાર્કને લાગુ ટી.પી. પ્લોટમાં ગાર્ડન - ૨૫૦૦ ચો.મી. અંદાજ	૩૨.૦૦
૩	અંબિકા ટાઉનશીપ ટી.પી. ૨૬ ફા. પ્લોટ. ૧૩ અ માં બગીચો તેમજ બાલક્રિડાંગણની કામગીરી - ૨૫૦૦ ચો.મી. અંદાજ	૩૨.૦૦
૪	અંબિકા ટાઉનશીપ ટી.પી. ૨૮ ફા. પ્લોટ. ૧૩ અ માં બગીચો તેમજ બાલક્રિડાંગણની કામગીરી - ૨૦૦૦ ચો.મી. અંદાજ	૨૨.૦૦
૫	આજી ડેમ વિસ્તારમાં જુના માછલીધરને લાગુ હિલ ડેવલેપમેન્ટ ૨૫૦૦ ચો.મી. અંદાજ	૩૫.૦૦
૬	કોઠારીયા ગામતળને લાગુ સરકારી ખરાબામાંગાર્ડન અને બાલક્રિડાંગણ: ૧૫૦૦૦ ચો.મી. અંદાજ)સરકારી જમીન-માંગણી)	૯૦.૦૦
૭	મોરબી રોડ ટી.પી. સ્કીમ ૨૦૦ ચો.મી. અંદાજ	૨૪.૦૦
૮	આજી ડેમ વિસ્તાર જુના હરણ પાર્ક લાગુ હિલ ડેવલપમેન્ટ ૨૫૦૦ ચો.મી. અંદાજ	૨૪.૦૦
૯	જામનગર રોડ બજરંગવાડીનેલાગુ પીમ-બેઇજ ગાર્ડન ૧૨૦૦૦ ચો.મી. અંદાજ	૭૫.૦૦
૧૦	પર્ણકુટિર ખાતે ગાર્ડન ડેવ. કરવાનું કામ	૨૫.૦૦

- **થીમ પાર્ક**

શહેરના જુદા જુદા વિસ્તારોમાં જગ્યા ની ઉપલબ્ધી મુજબ ન્યારી ડેમ ડાઉન સ્ટ્રીમ, બંધપણાનાં નીચેના ભાગે અંદાજે ૨,૦૦,૦૦૦ ચો.મી તથા આજીડેમના પાળાની સામેનાં ભાગે અંદાજે ૪૦,૦૦૦ ચો.મી માં થીમ પાર્ક બનાવવાનું આયોજન છે.

- **આજી ફોરેસ્ટ પાર્ક/ ન્યારી એમ્યુઝમેન્ટ પાર્ક**

શહેરની ભાગોળે આવેલ આજી ડેમ ખાતે શહેરીજનોને પ્રાકૃતિક સૌદર્ય માણવા મળે તે માટે ફોરેસ્ટ પાર્કનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરની પશ્ચિમે આવેલ ન્યારી ડેમ ખાતે એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવાનું પણ આયોજન છે. આ બન્ને પ્રોજેક્ટ માટે આગામી વર્ષમાં રૂા.૫ કરોડનો ખર્ચ થશે.

- **"આગવી ઓળખ "**

આ ઉપરાંત શહેરની **"આગવી ઓળખ "** ઉભી થાય તેમજ પર્યાવરણ સુધરે આમ પ્રજાજનો વિગેરેને સુવિધા સભર પ્રાકુતિક ભાગો નિરાંતનાં પળોમાં આનંદ પ્રમોદ માટે મળી રહે તે હેતુને ધ્યાને લઇ સારાકારશ્રીનાં અનુદાનની રકમમાંથી શહેરના ન્યારી ડેમના વિસ્તૃતિકરણનાં નજીકના ખુલ્લા ટેકરાળા ભાગોમાં અદ્યતન લેન્ડ સ્કેપિંગ સાથે રીક્રીએસ્નલ સુવિધાઓ ઉભી કરવાનું આયોજન છે, આ ઉપરાંત હયાત બગીચાઓ તથા નબળા વિસ્તારમાંથી આવતા બાળકો શિક્ષણમાં અભિરૂચી કેળવે અને તેઓને પણ કિલકિલાટ નો લાભ મળે તે બનાવવાયેલા "નંદઘર" માં બાલ્કીડાગણનાં સાધનો તેમજ વયસ્ક તેમજ ફરવા માટે આવેલા લોકો માટે સારી બેઠક વ્યવસ્થા ઉભી કરવા તેમજ શહેરના જુદા જુદા વિસ્તારોના બગીચાઓમા ચાર ફૂડકોર્ટ વિકસિત કારવાના આયોજન છે. આ ઉપરાંતથી શહેરના બગીચાઓ વિગેરેમાં જગ્યાનાં ભારણ તેમજ સ્થળ, સ્થિતી ધ્યાને લઇ ચાલુ સાલે ૪ નવા ફૂડકોર્ટ નિર્માણ કરી અને પ્રજાજનોને સુવિધા આપવાનો નિર્ધાર છે.

- **વૃક્ષારોપણ**

શહેરના સવિશેષ પ્રમાણમાં હરિયાળી થાય તેમજ પર્યાવરણ સુધરે તેમજ ભવિષ્યમાં આ વૃક્ષારોપણના ભાગોએ લોકઉપયોગી સુવિધા (સીનીયર સીટીઝન પાર્ક) ઉભી થાય તે રીતે ટી.પી. પ્લોટ્સમાં વૃક્ષારોપણ કરવામાં આવશે. ઉપરાંત શહેરમાં રોડ સાઈડ પ્લાન્ટેસન (૭૦૦૦ વૃક્ષો) સામાજિક વનીકરણ નદી કાઠાઓના વિસ્તારોમાં ધનિષ્ટ વનીકરણની કામગીરી મળી અંદાજ ૬૦,૦૦૦ વૃક્ષોનુ વાવેતર કરવાનું આયોજન છે.આ ઉપરાંત શહેરના વિકાસની સાથોસાથ રાજમાર્ગોની અંદાજ ૧૫ કી.મી. માં બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરવાથી શહેરના રસ્તાઓની સુંદરતામાં વધારો થશે. તેમજ સતત વધતા જતા ટ્રાફિકના કારણે ઉદભવતાં હવા, ધ્વની વિગેરેના પ્રદૂષણ ઘટાડી શકાશે.

- **સુંદર શહેર**

શહેરના ચૌરાહી-રોડ, સેન્ટ્રલ વર્ઝ, ટ્રાફિક જંકસન્સ વગેરેની શોભામાં વૃદ્ધિ થાય અને આવા જંકસનમાં પ્રદૂષણ ઘટે તે માટે સારે જાતના રોપાઓનું વાવેતર કરી શહેરને બનાવવાનો અભિગમ છે. સાથોસાથ શહેરના નાગરિકો વિગેરે તે ખરા અર્થમાં પ્રકૃતિની અનુભૂતિ કરાવતા "ફ્લાવર-શો" દ્વારા મનોરંજન પૂરું પાડવા સાથે રાજકોટમાં ઉછેરી શકાય તેવી વનસ્પતિ, ફૂલછોડ વગેરેની માહિતી આપવાનો પ્રયાસ છે.

રાજકોટ ઝૂલોજીકલ પાર્ક

રાજકોટ ઝૂલોજીકલ પાર્ક ખાતે હાલ આધુનિક અભિગમ મુજબનું પ્રાણીસંગ્રહાલય બનાવવામાં આવી રહ્યુ છે. પ્રાણી સંગ્રહાલયનો કુલ વિસ્તાર ૧૩૭ એકર છે. જેમાં મોટાભાગના વિસ્તારને વૃક્ષારોપણથી આવરી લેવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન પેરટ એવીયરી, વોક ઇન એવીયરી, સફેદ મોર, ભારતીય મોર તથા ધુડખર પાંજરાની કામગીરી પુર્ણ થતા અન્ય ઝુ પાસેથી પ્રાણીઓ- પક્ષીઓ મેળવી પ્રદર્શિત કરવામાં આવશે. ઝૂ ની મુલાકાતે પધારતા મુલાકાતીઓ દેશના જુદા જુદા વન્યપ્રાણીઓ-પક્ષીઓ તથા ગુજરાતના જુદા જુદા સ્થળોની સંસ્કૃતિ તથા ત્યાનાં વન્યપ્રાણીઓ વિશે જાણકારી મેળવી શકે તે માટે ઇન્ટરપ્રીટેશન સેન્ટરમાં ઇન્ટીરીયર કામગીરી ચાલુ છે.

હાલ રાજકોટ ઝૂ ખાતે **કુલ-૪૯** જુદી જુદી પ્રજાતિના પ્રાણી-પક્ષીઓ મળી **કુલ-૩૬૭** પ્રાણી-પક્ષીઓ પ્રદર્શિત કરવામાં આવે છે.

ચાલુ વર્ષમાં **ડિસેમ્બર-૨૦૧૭** સુધીમાં **કુલ ૪,૭૦,૮૫૫ મુલાકાતીઓએ** પાર્કની મુલાકાત લેતા કુલ રૂ.૯૪,૬૫,૩૮૦/- ની આવક થયેલ છે.

રાજકોટ ઝૂલોજીકલ પાર્ક ખાતે આગામી વર્ષમાં ઇન્ટરપ્રિટેશન સેન્ટરમાં વિવિધ ગેલેરીઓ બનાવવાનું કામ (ફેઇઝ-૨), જળબિલાડી માટે પાંજરૂ તથા બબુન જાતીનાં વિદેશી વાંદરા માટેનું પાંજરૂ બનાવી પ્રાણીઓ પ્રદર્શિત કરી ઝુનો વિકાસ કરવામાં આવશે. ઝુ ખાતે આધુનીક માછલીઘરના બાંધકામની કામગીરી પુર્ણ થતા મુલાકાતીઓ માટે આકર્ષક જુદી જુદી માછલીઓ પ્રદર્શિત કરી માછલીઘર શરૂ કરવામાં આવશે.

આ ઉપરાંત સાપઘર ખાતે આકર્ષક પ્રવેશદ્વાર તથા બુકીંગ ઓફીસ સામે અંદરના ભાગે આકર્ષક પ્રાણીઓની કૃતી વાળુ સર્કલ બનાવી નવો ગાર્ડન બનાવવામાં આવશે. ઝૂ ખાતે સોવેનીયર શોપ કાર્યરત કરવામાં આવશે. જેમાં મુલાકાતીઓ વન્યપ્રાણીઓનાં ફોટોગ્રાફ્સ, મોડલ્સ, ટેડી બીયર, ટોપી, ટી-શર્ટ, કી-ચેઇન, આયુર્વેદિક ઔષધિઓ તથા જુદી જુદી વન્ય પેદાશો, મધ વિગેરે ખરીદ કરી શકશે. ઝુ ખાતે મુલાકાતીઓની સુવીધા માટે વધુ બે (૦૨) બેટરીકાર વસાવવામાં આવશે. રાજકોટ શહેર તથા આસપાસની સ્કુલો-કોલેજોના વધુમાં વધુ વિદ્યાર્થીઓ ઝુ પ્રવાસે આવે તેવા પ્રયત્નો કરવામાં આવશે.

ઉપસંહાર:-

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ-૭૩ અનુસાર દર વરસે અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. અંદાજપત્ર ફકત એક કાયદાકીય વહીવટી પ્રક્રિયા નથી પરંતુ, મહાપાલિકાની વાત પ્રત્યેક નાગરિક સુધી પહોંચાડવાનું તથા લોકોની અપેક્ષાઓનો પડઘો પાડવાનું ઉત્તમ માધ્યમ પણ છે.

આપણો દેશ અને ગુજરાત રાજ્ય પરિવર્તનની દિશામાં કરવટ બદલી રહ્યા છે. આવા સંજોગોમાં મહાનગરપાલિકાએ કરકસરયુકત અને તેમ છતાં અસરકારક અને પરિણામલક્ષી વહીવટ આપવો એ એક મોટો પડકાર બની રહે તેમ છે. મારી દ્રષ્ટિએ આ બજેટ ઐતિહાસિક બની રહેશે. કેમકે, રાજકોટ મહાનગરપાલિકાશહેરના પ્રોપર્ટી ટેક્સના માળખામાં આમૂલ ફેરફાર કરીને કાર્પેટ ટેક્સ આકારણી પદ્ધતિ અપનાવવા જઈ રહી છે. આ પણ કાંઈ નાનોસુનો પડકાર નથી. તો વળી, આ બજેટની મુખ્ય લાક્ષણીકતાઓ ઉપર નજર ફેરવીએ તો સ્માર્ટ સિટી પ્રોજેક્ટ સૌથી મહત્વપૂર્ણ બની રહે છે. લોકો પોતાના વિચારો અને અભિગમમાં બદલાવ લાવી મહાનગરપાલિકા સાથે હાથ મિલાવે ત્યારે જ આ પડકારોને સફળતા પૂર્વક પહોંચી વળીશુ. આપણું રાજકોટ SMART, LIVABLE, SUSTAINABLE સિટી તરીકે વિકસે તેવા પ્રયાસો રહેશે.

એમ લાગે છે કે, આપણે રાજકોટ શહેરને સ્માર્ટ સિટી બનાવવા સખત જહેમત ઉઠાવી રહ્યા છીએ ત્યારે મહાનગરપાલિકાની ભૂમિકા વધુ ને વધુ વ્યાપક બની છે. તંત્રએ શહેરમાં રોડ, લાઇટ, ગટર, સફાઇ જેવી બુનિયાદી કામગીરીથી એક ડગલું આગળ ધપીને વિચારવું પડશે. શહેરની સામાજિક માળખાકીય સુવિધાઓમાં વૃધ્ધિ કરતા રહી તંત્રએ શહેરને સાંસ્કૃતિક દ્રષ્ટિએ પણ સમૃદ્ધ બનાવવું પડશે. રમત ગમત, કલા, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃતિઓ ઉપર પણ ધ્યાન કેન્દ્રીત કરવાનું થશે. આ તમામ બાબતો એવી છે જેમાં વહીવટી તંત્ર અને ચૂંટાયેલા નગરસેવકોના સહિયારા પ્રયાસોથી પ્રત્યેક નાગરિક "આ શહેર મારૂ છે અને તેના વિકાસમાં મારૂ યોગદાન પણ જરૂરી છે" એવી લાગણી જન્માવી શકશે તેવી શ્રધ્ધા છે. રાજકોટ શહેરની વિકાસગાથાને આગળ ધપાવવા સહભાગી થતા ચૂંટાયેલા પદાધિકારીશ્રીઓ, પ્રબુદ્ધ નગરજનો, પ્રિન્ટ તથા ઇલેકટ્રોનિક મીડિયાના પ્રતિનિધિશ્રીઓ તથા સર્વે નગરજનોનો આ તકે આભાર વ્યક્ત કરૂ છુ. રાજકોટ મહાનગરપાલિકા આપણા શહેરને વિકાસના ક્ષેત્રમાં નમૂનેદાર અને અગ્રેસર બનાવવાની અપેક્ષા સાથે બજેટ ૨૦૧૮-૧૯ની તમામ દરખાસ્તો સ્થાયી સમિતિ સમક્ષ સાદર રજુ કરવામાં આવે છે.

બંછાનિધિ પાની IAS
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

તા.૩૦/૦૧/૨૦૧૮

આર.એમ.સી.સી.૩૭૦

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૩૦/૦૧/૨૦૧૮

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

રાજકોટ મહાનગરપાલિકાનું નાણાંકીય વર્ષ સને ૨૦૧૭-૧૮નું રીવાઇઝડ અંદાજપત્ર તેમજ નાણાંકીય વર્ષ સને ૨૦૧૮-૧૯નું અંદાજપત્ર તૈયાર કરી આ સાથે રજૂ કરેલ છે. જે સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં રજૂ કરાવી ઘટિત ઠરાવ કરાવશો.

(સહી) બંછાનિધિ પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૩૭૧

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૩૦/૦૧/૨૦૧૮

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

વિષય : આગામી વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે સામાન્ય કર અને શિક્ષણ ઉપકર નિયત કરવા બાબત.

સંદર્ભ : (૧) જ.બો.ઠ.નં.૬૭ તા.૧૮.૦૨.૨૦૧૭

(૨) ટેક્ષ/સેન્ટ્રલ ઝોન/ફા.નં.૧૨૧૮/૨૦૧૭-૧૮

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન જી.પી.એમ.સી. એક્ટ ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ સામાન્ય કર અન્ય અન્ય જુદા-જુદા અન્ય કરવેરા નિયત કરવાના થાય છે.

જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૪૧-બી અન્વયે ઇમારતોના કાર્પેટ એરીયા અને જમીનોના વિસ્તારના ચો.મી. દીઠ ટેક્સના દર અને નિયમો નિયત કરેલ છે. જનરલ બોર્ડ ના ઠરાવ નં ૫૭ તા.૧૮.૦૮.૨૦૧૫ મંજુરી માટે સરકારશ્રીને મોકલાવેલ, પરંતુ સરકારશ્રીના પત્ર નં રમન /૮૦૨૦૧૫/૬૩૮/પી તા. ૨૧.૦૬.૨૦૧૬ દ્વારા ડિસેમ્બર-૨૦૧૫ માં થયેલ ચુંટણી અન્વયે જનરલ બોર્ડમાં ફરીથી ઠરાવ કરાવી દરખાસ્ત મોકલવા જણાવેલ, ઇમારતોના કાર્પેટ અને જમીનોના વિસ્તારના ચો.મી. મુજબ નિયમો મંજુર કરવા માટે ગત વર્ષે અલગથી દરખાસ્ત કરવામાં આવેલ છે જે જ.બો. દ્વારા પરત કરવામાં આવેલ. આ વર્ષે આ અંગે ફરીથી પત્ર નં ૩૨૧ અને ૩૨૨ તા. ૦૬.૦૧.૨૦૧૮ દ્વારા સ્થાયી સમિતિ મારફત જ.બો. માં નિર્ણય અર્થે દરખાસ્ત કરવામાં આવેલછે તેના પર નિર્ણય લેવાની પ્રક્રિયા ચાલુછે જે પરત્વે જ.બો. દ્વારા ઠરાવ થાય અને તેને સરકારશ્રીની મંજુરી મળે ત્યારબાદ અમલવારી ૦૧.૦૪.૨૦૧૮ થી કરવાની થશે. તેમજ ૩૧.૦૩.૨૦૧૮ સુધી હાલની પધ્ધત્તિ મુજબ વેરાની વસુલાત કરવાની રહે છે.

આમ જી.પી.એમ.સી એક્ટ ની કલમ ૧૪૧ – બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર અને શિક્ષણ ઉપકર નિયત કરવાના થાય છે જે નીચેની વિગતે દર્શાવેલ છે.

સામાન્ય કર :

સને ૨૦૧૮-૧૯ના વર્ષ દરમ્યાન, જમીનો તથા મકાનો માટે નીચે જણાવેલ દરો મુજબ સામાન્ય કર લેવા દરખાસ્ત છે. જેમાં બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ-૧૩૨માં જણાવેલ જમીનો તથા મકાનો કરમુક્ત રહેશે. કરપાત્ર કિંમતવાળા મકાનો તથા જમીન ઉપરનો સામાન્ય કર નીચે જણાવ્યા મુજબ રહેશે :

પ્રકાર	સામાન્ય કરના દર
રહેણાંક મિલ્કતો	રૂ.૧૧/- પ્રતિ ચો.મી.
બિન રહેણાંક મિલ્કતો	રૂ.૨૨/- પ્રતિ ચો.મી
લઘુતમ વેરો (રહેણાંક મિલ્કતો માટે)	રૂપિયા ૨૫૦/-
લઘુતમ વેરો (બિન રહેણાંક મિલ્કતો માટે)	રૂપિયા ૫૦૦/-

શિક્ષણ ઉપકર ના દરો :

સરકારશ્રીના ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ ૧૯૬૨ અન્વયેના વિધેયક ક્રમાંક ૧૩/૨૦૦૬ તા. ૧૬-૦૩-૨૦૦૬ અનુસાર ક્ષેત્રફળ આધારિત શિક્ષણ ઉપકરના દરો નીચે મુજબ રાખવા ભલામણ છે .

ક્રમ	વિગત	રહેણાંકની ઇમારતો માટે	રહેણાંક સિવાયની ઇમારતો માટે
૧	મિલકત વેરાની રકમ રૂ. ૨૦૦ સુધી હોયતો	માફી	માફી
૨	મિલકત વેરાની રકમ રૂ. ૨૦૦થી વધુ અને ૫૦૦ સુધી	૫ %	૧૦ %
૩	મિલકત વેરાની રકમ રૂ.૫૦૦થી વધુ અને ૩૦૦૦ સુધી	૧૦ %	૨૦ %
૪	મિલકત વેરાની રકમ રૂ. ૩૦૦૦ થી વધુ હોયતો	૧૫ %	૩૦ %

જો કલમ ૧૪૧-બી હેઠળ બનાવેલા નિયમો સરકારશ્રીની મંજુરી ન મળે તેવા સંજોગોમાં કલમ ૧૨૭, ૧૨૯ હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ ના બજેટમાં મંજુર થયા મુજબ સામાન્ય કર, સફાઇ કર, ડ્રેનેજ ટેક્ષ, દીવાબત્તી વેરો, ખુલ્લા પ્લોટ પરનો વેરો, થિએટર ટેક્ષ અને શિક્ષણ ઉપકર વિગેરે વસૂલ કરવાના રહેશે.

ઉપરોકત મુજબની કર વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી જરૂરી ઠરાવ કરાવશો.

(સહી) બંછાનિધિ પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૩૭૨

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૩૦/૦૧/૨૦૧૮

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

વિષય : આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે પાણી દર નિયત કરવા બાબત.
સંદર્ભ : વેરા વસુલાત સે.જો. ફા.નં ૧૨૧૮/૧૭-૧૮.

આગામી નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન જી.પી.એમ.સી.એક્ટ–૧૯૪૯ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તેમજ કલમ "૧૪૧(કક)" તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા નિયત કરવાનાં થાય છે. જે પૈકી વોટર ચાર્જ નિયત કરવાનો થાય છે.

પાણી દર :

હાલમાં પાણી વેરાના દર જ.બો.ઠ.નં.૪૭ તા.૧૮/૦૨/૨૦૦૮થી મંજુર થયા પ્રમાણે વસુલ કરવામાં આવે છે. શહેરને પાણી પુરૂ પાડવા માટે અલગ અલગ સ્ત્રોતોથી તથા નર્મદા યોજનાનુ પાણી જંગી ખર્ચથી મેળવવામાં આવે છે. ઘણી વખત અપુરતા વરસાદના સંજોગોમાં નિયમિત પાણી વિતરણ કરવુ પડકારરુપ હોવા છતાં ગયા વર્ષે દૈનિક ૨૦ મિનીટ પાણી વિતરણ કરેલ છે. આ માટે અલગ અલગ જળાશયોથી પંપીગ કરવા માટે ઘણો ખર્ચ કરવો પડે છે. સને ૨૦૧૮-૧૯ના વર્ષમાં આ સંબંધે કુલ ખર્ચ રૂા.૧૧૮ કરોડ જેટલો થવાનો અંદાજ છે. હાલના પાણીના દર મુજબ ગણતરી કરીએ તો માત્ર ૨૭% જેટલી જ વસુલાત થાય છે. સ્માર્ટ સીટી યોજના હેઠળ પાત્રતા પ્રાપ્ત કરવા પાણી સંબંધે થતો મહેસુલી ખર્ચ વસૂલ કરવો જરુરી છે. આથી સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે પાણી વેરાના દર નીચે મુજબ સુચવવામાં આવે છે.

(અ) લો-રાઇઝ રહેણાંક તથા ફ્લેટ ટાઇપના મકાનો અને રહેણાંક સિવાયના મકાનો માટે નળ કનેકશન સાઇઝ પ્રમાણે પાણી પુરૂ પાડવા માટે ઉપયોગ પ્રમાણે દર કલેન્ડર માસ અથવા તેના ભાગ માટે નીચે પ્રમાણે પાણીના દર વસુલવો.

૧/૨ ઈંચ કનેકશનનો પ્રકાર	પાણી નો દર
રહેણાંક કનેકશન	વાર્ષિક રૂા. ૧૬૮૦/–
બીન–રહેણાંક કનેકશન	વાર્ષિક રૂા. ૩૩૬૦/–

(બ-૧) મીટરથી પાણી પુરૂ પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી દેવાનું ફરજીયાત હોય છતા મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે વસુલવો.

નળ કનેકશનની સાઈઝ	સરકાર માન્ય શૈક્ષણિક સંસ્થાઓ તેમજ સરકારી રહેણાંક ઉપયોગ માટે ઓછો માસિક દર રૂા.	બીન-રહેણાંક , બાંધકામ માટે નો ઓછામાં ઓછો માસિક દર રૂા.
૩/૪" (૨૦ મી.મી.)	૧૦૦૮	૮૧૨૦
૧" (૨૫ મી.મી.)	૧૬૮૦	૧૩૪૪૦
૧ ૧/૪" (૩૦ મી.મી.)	૨૫૨૦	૨૦૧૬૦
૧ ૧/૨" (૪૦ મી.મી.)	૪૨૦૦	૩૩૬૦૦
૨" (૫૦ મી.મી.)	૬૭૨૦	૫૩૭૬૦
૨ ૧/૨" (૬૫ મી.મી.)	૧૦૦૮૦	૮૦૬૪૦
૩" (૮૦ મી.મી.)	૧૬૮૦૦	૧૩૪૪૦૦
૪" (૧૦૦ મી.મી.)	૨૫૨૦૦	૨૦૧૬૦૦
૬" (૧૫૦ મી.મી.)	૩૭૮૦૦	૩૦૨૪૦૦
૮" (૨૦૦ મી.મી.)	૫૦૪૦૦	૪૦૩૨૦૦
૧૨" (૩૦૦ મી.મી.)	૬૭૨૦૦	૫૩૭૬૦૦

(બ-૨) શહેરમાં એ.ઓ.પી.વાળા રહેણાંક મકાનો કે જેમાં મીટરથી પાણી પુરૂ પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી દેવાનું ફરજીયાત હોય છતાં મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે વસુલ કરવો.

નળ કનેકશનની સાઈઝ	રહેણાંક મકાનો માટેનો ઓછામાં ઓછો માસિક દર
૩/૪" (૨૦ મી.મી.)	૬૦૪
૧" (૨૫ મી.મી.)	૧૦૦૮
૧ ૧/૪" (૩૦ મી.મી.)	૧૫૧૨
૧ ૧/૨" (૪૦ મી.મી.)	૨૫૨૦
૨" (૫૦ મી.મી.)	૪૦૩૨
૨ ૧/૨" (૬૫ મી.મી.)	૬૦૪૮
૩" (૮૦ મી.મી.)	૧૦૦૮૦
૪" (૧૦૦ મી.મી.)	૧૫૧૨૦
૬" (૧૫૦ મી.મી.)	૨૨૬૮૦
૮" (૨૦૦ મી.મી.)	૩૦૨૪૦
૧૨" (૩૦૦ મી.મી.)	૪૦૩૨૦

(ક) મીટરથી લેવામાં આવતા પાણીના સરકાર માન્ય શાળા માટે રૂ. ૩૦/- તેમજ રહેણાંક ઉપયોગ માટે રૂ.૨૦/- દર ૧૦૦૦ દર લીટર દીઠ તેમજ સરકાર માન્ય શાળા તેમજ રહેણાંક સિવાયનાં જેવા કે બાગ-બગીચા, ઉધાન, વ્યવસાયિક ઉપયોગ માટે દર ૧૦૦૦ લીટર દીઠ રૂ. ૧૬૦/- અથવા લઘુતમ ઉપરોક્ત દરના ૨૫ % દર એ બેમાંથી વધારે હોય તે વસુલ કરવો.

૩/૮" (૧૦ મી.મી) સાઇઝના નળ કનેકશન માટે નો પાણી કર, ૧/૨" (૧૫ મી.મી) ના નિયત દર પ્રમાણે કરી તે પ્રમાણે વસુલ કરવો.

ઉપર મુજબનો ચાર્જ વસુલ કરવા અંગેની આ દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી જરૂરી ઠરાવ કરાવશો.

(સહી) બંછાનિધિ પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૩૭૩

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૩૦/૦૧/૨૦૧૮

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

વિષય : આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ નિયત કરવા બાબત.

સંદર્ભ : (૧) જ.બો.ઠ.નં.૬૭ તા.૧૮.૦૨.૨૦૧૭
(૨) ટેક્ષ/સેન્ટ્રલ ઝોન/ફા.નં.૧૨૧૮/૨૦૧૭-૧૮

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન જી.પી.એમ.સી. એક્ટ ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ સામાન્ય કર અન્ય જુદા-જુદા અન્ય કરવેરા નિયત કરવાના થાય છે, જે નીચેની વિગતે દર્શાવેલ છે.

ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ :

સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષથી કારપેટ એરિયા પધ્ધતિ નો અમલ કરવાનો હોઇ તથા તેમા ખુલ્લા પ્લોટ ઉપર ટેક્સ વસુલ કરવાનુ પ્રાવધાન હોવાથી જ.બો.ઠ.નં.૬૭ તા.૧૮.૦૨.૨૦૧૭ થી મંજુર થયા પ્રમાણે નો ટેક્ષ વસુલવાનુ તા.૦૧.૦૪.૨૦૧૮ થી બંધ કરવાનુ રહેશે. જો કાર્પેટ એરિયા આધારિત પધ્ધતિ માં ખુલ્લા પ્લોટ પરના ટેક્ષ બાબત અમલ કરવાનુ મુલતવી રાખવામાં આવેતો જ.બો.ઠ.નં. ૬૭ તા.૧૮.૦૨.૨૦૧૭ થી મંજુર થયા પ્રમાણે નો ટેક્ષ વસુલવાનું યથાવત રહેશે.

ઉપરોકત મુજબની કર વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી જરૂરી ઠરાવ કરાવશો.

(સહી) બંછાનિધિ પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૩૭૪

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૩૦/૦૧/૨૦૧૮

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

વિષય : આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે થીયેટર ટેક્ષ નિયત કરવા બાબત.

સંદર્ભ : વેરા વસુલાત સે.જો. ફા.નં ૧૨૧૮/૧૭-૧૮

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન જી.પી.એમ.સી. એક્ટ ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ સામાન્ય કર અન્ય જુદા-જુદા કરવેરા નિયત કરવાના થાય છે,

થીયેટર ટેક્ષ :

સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષ માટે થીયેટર ટેક્સ નીચે મુજબ રહેશે.

(અ) સિનેમાના પ્રત્યેક શો દીઠ રૂા.૧૦૦/-

ઉપરોકત મુજબની કર વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી ઠરાવ કરાવશો.

(સહી) બંછાનિધિ પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૩૭૫

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૩૦/૦૧/૨૦૧૮

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

વિષય : આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે વાહન કર નિયત કરવા બાબત.

સંદર્ભ : વેરા વસુલાત સે.જો. ફા.નં ૧૨૧૮/૨૦૧૭-૧૮

આગામી નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન જી.પી.એમ.સી.એક્ટ–૧૯૪૯ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તેમજ કલમ "૧૪૧(કક)" તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા નિયત કરવાનાં થાયછે. જે પૈકી વાહન કર નિયત કરવાનો થાયછે.

વાહન કર :

શહેરમાં પ્રતિ વર્ષ અંદાજે ૫૦૦૦૦ જેટલા નવા વાહનોનો ઉમેરો થાય છે, પરિણામે પાર્કીંગ અને ટ્રાફિક નિયમનની સમસ્યાઓ થાયછે. આ માટે વાહન કરમાં ફેરફાર કરવો જરૂરી જણાય છે. સને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટે જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૨૭ હેઠળ વાહન કરનો દર નીચેની વિગતે આજીવન કર તરીકે નિયત કરવા યોગ્ય જણાય છે.

અ.નં.	વાહન નો પ્રકાર	આજીવન કરનો દર
૧	બિન યાંત્રિક વાહનો	શુન્ય (કરમુકત)
૨	યાંત્રિક વાહનો	બેઝીક + જી.એસ.ટી પ્રાઇઝના ૨.૫ % લેખે

વળતર : -

(અ) ઇલેક્ટ્રીક વાહનો : ભરવા પાત્ર વેરાના ૧૦૦ %

(બ) સી.એન.જી. ઇંધણવાળા વાહનો : ભરવા પાત્ર વેરાના ૫૦ %

(ક) દિવ્યાંગ લોકો માટેના વાહનો : ભરવા પાત્ર વેરાના ૧૦૦ %

ઉપરોકત વાહન કર વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી જરૂરી ઠરાવ કરાવશો

(સહી) બંછાનિધિ પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૩૭૬

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૩૦/૦૧/૨૦૧૮

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

વિષય : આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ નિયત કરવા બાબત.

સંદર્ભ : વેરા વસુલાત સે.જો. ફા.નં ૧૨૧૮/૨૦૧૭-૧૮

આગામી નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન બી.પી.એમ.સી.એક્ટ – ૧૯૪૯ ની કલમ ૧૨૭,૧૨૯,૧૪૧-બી તેમજ કલમ "૧૪૧(કક)" તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા નિયત કરવાનાં થાય છે. જે પૈકી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ નિયત કરવાનો થાય છે.

ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ :

સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જના દર નીચે મુજબ સુચવવામાં આવેછે.

મકાનના ઉપયોગનો પ્રકાર	વાર્ષિક ચાર્જ
રહેણાંક ઉપયોગ	રૂા. ૩૬૫ /-
વ્યાપારીક ઉપયોગ	રૂા. ૭૩૦ /-

ઉપરોકત મુજબની ચાર્જ વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી જરૂરી ઠરાવ કરાવશો.

(સહી) બંછાનિધિ પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૩૭૭

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૩૦/૦૧/૨૦૧૮

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

વિષય : મિલકત વેરામાં વળતર યોજના.

સંદર્ભ : વેરા વસુલાત સે.જો. ફા.નં ૧૨૧૮/૨૦૧૭-૧૮

સને ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવનાર સામાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જની ચડત રકમ મિલ્કત ધારકો ભરવા માટે પ્રોત્સાહિત થાય તેમજ મહાનગરપાલિકાની લેણી નિકળતી રકમ માંગણા નોટિસ વગર સહેલાઈથી મળી રહે તે માટે નીચે મુજબ વળતર યોજના જાહેર કરવા દરખાસ્ત છે :-

(૧) નવાં નાણાંકીય વર્ષમાં વસુલાત શરૂ કર્યાની તારીખથી ૩૧ મે ૨૦૧૮ સુધીમાં સામાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જની ચડત રકમ તથા વ્યાજ/નોટિસ ફી સહીતની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૮-૨૦૧૯ની સામાન્ય કર, તથા પાણી ચાર્જ અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જની રકમનાં ૧૦% વળતર આપવું.

(૨) ઉપરોકત (૧)માં જણાવેલ મુદત પુરી થયે ત્યાર પછીના ૩૦ દિવસની અંદર એટલેકે ૧ જુન,૨૦૧૮ થી ૩૦ જુન-૨૦૧૮ સુધીમાં સામાન્ય કર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જની ચડત રકમ તથા વ્યાજ/નોટિસ ફી સહિતની ચડત વેરાની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૮-૨૦૧૯ની સામાન્ય કર તથા પાણી ચાર્જ અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જની રકમના ૫% વળતર આપવું.

(૩) ઉપરોકત (૧) તથા (૨) માં જણાવેલ વિગતો ઉપરાંત ફકત મહિલાઓના નામે જ હોય તેવી મિલ્કતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૫% વળતર આપવું.

જો કલમ ૧૪૧-બી હેઠળ બનાવેલા નિયમો સરકારશ્રી દ્વારા મંજુર ન થાય તેવા સંજોગોમાં વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં જ.બો.ઠ.નં.૬૮ તા.૧૮.૦૨.૨૦૧૭ દ્વારા મંજુર થયા મુજબ વળતર આપવુ.

ઉપરોકત મુજબની વળતર યોજના અમલી બનાવવાના નીતિવિષયક નિર્ણય અર્થેની આ દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી જરૂરી ઠરાવ કરાવશો.

(સહી) બંછાનિધિ પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૩૭૮

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૩૦/૦૧/૨૦૧૮

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

વિષય : ઓનલાઇન પેમેન્ટમાં વળતર આપવા બાબત.
સંદર્ભ : વેરા વસુલાત સે.જો. ફા.નં ૧૨૧૮/૨૦૧૭-૧૮

ભારત સરકાર દ્વારા કાળા નાણાંને ડામવા સમગ્ર દેશમાંરોકડ લેવડ-દેવડની જગ્યાએ કેશલેસ/ઈલેક્ટ્રોનિક લેવડદેવડને પ્રોત્સાહિત કરવાના પ્રયત્નો શરૂ કરવામાં આવેલ છે. આ બાબતમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ મિલકત ધારકોને ઇન્ટરનેટના માધ્યમથી કે કોઇપણ પ્રકારના ડીજીટલ ટ્રાન્જેકશનથી વેરો ભરવા માટે પ્રોત્સાહન આપવુ જરૂરી જણાય છે. આથી સને ૨૦૧૮-૧૯ના વર્ષ દરમ્યાન ડીજીટલ ટ્રાન્જેકશનથી રકમ ભરપાઇ કરેતો નીચે મુજબ વધારાનું વળતર આપીએ :

૧. વેરા વસુલાત શાખાના મિલકત વેરાની સંપુર્ણ રકમ રૂ.૧૦૦૦૦ સુધીની ભરપાઇ કરેતો સામાન્ય કરની રકમના ૨.૫ % (ઓછામાં ઓછું રૂ.૫૦/-) વધારાનું વળતર આપીએ.
૨. વેરા વસુલાત શાખાના મિલકત વેરાની સંપુર્ણ રકમ રૂ.૧૦૦૦૦થી વધુ અને રૂ.૧.૦૦ લાખ સુધી ભરપાઇ કરેતો સામાન્ય કરની રકમના ૧.૦% (ઓછામાં ઓછું રૂ.૫૦/-) વધારાનું વળતર આપીએ.
૩. વેરા વસુલાત શાખાના મિલકત વેરાની સંપુર્ણ રકમ રૂ.૧.૦૦ લાખથી વધુ ભરપાઇ કરેતો સામાન્ય કરની રકમના ૦.૨૫% (ઓછામાં ઓછું રૂ.૫૦/-) વધારાનું વળતર આપીએ.

તેવીજ રીતે વ્યવસાય વેરામાં પણ સંપુર્ણ રકમ ભરપાઇ કરેતો નીચેની વિગતે વળતર આપીએ.

૧. વ્યવસાય વેરાની સંપુર્ણ રકમ રૂ.૧૦૦૦૦ સુધીની ભરપાઇ કરેતો વ્યવસાય વેરાની રકમના ૨.૫% (ઓછામાં ઓછું રૂ.૫૦/-) વધારાનું વળતર આપીએ.
૨. વ્યવસાય વેરાની સંપુર્ણ રકમ રૂ.૧૦૦૦૦થી વધુ અને રૂ.૧.૦૦ લાખ સુધીની ભરપાઇ કરેતો વ્યવસાય વેરાની રકમના ૧.૦% (ઓછામાં ઓછું રૂ.૫૦/-) વધારાનું વળતર આપીએ.
૩. વ્યવસાય વેરાની સંપુર્ણ રકમ રૂ.૧.૦૦ લાખથી વધુ ભરપાઇ કરેતો વ્યવસાય વેરાની રકમના ૦.૨૫% (ઓછામાં ઓછું રૂ./-૫૦) વધારાનું વળતર આપીએ.

આ મુજબ નો ઠરાવ સ્થાયી સમિતિમારફત સામાન્ય સભામાં મંજુર કરાવવા જરૂરી કાર્યવાહી કરશો.

(સહી) બંછાનિધિ પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧

રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૧૮-૧૯ના વાર્ષિક બજેટ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કર પટેલનું પ્રેસ નિવેદન

તા.૦૯/૦૨/૨૦૧૮

આપણું રંગીલું રાજકોટ હવે કેન્દ્ર સરકારશ્રીના સ્માર્ટ સિટી મિશનમાં સમાવિષ્ટ થઇ ચૂક્યું છે. ત્યારે શહેરની સાંસ્કૃતિક અને સામાજીક ઓળખની વિરાસતને બરકરાર રાખી રાજકોટને અગ્રીમ હરોળનું સ્માર્ટ સિટી બનાવવા રાજકોટ મહાનગરપાલિકા પ્રતિબધ્ધ છે. શહેરને સ્માર્ટ સિટી મિશનમાં સ્થાન અપાવવામાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજ્યની પ્રગતિશીલ, સંવેદનશીલ, નિર્ણાયક અને પારદર્શક સરકારના માન. મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો સિંહફાળો રહ્યો છે, જે બદલ રાજકોટ મહાનગરપાલિકા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની આભારી છે.

વર્ષ : ૨૦૧૮-૧૯ના બજેટમાં એ બાબતની વિશેષ કાળજી રાખવામાં આવેલ છે કે, શહેરની સ્માર્ટ સિટી તરફની કૂચમાં છેવાડાના વિસ્તારો પણ સાથે જ રહે. મૂળભૂત સુવિધાઓનું માળખું પણ વધુ મજબુત બને. આ મજબુત પાયા ઉપર આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરરૂપી ઈમારત ખડી કરી શકાશે. એ તો સ્વાભાવિક જ ગણાય કે, સ્માર્ટ સિટીનો પાયો ખુબ જ સક્ષમ હોય. બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સંતુષ્ટ થતા નગરજનોને વધુ સરળતાથી નવા સ્માર્ટ પરિવર્તનમાં સામેલ કરી શકાશે તેવો શાસક પક્ષને વિશ્વાસ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી તરફથી શહેરી વિકાસને આધુનિક ટેકનોલોજીથી પ્રેરિત એવી સુવિધાઓથી સજ્જ કરવા ભરપુર પ્રોત્સાહન પ્રાપ્ત થઇ રહ્યું છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા આગામી નાણાકીય વર્ષમાં લોકસુખાકારીમાં વૃદ્ધિ કરવા વિકાસગાથામાં એક નવી દિશા આલેખવા આગળ ધપી રહી છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ વર્ષ : ૨૦૧૮-૧૯નું રૂ.૧૭૨૭.૫૮ કરોડનું કદ ધરાવતું અંદાજપત્ર સ્ટેન્ડિંગ કમિટીમાં અનુમતિ અર્થે રજુ કરેલ છે. કમિશનરશ્રી દ્વારા મહાનગરપાલિકાએ વહન કરવામાં આવી રહેલા સબસીડાઈઝ્ડ સેવાઓના જંગી ખર્ચને નજર સમક્ષ રાખી, નવા કર પ્રસ્તાવ, તેમજ પરંપરાગત મિલકત વેરા આકારણી પધ્ધતિના સ્થાને કાર્પેટ એરિયા બેઇઝ્ડ નવી મિલકત વેરા પધ્ધતિ, ઉપરાંત અન્ય વિકાસલક્ષી યોજનાઓ બજેટમાં સુચવેલ છે. સ્ટેન્ડિંગ કમિટીએ આ બજેટની વિવિધ જોગવાઈઓની સમિક્ષા કરી રાજકોટ શહેરની આવશ્યકતા અનુસાર જરૂરી ફેરફારો કર્યા છે, સાથોસાથ લોકોની સુવિધાઓમાં વધારો થાય તે માટે કેટલીક નવી યોજનાઓ પણ બજેટમાં સામેલ કરી છે. આ સમગ્ર કવાયતમાં મહાનગરપાલિકાની આર્થિક સમતુલા પણ જળવાઈ રહે તેની પણ કાળજી રાખવામાં આવી છે.

શાસક પક્ષે બજેટની જોગવાઈઓના અભ્યાસ દરમ્યાન શહેરીજનોને કેન્દ્રમાં રાખેલ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી દ્વારા અપનાવાયેલી નાગરિકલક્ષી પ્રશાસનિક વ્યવસ્થાને મહાનગરપાલિકા પણ વળગી રહેશે. સરકારશ્રી પાસેથી વિવિધ હેડ હેઠળ મળી રહેલી ગ્રાન્ટ અને મહાનગરપાલિકાની પોતાની આવકમાંથી વિકાસ પ્રક્રિયાને આગળ ધપાવવા સ્ટેન્ડિંગ કમિટીએ ધનિષ્ઠ વિચારણા બાદ રૂ.૧૭૬૯.૩૩ કરોડના બજેટને આખરી ઓપ આપ્યો છે.

❖ વોટર ચાર્જ :-

આપણે સૌ વિદિત છીએ કે, રાજકોટ શહેરને પીવાનું પાણી પૂરું પાડવા આજી, ન્યારી, ભાદર ડેમ અને લાલપરી-રાંદરડા તળાવ ઉપરાંત નર્મદાના નીર પણ મેળવવામાં આવે છે. રાજકોટ શહેરને અવારનવાર પાણીની કટોકટીનો સામનો કરવો પડ્યો છે. પરંતુ, ગત વર્ષે ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ અંગત રસ લઈ, "સૌની યોજના" અંતર્ગત શહેરના આજી ડેમને નર્મદાનીરથી છલકાવી, રાજકોટવાસીઓને રાજી કરી, રાજ્ય સરકારની કટિબદ્ધતાની પ્રતીતિ કરાવી હતી. જે બદલ રાજકોટ મહાનગરપાલિકા રાજ્ય સરકારનો તથા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો આભાર માને છે.

શહેરને પાણી વિતરણની કામગીરી પાછળ મહાનગરપાલિકાએ દર વર્ષે આશરે રૂ.૧૦૦ કરોડથી વધુનો ખર્ચ વહન કરવો પડે છે. જેની સામે પાણી દરની વસુલાતથી થતી આવકનું પ્રમાણ માત્ર ૨૭% જેટલું છે. એટલે કે, લોકોને પાણીની સુવિધામાં ૭૩% જેવી સબસિડી મળે છે. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ શહેરની પાણી વિતરણ વ્યવસ્થા પાછળ થઇ રહેલા જંગી ખર્ચને નજર સમક્ષ રાખી, વોટર ચાર્જમાં રહેણાંક નળ જોડાણના રૂ.૮૪૦માં વધારો કરી, રૂ.૧૬૮૦ અને બિન-રહેણાંક નળ જોડાણના રૂ.૧૬૮૦ને બદલે રૂ.૩૩૬૦ કરવા સૂચવ્યું હતું. આ પ્રસ્તાવ સ્વીકારવામાં આવે તો પણ સબસિડીનું પ્રમાણ ૪૭.૫% જેટલું રહે છે. આગામી નાણાકીય વર્ષમાં પાણી વિતરણ વ્યવસ્થા જાળવી રાખવા માટે આશરે રૂ.૧૧૮ કરોડ જેટલા ખર્ચનો અંદાજ છે. રાજકોટવાસીઓ એ હકીકતથી સુપેરે પરિચિત છે કે, પાણી વિતરણ સેવા સબસીડાઈઝડ હોવા છતા, ખર્ચની ચિંતા કર્યા વગર નર્મદાનું પાણી મેળવવામાં આવી રહ્યું છે. અલબત, સરકારશ્રીની ગ્રાન્ટ અને મહાનગરપાલિકાના આવકના અન્ય સ્ત્રોતના સહારે મહાનગરપાલિકાની આર્થિક સમતુલા જળવાઈ રહે તે માટે શાસક પક્ષે સતત ચિંતા કરી છે. આ બાબત નજર સમક્ષ રાખી, શાસક પક્ષએ શહેરીજનોના વિશાળ હિતને લક્ષમાં રાખેલ છે અને આવકના અન્ય સ્ત્રોતનું સર્જન કરી, સ્ટેન્ડિંગ કમિટીમાં વોટર ચાર્જનો સૂચિત વધારાનો પ્રસ્તાવ "નામંજુર" કરેલ છે.

❖ વાહન કર :-

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ શહેરમાં દર વર્ષે ઉમેરાઈ રહેલા નવા આશરે પચાસેક હજાર જેટલા વાહનો પરના કરમાં વૃધ્ધિ સુચવી, વધારાની રૂ.૧૩ કરોડની આવક થવાનો અંદાજ રજુ કરેલ છે. આ પ્રસ્તાવ પર સ્ટેન્ડિંગ કમિટીએ ગંભીરતાથી વિચારણા કરી હતી. રાજકોટમાં વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ મહિલા સમુદાયમાં પણ વાહન ડ્રાઈવિંગનું પ્રમાણ ખુબ વધ્યું છે ત્યારે વાહન કરના પ્રસ્તાવ પર ચર્ચા કરતી વખતે છાત્રો, મહિલાઓ અને નાના વાહન ખરીદનારા મધ્યમવર્ગીય લોકોને નજર સમક્ષ રાખી, રૂ.૧ લાખ સુધીની કિંમતના વાહનો માટે માત્ર ૧% ફ્લેટ રેઈટથી અને રૂ.૧ લાખથી વધુ કિંમતના વાહનો માટે ૨% ફ્લેટ રેઈટથી વાહન કર વસુલવાનો નિર્ણય લીધો છે. શહેરમાં સતત વાહનોની

સંખ્યા વધી રહી છે ત્યારે, સરળ પરિવહન માટેની સુવિધાઓ વિકસાવવી પણ એટલી જ આવશ્યક છે. આ તબક્કે સ્ટેન્ડિંગ કમિટીના આ નિર્ણયથી વહીવટીતંત્રને થોડી આર્થિક રાહત પણ મળી રહેશે. વાહન કરમાં કરાયેલી ઉપરોક્ત વૃધ્ધિથી મહાનગરપાલિકાને આગામી નાણાકીય વર્ષમાં કુલ રૂ.૧૯ કરોડની આવક થવાનો અંદાજ છે.

❖ કાર્પેટ એરિયા બેઇઝ્ડ મિલકત વેરા પધ્ધતિ :-

રાજકોટ મહાનગરપાલિકાની દાયકાઓ જૂની પરંપરાગત ઢબની મિલકત વેરા આકારણી પધ્ધતિના સ્થાને વર્ષ : ૨૦૧૮-૧૯થી નવી કાર્પેટ એરિયા આધારિત મિલકત વેરા આકારણી પધ્ધતિ અમલમાં મુકવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે તે મિલકતના ખરેખર ઉપયોગ મુજબની આ નવી કર પધ્ધતિ શહેરની મિલકત વેરા પ્રણાલીને વધુ પારદર્શી બનાવશે. સ્ટેન્ડિંગ કમિટીએ કમિશનરશ્રીના આ પ્રસ્તાવને મંજુર રાખી, નવું પરિવર્તન અપનાવેલ છે.

❖ દિવ્યાંગ મિલકત ધારકોને મિલકત વેરામાં વધુ વળતર :-

રાજ્ય સરકારશ્રીના ધોરણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દિવ્યાંગો માટે નોકરીમાં અનામત જગ્યાઓ રાખવામાં આવે છે. તેમજ રાજકોટ મહાનગરપાલિકાની જુદી જુદી કચેરીઓમાં દિવ્યાંગોને પ્રવેશમાં સુગમતા રહે તે માટે રેમ્પ બનાવવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દિવ્યાંગોની સુવિધામાં ઉમેરો કરી, દિવ્યાંગ મિલકત ધારકોને મિલકત વેરામાં ૫% વિશેષ વળતર આપવામાં આવશે.

❖ કોલ સેન્ટરમાં ટોલ ફ્રી નંબર :-

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને શક્ય તેટલી વધુ સરળતાથી જુદી જુદી સેવાઓ પ્રાપ્ત થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. જે વહીવટી સુધારણાના ભાગરૂપે સ્ટેન્ડિંગ કમિટીએ વધુ એક કદમ આગળ ધપાવતા, મહાનગરપાલિકાના કોલ સેન્ટરમાં ટોલ ફ્રી ટેલિફોન નંબર શરૂ કરવાનું નિર્ણય કર્યો છે. મહાનગરપાલિકાની સેવાઓ તથા અન્ય કામગીરી વિશે લોકો નિ:શુલ્ક રીતે ફોન કોલ કરી શકે અને વહીવટી તંત્રને પણ સેવાઓની ક્ષતિપૂર્તિમાં નગરજનોનો સહયોગ પ્રાપ્ત થાય તેવા હેતુથી RMCના કોલ સેન્ટરમાં લેન્ડલાઇન ટેલિફોનમાં ટોલ ફ્રી નંબરની સુવિધા આપવામાં આવશે.

❖ સ્ટોર્મ વોટર ડ્રેનેજ :-

ગત વર્ષે રાજકોટ શહેરમાં સરેરાશથી વધુ વરસાદ પડતા, શહેરના કેટલાયે વિસ્તારોમાં પાણી ભરાવાના પ્રશ્નો થયા હતા. વરસાદી પાણીનો નિકાલ કરવા માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજનું આયોજન કરવામાં આવેલ છે. જે યોજના અંતર્ગત રૂ.૧૦૮૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

સ્ટેન્ડિંગ કમિટીએ બજેટની અંતિમ રૂપરેખા તૈયાર કરતી વખતે જે કેટલીક નવી યોજનાઓ તેમાં સામેલ કરી છે તેની ઉપર એક દ્રષ્ટિપાત કરીએ તો....

૧. નવું ઓડિટોરીયમ :-

હાલ રાજકોટમાં સેન્ટ્રલ ઝોનમાં શ્રી અરવિંદભાઈ મણિયાર હોલ, પૂર્વ ઝોનમાં શ્રી અટલ બિહારી બાજપેયી ઓડિટોરિયમ અને વેસ્ટ ઝોનમાં પૂ. શ્રી પ્રમુખ સ્વામી ઓડિટોરિયમની સુવિધા ઉપલબ્ધ છે. શહેરમાં દક્ષિણ દિશામાં નવા ભળેલા કોઠારીયા-વાવડી અને અગાઉના જુના વિસ્તારોને પણ સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે એક આધુનિક નવા ઓડિટોરિયમની સવલત આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. આ પ્રોજેક્ટ માટે રૂ.૧૦૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

૨. ત્રણેય ઝોનમાં પાર્ટી પ્લોટ :-

શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને પણ પાર્ટી પ્લોટની સુવિધા પરવડી શકે તેવા નજીવા દરથી ઉપલબ્ધ કરાવવા માટે સ્ટેન્ડિંગ કમિટીએ ત્રણેય ઝોનમાં એક એક નવો પાર્ટી પ્લોટ વિકસાવવાનું આયોજન કર્યું છે. આ યોજના માટે રૂ.૩૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

૩. નવા છ કોમ્યુનિટી હોલ :-

સગાઇ અને લગ્ન સહિતના પારિવારિક પ્રસંગોએ તથા અન્ય સામાજિક પ્રસંગોએ ખાનગી મેરેજ હોલ મેળવતી વખતે શહેરીજનો ઉંચા ભાડાની ચિંતા કરતા હોય છે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગ માટે આ મહત્વનો પ્રશ્ન હોય છે. મહાનગરપાલિકાએ શહેરીજનોને સાવ નજીવા દરે પોતપોતાના વોર્ડમાં જ કોમ્યુનિટી હોલની સુવિધા આપી, તેઓની ચિંતા હળવી કરવા માટે અત્યાર સુધીમાં કુલ ૧૭ કોમ્યુનિટી હોલ અન્વયે કુલ ૨૬ યુનિટ કાર્યરત છે. હવે મહાનગરપાલિકાએ બાકીના છ વોર્ડમાં પણ કોમ્યુનિટી હોલ બનાવવાની યોજના આ બજેટમાં સામેલ કરેલ છે. રાજકોટવાસીઓને પોતાના પ્રસંગો માટે સરળતાથી કોમ્યુનિટી હોલ મળી રહે તે માટે સ્ટેન્ડિંગ કમિટી ચિંતિત છે. આ સુવિધાની આવશ્યકતા ધરાવતા વોર્ડમાં કુલ રૂ.૬૦૦ લાખના ખર્ચે નવા ૦૬ કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવાનો લોકભોગ્ય નિર્ણય સ્ટેન્ડિંગ કમિટીએ કર્યો છે.

૪. બે નવી હાઈસ્કુલ :-

શહેરના ગરીબ અને ગરીબ-મધ્યમ વર્ગના પરિવારોના સંતાનોને સાવ નજીવા દરે શિક્ષણ સુવિધા મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ૦૬ હાઈસ્કુલ કાર્યરત છે. શહેરના ગરીબ અને ગરીબ-મધ્યમ વર્ગમાં પણ શિક્ષણ માટે વધેલ જાગૃત્તિને ધ્યાને રાખી, સ્ટેન્ડિંગ કમિટીએ શહેરમાં આવશ્યકતા મુજબના વિસ્તારમાં બે નવી હાઈસ્કુલના નિર્માણનો પ્રોજેક્ટ બજેટમાં ઉમેર્યો છે. આ પ્રોજેક્ટ માટે રૂ.૩૦૦ લાખની ફાળવણી કરી છે.

૫. છાત્રો માટે રીડિંગ રૂમ વિથ રેફરન્સ બૂક કોર્નર :-

જ્ઞાન અને માહિતીના વર્તમાન યુગની જરૂરિયાતને અનુલક્ષીને મહાનગરપાલિકાએ પરંપરાગત લાઈબ્રેરી ઉપરાંત અમીન માર્ગ અને શ્રોફ રોડ પરની લેટેસ્ટ ટેકનોલોજી ધરાવતી સુવિધાઓ સાથેની મોર્ડન લાઈબ્રેરીની સુવિધા આપેલ છે. જ્યારે વોર્ડ નં.૦૯માં પેરેડાઈઝ હોલ પાસે તેમજ જીલ્લા ગાર્ડનમાં લાઈબ્રેરી બનાવવાનું કામ પૂર્ણતાના આરે છે. શિક્ષણના વધતા જતા વ્યાપ વચ્ચે વધુને વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનો સ્પર્ધાત્મક પરીક્ષા ભણી કેન્દ્રિત થઇ રહ્યા છે.

રાજકોટના છાત્રો વિવિધ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉતીર્ણ થઇ, સરકારી કચેરીઓમાં તેમજ મલ્ટીનેશનલ કે પબ્લિક લિમિટેડ કંપનીઓમાં ઉચ્ચ સ્થાને પહોંચી, શહેરનું ગૌરવ વધારે તેવા આશયથી તેઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા માટે અલાયદી સુવિધા આપવા, વોર્ડ નં.૧૦માં નિર્મલા કોન્વેન્ટ રોડ પર ફાયર સ્ટેશનની જગ્યામાં છાત્રો માટે રીડિંગ રૂમ બનાવવામાં આવશે. આ રૂમ છાત્રોને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં ખૂબ જ ઉપયોગી થાય તેવા વિવિધ સંદર્ભગ્રંથો સાથેના "રેફરન્સ બૂક કોર્નર"થી સુસજ્જ હશે. આ યોજના માટે રૂ.૨૦૦ લાખની ફાળવણી કરી છે.

૬. બે નવા મહિલા એક્ટીવીટી સેન્ટરો :-

કેન્દ્ર તથા રાજ્ય સરકાર સ્ત્રી સશક્તિકરણની જુદી જુદી યોજનાઓ થકી, મહિલાઓને સહાયભૂત થઇ રહી છે. જે મુજબ રાજકોટ મહાનગરપાલિકા પણ જુદી જુદી યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા મહિલાઓના ઉત્કર્ષ માટે કાર્યરત છે. નાના મવા સર્કલ પાસે મહિલા એક્ટીવીટી સેન્ટર કાર્યરત છે. સ્ટેન્ડિંગ કમિટીએ મહિલાલક્ષી વિવિધ પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવાના શુભ હેતુથી શહેરના ઈસ્ટ ઝોન અને સેન્ટ્રલ ઝોનમાં એક-એક નવા મહિલા એક્ટીવીટી સેન્ટર બનાવવાનો નિર્ણય કરેલ છે. આ સેન્ટર મહિલાઓને તેમના આર્થિક ઉપાર્જનની બાબતમાં સવિશેષ ઉપયોગી બની રહેશે. આ પ્રોજેકટ માટે રૂ.૩૦૦ લાખની ફાળવણી કરી છે.

૭. મોન્યુમેન્ટલ ફ્લેગ :-

રાજકોટ શહેર પોતાની એક નવી ઓળખ બનાવી રહ્યું છે ત્યારે શહેરીજનોમાં રાષ્ટ્રભક્તિની ભાવના જળવાઈ રહે અને તેમાં ઉત્તરોત્તર વધારો થાય તેવા હેતુ સાથે સ્ટેન્ડિંગ કમિટીએ રેસકોર્ષ સંકુલમાં ખુબ દુરથી પણ નિહાળી શકાય તેવો મોન્યુમેન્ટલ ફ્લેગ ફરકાવવાનું આયોજન કર્યું છે. રેસકોર્ષમાં ફરવા આવતા બાળકો, યુવાનો તેમજ વડિલોમાં ૭૦ મીટર ઉંચાઈએ ફરકાવવામાં આવનાર આ મોન્યુમેન્ટલ ફ્લેગથી દેશદાઝ વધુ પ્રબળ બને તે માટે સ્ટેન્ડિંગ કમિટીએ આ યોજના માટે રૂ.૫૦ લાખની ફાળવણી કરેલ છે.

૮. વિમેન્સ યુરિનલ :-

શહેરની સોની બજાર, લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ, દાણાપીઠ, ડૉ. યાજ્ઞિક રોડ, ગુંદાવાડી, સર્વેશ્વર ચોક, પેલેસ રોડ, દસ્તૂર માર્ગ જેવા ટ્રાફિક અને રાહદારીઓથી સતત ધમધમતી મુખ્ય બજારોમાં આવતા જતા બહેનોની સુવિધા માટે વિવિધ બજારોમાં, જુદા જુદા સ્થળોએ રૂ.૧૫૦ લાખના ખર્ચે વિમેન્સ યુરિનલ બનાવવામાં આવશે.

૯. નવો સ્વિમિંગ પુલ :-

શહેરમાં અલગ અલગ વિસ્તારોના લોકોને નજીકમાં જ આધુનિક સ્વિમિંગ પુલની સેવા મળી રહે તે માટે હાલમાં કોઠારીયા રોડ પર, પેડક રોડ પર, કાલાવડ રોડ પર અને રેસકોર્ષમાં એમ કુલ મળીને ૪ સ્વિમિંગ પુલ કાર્યરત છે. તેમજ નવા મહિલા સ્વિમિંગ પુલની કામગીરી પૂર્ણતાના આરે છે તેમજ પી.પી.પી. ધોરણે એક નવા સ્વિમિંગ પુલનું બાંધકામ ગતિમાં છે. સ્ટેન્ડિંગ કમિટીએ આ સુવિધામાં વધારો કરવા તેમજ તાજેતરમાં રાજકોટમાં ભળેલા વિસ્તારો પૈકી વાવડી

વિસ્તારના ઉપરાંત મવડી રહેવાસીઓને નજીકમાં જ સ્વિમિંગ પુલની સુવિધા આપવા માટે આગામી વર્ષમાં મવડી વિસ્તારમાં એક નવો સ્વિમિંગ પુલ બનાવવાનો નિર્ણય કર્યો છે. આ પ્રોજેક્ટ માટે રૂ.૨૦૦ લાખની ફાળવણી કરી છે.

૧૦. પ્રતિમાઓ પર સ્પોટલાઈટ :-

શહેરમાં આઝાદીના લડવૈયાઓ, મહાપુરુષો અને રાષ્ટ્રવીરોની સ્મૃતિ ચિરંજીવ રાખવાના સુભગ ઉદેશથી, શહેરમાં વિવિધ સ્થળોએ તેઓની પ્રતિમાઓ પ્રસ્થાપિત કરવામાં આવેલી છે. ત્યાગ, બલિદાન અને અતુલ્ય સમર્પણ દ્વારા આ મહાપુરુષોનું રાષ્ટ્ર પ્રત્યે અમૂલ્ય યોગદાન રહેલું છે. આ મહાપુરુષોની પ્રતિમાઓ આપણી ઐતિહાસિક ધરોહર છે. આ પ્રતિમાઓ રાત્રિના સમયે પણ શહેરીજનો નિહાળી શકે તે માટે તમામ પ્રતિમાઓ પર સ્પોટલાઈટ રાખવાનો નિર્ણય કરાયો છે. આ કાર્ય માટે રૂ.૨૫ લાખની જોગવાઈ કરાઈ છે.

૧૧. મુખ્ય ૪૮ રાજમાર્ગોનો યુનિફોર્મ પેટર્નથી વિકાસ :-

રાજકોટ મહાનગરપાલિકાએ નક્કી કરેલા શહેરના મુખ્ય ૪૮ રાજમાર્ગો પર સરળ આવાગમન, લોકોની સલામતી અને સુનિયોજીત ટ્રાફિક વ્યવસ્થા જરૂરી છે. મહાનગરપાલિકાએ જે રીતે ગૌરવપથ કાલાવડ રોડ વિકસિત કરેલ છે તે જ રીતે શહેરના મુખ્ય ૪૮ રાજમાર્ગો યુનિફોર્મ પેટર્નથી (એક સમાન પધ્ધતિએ) વિકસાવવાનું સ્ટેન્ડિંગ કમિટીએ નક્કી કર્યું છે. મહાનગરપાલિકા દ્વારા સુનિશ્ચિત કરાયેલા મુખ્ય ૪૮ રાજમાર્ગો પર સેન્ટ્રલ લાઈટિંગ, ઝીબ્રા ક્રોસિંગ, ટ્રાફિક સિગ્નલ અને પાર્કિંગની વ્યવસ્થા એક સરખી પધ્ધતિએ વિકસાવવાનો પ્રોજેક્ટ બજેટમાં સામેલ કર્યો છે. આ પ્રોજેક્ટ થકી શહેરીજનોમાં ટ્રાફિક બાબતે જાગૃતિ કેળવાય અને સ્વયંશિસ્ત આવે તેમજ શહેરની ખુબસુરતીમાં પણ વધારો થાય તે રીતે બ્યુટીફિકેશન પણ કરવામાં આવશે. આ યોજના માટે રૂ.૫૦૦ લાખની ફાળવણી કરવામાં આવી છે.

૧૨. શહેરના એન્ટ્રી પોઈન્ટનું બ્યુટીફિકેશન :-

બહારથી રાજકોટમાં આવતા લોકોને એક અનોખા શહેરમાં પ્રવેશ કર્યાની પ્રતીતિ થાય તે માટે શહેરના તમામ છ એન્ટ્રી પોઈન્ટને સુવિધાઓ અને બ્યુટીફિકેશનના કન્સેપ્ટથી ડેવલપ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ એન્ટ્રી પોઈન્ટ ખાતે સેન્ટ્રલ લાઈટિંગ, ટ્રાફિક સાઈનેજ બોર્ડ, ઉપરાંત પાર્કિંગ સુવિધા અને બ્યુટીફિકેશન હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે રૂ.૫૦૦ લાખની ફાળવણી કરી છે. આ યોજનાના માધ્યમથી સ્ટેન્ડિંગ કમિટીએ રાજકોટની એક નવી ઓળખ પ્રસ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે.

૧૩. વોંકળા પર એલિવેટેડ રોડ :-

શહેરના જુના વિસ્તારોમાં સાંકડા રોડ પર ટ્રાફિકની ગીચતાના ભારણના પ્રશ્નનો આંશિક ઉકેલ આવી શકે તે માટે સ્ટેન્ડિંગ કમિટીએ દાણાપીઠ, કેનાલ રોડ અને પવનપુત્ર ચોક પાસેથી પસાર થતા વોંકળા પર સ્લેબ ભરી, એલિવેટેડ રોડનો કન્સેપ્ટ અપનાવવાનું નક્કી કર્યું છે. આમ પરિવહન માટે લોકોને એક નવો વિકલ્પ ઉપલબ્ધ બનશે. આ પ્રોજેક્ટ માટે રૂ.૧૦૦૦ લાખની ફાળવણી કરી છે.

૧૪. રેસકોર્ષમાં ચિલ્ડ્રન પાર્ક ડેવલપમેન્ટ :-

બાળકો તેમજ વિદ્યાર્થીઓમાં વાહન વ્યવહાર પ્રત્યે જાગૃતિ કેળવાય અને તેને અનુસરવા માટે સ્વયંશિસ્ત આવે તે માટે, રેસકોર્ષમાં એનર્જી પાર્કવાળી જગ્યામાં ચિલ્ડ્રન પાર્ક આધુનિક ઢબે વિકસિત કરવામાં આવશે. આ માટે રૂ.૨૫ લાખની જોગવાઈ કરાયેલ છે.

૧૫. શહેરમાં મોડર્ન રાત્રિ બજાર(ફૂડકોર્ટ) :-

સૌરાષ્ટ્રનું પાટનગર એવું રાજકોટ શહેર દિનપ્રતિ દિન વિકસી રહ્યું છે. ત્યારે શહેરીજનોની જરૂરિયાત ધ્યાને લઇ, શહેરમાં યોગ્ય સ્થળે મોડર્ન રાત્રિ બજાર(ફૂડકોર્ટ) બનાવવામાં આવશે.

૧૬. "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ" નિમિતે મહિલાઓ માટે સિટી બસ તથા બી.આર.ટી.એસ. સેવા તદન નિ:શુલ્ક :-

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રક્ષાબંધન તથા ભાઈબીજ જેવા બહેનોના ખાસ તહેવારોના દિવસે મહિલાઓ માટે દર વર્ષે સિટી બસ તથા બી.આર.ટી.એસ. સેવા નિ:શુલ્ક રાખવામાં આવે છે. તેમાં એક દિવસનો ઉમેરો કરી, ૦૮ માર્ચના રોજ "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ" નિમિત્તે મહિલાઓ માટે સિટી બસ તથા બી.આર.ટી.એસ. સેવા નિ:શુલ્ક રાખી, સ્ટેન્ડિંગ કમિટી મહિલાઓ પ્રત્યે સન્માનની ભાવના પ્રદર્શિત કરે છે.

ઉપસંહાર:-

રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષે શહેરની અને મહાનગરપાલિકાની વર્તમાન સ્થિતિને નજર સમક્ષ રાખી, વાસ્તવિક બજેટ આપવાનો પ્રયાસ કર્યો છે. શહેરીજનોની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા સ્ટેન્ડિંગ કમિટીએ ગહન વિચાર વિમર્શ કરી, જરૂરી અને લોકભોગ્ય નિર્ણયો કર્યા છે. આગામી વર્ષ માટેની વિકાસની રૂપરેખા રજુ કરતા આ બજેટને સૌ કોઈ આવકારશે એવી મને આશા છે.

દેશના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કંડારવામાં આવેલ વિકાસની કેડી પર રાજકોટ શહેરને કદમ માંડવા માટે ગુજરાત રાજ્યના માન. મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તરફથી હંમેશા માર્ગદર્શન મળેલ છે. વધુમાં, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર તરફથી રાજકોટ મહાનગરપાલિકાને કાયમી સહયોગ મળી રહ્યો છે, જેને લીધે રાજકોટ શહેર વિકાસની નવી ક્ષિતિજ સર કરી રહ્યું છે. જે બદલ રાજકોટ મહાનગરપાલિકા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની આભારી છે.

આજે જયારે રાજકોટ સ્માર્ટ સિટી બનવા આગળ ધપી રહ્યું છે ત્યારે આપણે આપણા શહેરના દીર્ઘદ્રષ્ટા મહાનુભાવોને પણ ન ભૂલીએ. ભૂતપૂર્વ મેયર સ્વ.શ્રી અરવિંદભાઈ મણીઆરે મોડર્ન રાજકોટનો શિલાન્યાસ કર્યો

હતો એ બાબત આપણે સૌ જાણીએ છીએ. ત્યારબાર ઉતરોત્તર ભાજપના શાસનકાળ દરમ્યાન તમામ ભૂતપૂર્વ મેયરશ્રીઓ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રીઓ અને અન્ય તમામ પદાધિકારીશ્રીઓએ આ પાયા પર વિકાસની ઈમારતનું નિર્માણ કરવાની પ્રક્રિયાને ક્રમબદ્ધ રીતે આગળ ધપાવી હતી એ દ્રષ્ટિએ તેઓ પણ આધુનિક રાજકોટના શિલ્પીઓ પૈકી એક ગણાય. તેઓની દૂરંદેશીને અનુરૂપ રાજકોટ શહેરને આધુનિક વિકાસથી સુસજ્જ કરી, શહેરીજનોના જીવન ધોરણમાં ગુણવત્તાયુક્ત પ્રગતિ લાવવા શાસક પક્ષ હરહંમેશ કટીબદ્ધ છે.


આ તકે હું માન.મેયરશ્રી, ડે.મેયરશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી, સ્ટેન્ડિંગ કમિટીના તમામ માન.સદસ્યશ્રીઓ, તમામ કોર્પોરેટરશ્રીઓ, પક્ષના હોદ્દેદારશ્રીઓ, તમામ અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ, ઇલેક્ટ્રોનિક તેમજ પ્રિન્ટ મિડીયાના તમામ પ્રતિનિધિશ્રીઓ ઉપરાંત શહેરના વિકાસમાં ખભેખભો મિલાવી સાથે રહેલ નગરજનોના સાથ સહકાર બદલ તેઓ પ્રત્યે આભાર પ્રગટ કરું છુ અને તેઓનો સાથ-સહકાર ભવિષ્યમાં પણ મળતો રહેશે તેવી અપેક્ષા અને વિશ્વાસ રાખુ છું.

(પુષ્કર પટેલ)
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મહાનગરપાલિકા

રૂપિયો કયાંથી આવશે ?

૨૦૧૮-૧૯

(રકમ ₹ લાખમાં)




કુલ – ₹૧૬૨૬૫૮.૨૮ લાખ

રૂપિયો કયાં ખર્ચાશે ?

૨૦૧૮-૧૯

(રકમ ₹ લાખમાં)



કુલ – ₹૧૭૬૯૩૨.૬૨ લાખ

બજેટની નવી મહત્વની જાહેરાતો

		ફાળવણી (રૂા.માં)
૧.	વોર્ડ નં.-૧૭ માં સિંદ્રરીયાખાણના વિસ્તારમાં અદ્યતન ઓડીટોરીયમ	૧૦૦૦ લાખ
૨.	શહેરના ત્રણેય ઝોનમાં યોગ્ય જગ્યાએ કુલ-૩ પાર્ટી પ્લોટ	૩૦૦ લાખ
૩.	શહેરના જુદાજુદા વોર્ડમાં -૬ કોમ્યુનીટી હોલ	૬૦૦ લાખ
૪.	શહેરના જુદાજુદા વિસ્તારમાં ૨ નવી હાઇસ્કુલ	૩૦૦ લાખ
૫.	નિર્મલા કોન્વેન્ટ રોડ પર આવેલ ફાયર સ્ટેશનનાં સંકુલમાં રીડીંગ રૂમ / રેફરન્સ બુક કોર્નર	૨૦૦ લાખ
૬.	સેન્ટ્રલ ઝોન તથા ઇસ્ટઝોનમાં બે નવા મહીલા એકટીવીટી સેન્ટર	૩૦૦ લાખ
૭.	રેસકોર્સ સંકુલમાં મોન્યુમેન્ટલ ફલેટ	૫૦ લાખ
૮.	શહેરની મુખ્ય બજારોમાં વિમેન્સ યુરીનલ	૧૫૦ લાખ
૯.	મવડી વિસ્તારમાં નવો સ્વિમીંગ પુલ	૨૦૦ લાખ
૧૦.	મહાપુરૂષોની પ્રતિમા પાસે સ્પોટ લાઇટ	૨૫ લાખ
૧૧.	શહેરના ૪૮ રાજમાર્ગોનો યુનીફોર્મ પેટર્નથી વિકાસ	૫૦૦ લાખ
૧૨.	શહેરના મુખ્ય એન્ટ્રી પોઇન્ટનું બ્યુટીફીકેશન	૫૦૦ લાખ
૧૩.	દાણાપીઠ, કેનાલરોડ તથા પવનપુત્ર ચોકનાં વોંકળા પર એલીવેટેડ રોડ	૧૦૦૦ લાખ
૧૪.	રેસકોર્સ સંકુલમાં ચિલ્ડ્રન પાર્ક ડેવલપમેન્ટ	૨૫ લાખ
૧૫.	શહેરમાં યોગ્ય જગ્યાએ મોડેન રાત્રી બજાર (ફુડ કોર્ટ)	૧૦૦ લાખ

સ્ટે.ક.ઠ.નં.૩૭૫ **ઠરાવ** પરિપત્ર નં.૧૭
આ.નં.૦૩

કાર્પેટ એરિયા આધારિત વેરા પધ્ધતિ હેઠળ વેરાના દર નક્કી કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૨૧ તા.૦૬/૦૧/૨૦૧૮ લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, રાજકોટ શહેરમાં ધી બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ ૧૪૧ હેઠળ કાર્પેટ એરિયા આધારિત વેરા પધ્ધતિ દાખલ કરવા માટેના નિયમો બનાવવા દરખાસ્ત કરવામાં આવેલ છે તેમજ આ કાયદાની કલમ ૧૪૧(ખ) હેઠળ વેરાનો દર નક્કી કરવાનો થાય છે, રહેણાંક ઇમારતો માટે રૂા.૧૦/- થી રૂા.૪૦/- વચ્ચે અને બિનરહેણાંક ઇમારતો માટે રૂા.૨૦/- થી રૂા.૮૦/-ની વચ્ચે (પ્રતિ ચો.મી. મુજબ) વેરાનો દર નક્કી કરવાનો થાય છે. રાજકોટ મહાનગરપાલિકાની આવકમાં વધારો થાય તેમજ મિલકત ધારકોને વધુ બોજ ન આવે તે રીતે વેરાનો દર રહેણાંક ઇમારતો માટે રૂા.૧૧/- અને બિન રહેણાંક ઇમારતો માટે રૂા.૨૨/- પ્રતિ ચોરસમીટર માટે નિયત કરવા સુચવવામાં તેમજ લઘુતમ વેરો અનુક્રમે રહેણાંક માટે રૂા.૧૨૦/- અને બિનરહેણાંક માટે રૂા.૨૪૦/- પ્રતિ વર્ષ રાખવાનું સુચવવામાં આવે છે. ઉક્ત વિગતે કાર્પેટ એરિયા આધારિત વેરા પધ્ધતિનો અમલ રાજ્ય સરકારશ્રીની મંજુરી મળવાની શરતે તા.૦૧/૦૪/ ૨૦૧૮થી અમલ કરવા નિર્ણય કરવાનો થાય છે તેમ જણાવી, ઉક્ત વિગતે જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લેતા, રાજકોટ શહેરમાં, ધી બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ ૧૪૧(ખ) હેઠળ, કાર્પેટ એરિયા આધારિત વેરા પધ્ધતિ અન્વયેના રહેણાંક ઇમારતો માટે રૂા.૧૧/- અને બિનરહેણાંક ઇમારતો માટે રૂા.૨૨/- પ્રતિ ચોરસ મીટર માટે નિયત કરવા તેમજ લઘુતમ વેરો અનુક્રમે રહેણાંક માટે રૂા.૧૨૦/- અને બિનરહેણાંક માટે રૂા.૨૪૦/- પ્રતિ વર્ષ રાખવા તેમજ રાજ્ય સરકારશ્રીની મંજુરી મળવાની શરતે, ઉક્ત વિગતે કાર્પેટ એરિયા આધારિત વેરા પધ્ધતિનો તા.૦૧/૦૪/૨૦૧૮થી અમલ કરવા નિર્ણય કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

ઘટિત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તા.૦૯/૦૨/૨૦૧૮ સર્વાનુમતે મંજુર

(પુષ્કર પટેલ)
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

સ્ટે.ક.ઠ.નં.૩૭૬ **ઠરાવ** પરિપત્ર નં.૧૭
આ.નં.૦૮

ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ની કલમ-૯૫ અન્વયે અનુક્રમે ૨૦૧૭-૧૮ની સાલના અંદાજપત્રમાં વધારો-ઘટાડો કરવા તથા સને ૨૦૧૮-૧૯ની સાલનું આવક તથા ખર્ચનું અંદાજપત્ર અને તે અંગેની નોંધ મ્યુનિસિપલ કમિશનરશ્રી તરફથી તેમના પત્ર નં.૩૭૦ તા.૩૦/૦૧/૨૦૧૮ના રોજ સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

સૌપ્રથમ સને ૨૦૧૭-૧૮ની સાલના અંદાજપત્રમાં વધારો-ઘટાડો કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ, આ સાથેના પત્રકના કોલમ નં.૧૦ મુજબની દરખાસ્ત સંબંધે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. ચર્ચા-વિચારણાના અંતે, આ સાથેના પત્રકના કોલમ નં.૧૨માં દર્શાવ્યા પ્રમાણે ૨૦૧૭-૧૮નું રીવાઈઝ અંદાજપત્ર સુધારા-વધારા સહ મંજુર કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

સને ૨૦૧૮-૧૯ની સાલના અંદાજપત્રમાં આવક તથા ખર્ચ અંગેની કમિશનરશ્રીની દરખાસ્ત પરત્વે સંપૂર્ણ ચર્ચા-વિચારણા કરવામાં આવેલ છે, ચર્ચા-વિચારણાના અંતે, આવક તથા ખર્ચનું અંદાજપત્ર 'અ' મહેસુલ આવક તથા ખર્ચ ભાગ-૧(અ)(બ),મૂડી આવકખર્ચનું અંદાજપત્ર ભાગ-૨(અ)(બ), અનામત આવક-જાવક અંદાજપત્ર ભાગ-૪, એસ્ટાબ્લિશમેન્ટ શેડ્યુલ, સીંકીંગ ફંડ આવક-ખર્ચનું અંદાજપત્ર તથા સ્ટાફ પેન્શન ફંડ આવક-ખર્ચનું અંદાજપત્ર વિગેરે આ સાથેના પત્રકમાં કોલમ નં.૧૩થી તૈયાર કરવામાં આવેલ છે, જે મંજુર કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

આ ઉપરાંત ધી બી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૮ની સને ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષ માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સામાન્ય કર અને શિક્ષણ ઉપકર નિયત કરવા પત્ર નં.૩૭૧ તા.૩૦/૦૧/૨૦૧૮, પાણી દર નિયત કરવા પત્ર નં.૩૭૨ તા.૩૦/૦૧/૨૦૧૮, ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ નિયત કરવા પત્ર નં.૩૭૩ તા.૩૦/૦૧/૨૦૧૮, થિએટર ટેક્ષ નિયત કરવા પત્ર નં.૩૭૪ તા.૩૦/૦૧/૨૦૧૮, વાહન કર નિયત કરવા પત્ર નં.૩૭૫ તા.૩૦/૦૧/૨૦૧૮, ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ નિયત કરવા પત્ર નં.૩૭૬ તા.૩૦/૦૧/૨૦૧૮, મિલકત વેરામાં વળતર યોજના અમલમાં મુકવા પત્ર નં.૩૭૭ તા.૩૦/૦૧/૨૦૧૮, ઓનલાઈન પેમેન્ટમાં વળતર આપવા પત્ર નં.૩૭૮ તા.૩૦/૦૧/૨૦૧૮થી રજુ કરેલ આનુષાંગિક દરખાસ્તો પરત્વે અલગ અલગ ઠરાવો કરવાનું મુનાસિબ જણાય છે, તેથી તે માટે અલગ અલગ ઠરાવો કરવામાં આવેલ છે, તે અંદાજપત્ર સહ મંજુર કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

ઘટીત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તા.૦૯/૦૨/૨૦૧૮ સર્વાનુમતે મંજુર

(પુષ્કર પટેલ)
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

સ્ટે.ક.ઠ.નં.૩૭૭ **ઠરાવ** પરિપત્ર નં.૧૭
આ.નં.૦૯

આગામી વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે સામાન્ય કર અને શિક્ષણ ઉપકર નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૭૧ તા.૩૦/૦૧/૨૦૧૮ લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન જી.પી.એમ.સી. એક્ટ ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ સામાન્ય કર અન્ય અન્ય જુદા-જુદા અન્ય કરવેરા નિયત કરવાના થાય છે.

ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૪૧-બી અન્વયે ઇમારતોના કાર્પેટ એરીયા અને જમીનોના વિસ્તારના ચો.મી. દીઠ ટેક્સના દર અને નિયમો નિયત કરેલ છે. જનરલ બોર્ડના ઠરાવ નં.૫૭ તા.૧૮.૦૮. ૨૦૧૫ મંજુરી માટે સરકારશ્રીને મોકલાવેલ, પરંતુ સરકારશ્રીના પત્ર નં.૨મન /૮૦૨૦૧૫/૬૩૮/પી તા.૨૧.૦૬. ૨૦૧૬ દ્વારા ડિસેમ્બર-૨૦૧૫માં થયેલ ચુંટણી અન્વયે જનરલ બોર્ડમાં ફરીથી ઠરાવ કરાવી દરખાસ્ત મોકલવા જણાવેલ, ઇમારતોના કાર્પેટ અને જમીનોના વિસ્તારના ચો.મી. મુજબ નિયમો મંજુર કરવા માટે ગત વર્ષે અલગથી દરખાસ્ત કરવામાં આવેલ છે જે જ.બો. દ્વારા પરત કરવામાં આવેલ. આ વર્ષે આ અંગે ફરીથી પત્ર નં.૩૨૧ અને ૩૨૨ તા.૦૬.૦૧.૨૦૧૮ દ્વારા સ્થાયી સમિતિ મારફત જ.બો.માં નિર્ણય અર્થે દરખાસ્ત કરવામાં આવેલ છે. તેના પર નિર્ણય લેવાની પ્રક્રિયા ચાલુ છે. જે પરત્વે જ.બો. દ્વારા ઠરાવ થાય અને તેને સરકારશ્રીની મંજુરી મળે ત્યારબાદ અમલવારી ૦૧.૦૪.૨૦૧૮ થી કરવાની થશે. તેમજ તા.૩૧.૦૩.૨૦૧૮ સુધી હાલની પધ્ધતિ મુજબ વેરાની વસુલાત કરવાની રહે છે.

આમ ધી જી.પી.એમ.સી એક્ટની કલમ ૧૪૧–બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર અને શિક્ષણ ઉપકર નિયત કરવાના થાય છે જે નિર્દિષ્ટ વિગતે દર્શાવેલ છે.

નિર્દિષ્ટ વિગત મુજબની કર વસુલ કરવા કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લેતા, આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે, નીચે દર્શાવ્યા મુજબ, સામાન્ય કર અને શિક્ષણ ઉપકર નિયત કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરેલ છે.

<u>સામાન્ય કર :</u>

સને ૨૦૧૮-૧૯ના વર્ષ દરમ્યાન, જમીનો તથા મકાનો માટે નીચે જણાવેલ દરો મુજબ સામાન્ય કર લેવા દરખાસ્ત છે. જેમાં ધી બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૧૩૨માં જણાવેલ જમીનો તથા મકાનો કરમુક્ત રહેશે. કરપાત્ર કિંમતવાળા મકાનો તથા જમીન ઉપરનો સામાન્ય કર નીચે જણાવ્યા મુજબ રહેશે :

પ્રકાર	સામાન્ય કરના દર
રહેણાંક મિલ્કતો	રૂ.૧૧/- પ્રતિ ચો.મી.
બિન રહેણાંક મિલ્કતો	રૂ.૨૨/- પ્રતિ ચો.મી
લઘુતમ વેરો (રહેણાંક મિલ્કતો માટે)	રૂ.૨૫૦/-
લઘુતમ વેરો (બિન રહેણાંક મિલ્કતો માટે)	રૂ.૫૦૦/-

<u>શિક્ષણ ઉપકર ના દરો :</u>

સરકારશ્રીના ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ ૧૯૬૨ અન્વયેના વિધેયક કમાંક ૧૩/૨૦૦૬ તા.૧૬-૦૩-૨૦૦૬ અનુસાર ક્ષેત્રફળ આધારિત શિક્ષણ ઉપકરના દરો નીચે મુજબ રાખવા ભલામણ છે.

ક્રમ	વિગત	રહેણાંકની ઇમારતો માટે	રહેણાંક સિવાયની ઇમારતો માટે
૧	મિલકત વેરાની રકમ રૂ.૨૦૦ સુધી હોય તો	માફી	માફી
૨	મિલકત વેરાની રકમ રૂ.૨૦૦થી વધુ અને ૫૦૦ સુધી	૫ %	૧૦ %
૩	મિલકત વેરાની રકમ રૂ.૫૦૦થી વધુ અને ૩૦૦૦ સુધી	૧૦ %	૨૦ %
૪	મિલકત વેરાની રકમ રૂ.૩૦૦૦થી વધુ હોય તો	૧૫ %	૩૦ %

જો કલમ ૧૪૧-બી હેઠળ બનાવેલા નિયમો માટે સરકારશ્રીની મંજુરી ન મળે તેવા સંજોગોમાં કલમ ૧૨૭, ૧૨૯ હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં મંજુર થયા મુજબ સામાન્ય કર, સફાઇ કર, ડ્રેનેજ ટેક્ષ, દીવાબત્તી વેરો, ખુલ્લા પ્લોટ પરનો વેરો, થિએટર ટેક્ષ અને શિક્ષણ ઉપકર વિગેરે વસૂલ કરવાના રહેશે.

ઘટિત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તા.૦૯/૦૨/૨૦૧૮ **સર્વાનુમતે મંજુર**

(પુષ્કર પટેલ)
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે પાણી દર નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૭૨ તા.૩૦/૦૧/૨૦૧૮ લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન જી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તેમજ કલમ "૧૪૧(કક)" તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા નિયત કરવાનાં થાય છે. જે પૈકી વોટર ચાર્જ નિયત કરવાનો થાય છે.

પાણી દર :

હાલમાં પાણી વેરાના દર જ.બો.ઠ.નં.૪૭ તા.૧૮/૦૨/૨૦૦૮થી મંજુર થયા પ્રમાણે વસુલ કરવામાં આવે છે. શહેરને પાણી પુરુ પાડવા માટે અલગ અલગ સ્ત્રોતોથી તથા નર્મદા યોજનાનુ પાણી જંગી ખર્ચથી મેળવવામાં આવે છે. ઘણી વખત અપુરતા વરસાદના સંજોગોમાં નિયમિત પાણી વિતરણ કરવુ પડકારરુપ હોવા છતાં ગયા વર્ષે દૈનિક ૨૦ મિનીટ પાણી વિતરણ કરેલ છે. આ માટે અલગ અલગ જળાશયોથી પંપીગ કરવા માટે ઘણો ખર્ચ કરવો પડે છે. સને ૨૦૧૮-૧૯ના વર્ષમાં આ સંબંધે કુલ ખર્ચ રૂા.૧૧૮ કરોડ જેટલો થવાનો અંદાજ છે. હાલના પાણીના દર મુજબ ગણતરી કરીએ તો માત્ર ૨૭% જેટલી જ વસુલાત થાય છે. સ્માર્ટ સીટી યોજના હેઠળ પાત્રતા પ્રાપ્ત કરવા પાણી સંબંધે થતો મહેસુલી ખર્ચ વસૂલ કરવો જરુરી છે. આથી સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે પાણી વેરાના દર નીચે મુજબ સુચવવામાં આવે છે.

(અ) લો-રાઇઝ રહેણાંક તથા ફ્લેટ ટાઇપના મકાનો અને રહેણાંક સિવાયના મકાનો માટે નળ કનેકશન સાઇઝ પ્રમાણે પાણી પુરૂ પાડવા માટે ઉપયોગ પ્રમાણે દર કલેન્ડર માસ અથવા તેના ભાગ માટે નીચે પ્રમાણે પાણીના દર વસુલવો.

૧/૨ ઈંચ કનેકશનનો પ્રકાર	પાણી નો દર
રહેણાંક કનેકશન	વાર્ષિક રૂા. ૧૬૮૦/-
બીન-રહેણાંક કનેકશન	વાર્ષિક રૂા. ૩૩૬૦/-

(બ-૧) મીટરથી પાણી પુરૂ પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી દેવાનું ફરજીયાત હોય છતા મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે વસુલવો.

નળ કનેકશનની સાઈઝ	સરકાર માન્ય શૈક્ષણિક સંસ્થાઓ તેમજ સરકારી રહેણાંક ઉપયોગ માટે ઓછો માસિક દર રૂા.	બીન-રહેણાંક , બાંધકામ માટે નો ઓછામાં ઓછો માસિક દર રૂા.
૩/૪" (૨૦ મી.મી.)	૧૦૦૮	૮૧૨૦
૧" (૨૫ મી.મી.)	૧૬૮૦	૧૩૪૪૦
૧ ૧/૪" (૩૦ મી.મી.)	૨૫૨૦	૨૦૧૬૦
૧ ૧/૨" (૪૦ મી.મી.)	૪૨૦૦	૩૩૬૦૦
૨" (૫૦ મી.મી.)	૬૭૨૦	૫૩૭૬૦
૨ ૧/૨" (૬૫ મી.મી.)	૧૦૦૮૦	૮૦૬૪૦
૩" (૮૦ મી.મી.)	૧૬૮૦૦	૧૩૪૪૦૦
૪" (૧૦૦ મી.મી.)	૨૫૨૦૦	૨૦૧૬૦૦
૬" (૧૫૦ મી.મી.)	૩૭૮૦૦	૩૦૨૪૦૦
૮" (૨૦૦ મી.મી.)	૫૦૪૦૦	૪૦૩૨૦૦
૧૨" (૩૦૦ મી.મી.)	૬૭૨૦૦	૫૩૭૬૦૦

(બ-૨) શહેરમાં એ.ઓ.પી.વાળા રહેણાંક મકાનો કે જેમાં મીટરથી પાણી પુરૂ પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી દેવાનું ફરજીયાત હોય છતાં મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાનો ઓછામાં ઓછો દર નીચે પ્રમાણે વસુલ કરવો.

નળ કનેકશનની સાઈઝ	રહેણાંક મકાનો માટેનો ઓછામાં ઓછો માસિક દર
૩/૪" (૨૦ મી.મી.)	૬૦૪
૧" (૨૫ મી.મી.)	૧૦૦૮
૧ ૧/૪" (૩૦ મી.મી.)	૧૫૧૨
૧ ૧/૨" (૪૦ મી.મી.)	૨૫૨૦
૨" (૫૦ મી.મી.)	૪૦૩૨
૨ ૧/૨" (૬૫ મી.મી.)	૬૦૪૮
૩" (૮૦ મી.મી.)	૧૦૦૮૦
૪" (૧૦૦ મી.મી.)	૧૫૧૨૦
૬" (૧૫૦ મી.મી.)	૨૨૬૮૦
૮" (૨૦૦ મી.મી.)	૩૦૨૪૦
૧૨" (૩૦૦ મી.મી.)	૪૦૩૨૦

(ક) મીટરથી લેવામાં આવતા પાણીના સરકાર માન્ય શાળા માટે રૂ. ૩૦/- તેમજ રહેણાંક ઉપયોગ માટે રૂ.૨૦/- દર ૧૦૦૦ દર લીટર દીઠ તેમજ સરકાર માન્ય શાળા તેમજ રહેણાંક સિવાયનાં જેવા કે બાગ-બગીચા, ઉધાન, વ્યવસાયિક ઉપયોગ માટે દર ૧૦૦૦ લીટર દીઠ રૂ. ૧૬૦/- અથવા લઘુતમ ઉપરોક્ત દરના ૨૫ % દર એ બેમાંથી વધારે હોય તે વસુલ કરવો.
૩/૮" (૧૦ મી.મી) સાઇઝના નળ કનેકશન માટે નો પાણી કર, ૧/૨" (૧૫ મી.મી) ના નિયત દર પ્રમાણે કરી તે પ્રમાણે વસુલ કરવો.

ઉપર મુજબનો ચાર્જ વસુલ કરવા અંગે જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લઇ વિસ્તૃત ચર્ચા વિચારણા કરતા, કમિશનરશ્રીએ પાણી દરમાં સુચવેલ વધારા અંગેની આ દરખાસ્ત "નામંજુર" કરવા તેમજ જ.બો.ઠ.નં.૭૩ તા.૧૮/૦૨/૨૦૧૭ અન્વયે વર્ષ ૨૦૧૭-૧૮ માટે પાણી ચાર્જનો જે દર મંજુર કરવામાં આવેલ છે તે દર મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ માટે પાણી ચાર્જ વસુલ કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

ઘટિત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તા.૦૯/૦૨/૨૦૧૮ સર્વાનુમતે મંજુર

(પુષ્કર પટેલ)
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

સ્ટે.ક.ઠ.નં.૩૭૯ **ઠરાવ** **પરિપત્ર નં.૧૭**
આ.નં.૧૧

આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૭૩ તા.૩૦/૦૧/૨૦૧૮ લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ સામાન્ય કર અન્ય જુદા-જુદા અન્ય કરવેરા નિયત કરવાના થાય છે, જે નીચેની વિગતે દર્શાવેલ છે.

<u>ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ</u> :

સને ૨૦૧૮-૨૦૧૯ના વર્ષથી કારપેટ એરિયા પધ્ધતિનો અમલ કરવાનો હોઇ તથા તેમા ખુલ્લા પ્લોટ ઉપર ટેક્સ વસુલ કરવાનુ પ્રાવધાન હોવાથી જ.બો.ઠ.નં.૬૭ તા.૧૮.૦૨.૨૦૧૭થી મંજુર થયા પ્રમાણેનો ટેક્ષ વસુલવાનુ તા.૦૧.૦૪.૨૦૧૮થી બંધ કરવાનુ રહેશે. જો કાર્પેટ એરિયા આધારિત પધ્ધતિમાં ખુલ્લા પ્લોટ પરના ટેક્ષ બાબત અમલ કરવાનુ મુલતવી રાખવામાં આવેતો જ.બો.ઠ. નં.૬૭ તા.૧૮.૦૨.૨૦૧૭થી મંજુર થયા પ્રમાણેનો ટેક્ષ વસુલવાનું યથાવત રહેશે.

ઉપરોકત મુજબની કર વસુલ કરવા અંગે જરૂરી ઠરાવ અર્થે કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લઇ વિસ્તૃત ચર્ચા વિચારણા કરતા, કમિશનરશ્રીએ ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ નિયત કરવા અંગેની રજુ કરેલ આ દરખાસ્ત "નામંજુર" કરવા તથા જ.બો.ઠ.નં.૬૭ તા.૧૮/૦૨/૨૦૧૭ અન્વયે વર્ષ ૨૦૧૭-૧૮ માટે ખુલ્લા પ્લોટ ઉપર જે દરે ટેક્ષ વસુલ કરવાનું મંજુર કરવામાં આવેલ છે તે મુજબના દરે વર્ષ ૨૦૧૮-૧૯ માટે ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ વસુલવાનું મંજુર કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

ઘટિત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તા.૦૯/૦૨/૨૦૧૮ સર્વાનુમતે મંજુર

(પુષ્કર પટેલ)
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

સ્ટે.ક.ઠ.નં.૩૮૦ **ઠરાવ** પરિપત્ર નં.૧૭
આ.નં.૧૨

આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે થિએટર ટેક્ષ નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૭૪ તા.૩૦/૦૧/૨૦૧૮નો લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ સામાન્ય કર અન્ય જુદા-જુદા કરવેરા નિયત કરવાના થાય છે. જે અન્વયે નિર્દિષ્ટ વિગતે થિએટર ટેક્ષ નિયત કરવાનો થાય છે.

નિર્દિષ્ટ કરેલ વિગત મુજબની કર વસુલ કરવા જરૂરી ઠરાવ અર્થે કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લેતા, આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે નીચે દર્શાવેલ વિગતે, થિએટર ટેક્ષ નિયત કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

(અ) સિનેમાના પ્રત્યેક શો દીઠ..... રૂા.૧૦૦/-

ઘટિત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તા.૦૯/૦૨/૨૦૧૮ સર્વાનુમતે મંજુર

(પુષ્કર પટેલ)
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

સ્ટે.ક.ઠ.નં.૩૮૧ **ઠરાવ** પરિપત્ર નં.૧૭

આ.નં.૧૩

આગામી વર્ષ ૨૦૧૮-૧૯ માટે વાહન કર નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૭૫ તા.૩૦/૦૧/૨૦૧૮નો લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન જી.પી.એમ.સી.એક્ટ–૧૯૪૯ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તેમજ કલમ "૧૪૧(કક)" તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા નિયત કરવાના થાયછે. જે પૈકી વાહન કર નિયત કરવાનો થાય છે.

વાહન કર :

શહેરમાં પ્રતિ વર્ષ અંદાજે ૫૦૦૦૦ જેટલા નવા વાહનોનો ઉમેરો થાય છે, પરિણામે પાર્કીંગ અને ટ્રાફિક નિયમનની સમસ્યાઓ થાયછે. આ માટે વાહન કરમાં ફેરફાર કરવો જરૂરી જણાય છે. સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૨૭ હેઠળ વાહન કરનો દર નીચેની વિગતે આજીવન કર તરીકે નિયત કરવા યોગ્ય જણાય છે.

અ.નં.	વાહનનો પ્રકાર	આજીવન કરનો દર
૧	બિન યાંત્રિક વાહનો	શુન્ય (કરમુકત)
૨	યાંત્રિક વાહનો	બેઝીક + જી.એસ.ટી પ્રાઇઝના ૨.૫% લેખે

વળતર : -

